Pages 8 કિંમત Rs. 2/- email : gujarati@westerntimes.co.in www.westerntimesnews.in

અમદાવાદથી પ્રસિધ્ધ થતું અંગ્રેજી અને ગુજરાતી દૈનિક

# વેસ્ટર્ન ટાઈમ્સ

સ્થાપક તંત્રી: સ્વ. રામુ પટેલ તંત્રી : નિકુંજ પટેલ WESTERN TIMES (AHMEDABAD) ગુજરાતી ડેઈલી

Postal Reg. No. G-GNR-320
Valid upto 31-12-2026
Posting at RMS Ahmedabad

શનિવાર, તા.૧૮ મે, ૨૦૨૪

18/5/2024 * VOL : 44 * N0. 244 સંવત- ૨૦૮૦, વૈશાખ સુદ-૧૦

Owned, Printed & Published by Nikunj R. Patel on behalf of Western Times Pub. Pvt. Ltd. Printed at & Published from Western Times Pub. Pvt. Ltd. Survey No. 1315P, Opp. Ramapir Temple, Shilaj, Ahmedabad Editor : Nikunj R. Patel RNI Regn. No. GUJ/46323/86. Reg. Office : 301, 3rd Floor, Gala Argos, B/h. Hari Krupa Tower, Ellisbridge, Ahmedabad-380 006. (Gujarat) Phone : 079-26402880 Advt. : 079-26402881

**આજનો સુવિચાર**
માણસે જ્યારે ભુજબળને બદલે ભાગ્યબળને આધીન થવાનું વિચારે છે ત્યારે એનું અડધું આત્મબળ ખતમ થઈ જાય છે

## લીકર પોલિસીમાં ઈડીની મોટી કાર્યવાહી

# આમ આદમી પાર્ટીને જ આરોપી બનાવી

### ઈડીએ કેજરીવાલ અને પાર્ટી સામે દાખલ કરી ચાર્જશીટ

**નવી દિલ્હી,** ઈડીએ કથિત લિકર કૌભાંડ મામલે આમ આદમી પાર્ટી અને દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ બંને વિરૂદ્ધ ચાર્જશીટ દાખલ કરી છે. ઈડીએ રાઉઝ એવેન્યૂ કોર્ટમાં દાખલ સપ્લીમેન્ટ્રી ચાર્જશીટમાં મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલની સાથો સાથ હવે તેમની પાર્ટીને પણ આરોપી બનાવવામાં આવી છે.

ઈડીએ કથિત લિકર કૌભાંડ મામલે આમ આદમી પાર્ટી અને દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ બંને વિરૂદ્ધ ચાર્જશીટ દાખલ કરી છે. ઈડીએ રાઉઝ એવેન્યૂ કોર્ટમાં દાખલ સપ્લીમેન્ટ્રી ચાર્જશીટમાં મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલની સાથો સાથ હવે તેમની પાર્ટીને પણ આરોપી બનાવવામાં આવી છે.

આમ આદમી પાર્ટી વિરૂદ્ધ ચાર્જશીટ દાખલ થયા બાદ હવે પાર્ટીના પદાધિકારીઓની મુશ્કેલીઓ વધી શકે છે. પાર્ટીના સંયોજક હોવાના નાતે અરવિંદ કેજરીવાલની મુશ્કેલી હજુ વધી શકે છે. ઈડીએ સુપ્રીમ કોર્ટને જણાવ્યું કે, 'તેને આબકારી નીતિ મામલે આરોપીની કથિત આવકના સંબંધમાં અરવિંદ કેજરીવાલ અને હવાલા ઓપરેટરો વચ્ચે ચેટ અંગે જાણ થાય છે.'

તપાસ એજન્સીએ દાવો કર્યો કે, જ્યારે કેજરીવાલે પોતાના ફોન અને અન્ય ઉપકરણોનો પાસવર્ડ આપવાની ના પાડી તો હવાલા ઓપરેટરોએ ડિવાઈસથી ચેટ મેળવી. સુપ્રીમ કોર્ટે દિલ્હી લિકર પોલિસી મામલે દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલને ૧ જૂન સુધી વચગાળાના જામીન આપી દીધા છે. જોકે, આ દરમિયાન તેઓ સીએમ ઓફિસ અને દિલ્હી સચિવાલય નહીં જઈ શકે. કોર્ટે કેજરીવાલને ૨ જૂને સરેન્ડર કરવાના નિર્દેશ આપ્યા હતા.

ઈડી તરફથી રજૂ થતા સૉલિસિટર જનરલ એસવી રાજૂએ ગુરૂવારે (૧૬ મે) સુપ્રીમ કોર્ટના જસ્ટિસ સંજીવ ખન્ના અને જસ્ટિસ દીપાંકર દત્તાની પીઠને કહ્યું કે, 'અમે અરવિંદ કેજરીવાલ અને આમ આદમી પાર્ટી વિરૂદ્ધ ચાર્જશીટ દાખલ કરવાનો પ્રસ્તાવ કરી રહ્યા છીએ.'

એસવી રાજૂએ દાવો કર્યો હતો કે, તપાસ એજન્સીની પાસે આ સાબિત કરવા માટે જરૂરી પૂરાવા છે




### હવે પાર્ટીના પદાધિકારીઓની મુશ્કેલીઓ વધી શકે છે

કે કેજરીવાલને ૧૦૦ કરોડ રૂપિયાની લાંચની માંગ કરી હતી, જેનો ઉપયોગ આમ આદમી પાર્ટીએ ગોવા વિધાનસભા ચૂંટણી અભિયાનમાં કર્યો હતો. એસવી રાજૂએ સુપ્રીમ કોર્ટને કહ્યું કે, 'અમારી પાસે પ્રત્યક્ષ પ્રમાણ છે કે કેજરીવાલ એક સેવેન સ્ટાર હોટલમાં રોકાયા હતા, જેના બિલની અમૂક ચૂકવણી એક આરોપીએ કરી હતી.'

દિલ્હીની આબકારી નીતિના કહેવાતા શરાબ ગોટાળા સાથે સંકળાયેલા મની લોંડરિંગ કેસમાં મુખ્ય પ્રધાન અરવિંદ કેજરીવાલ, આપના સાંસદ સંજય સિંહ અને દિલ્હીના પૂર્વ નાયબ મુખ્ય પ્રધાન મનીષ સિસોદિયાની ધરપકડ કરવામાં આવી હતી, જેમાં સંજયસિંહ અને અરવિંદ કેજરીવાલને જામીન મળી ગયા છે, જ્યારે મનીષ સિસોદિયા હજુ જેલમાં છે.

આમ આદમી પાર્ટી વિરૂદ્ધ ચાર્જશીટ દાખલ થયા બાદ હવે પાર્ટીના પદાધિકારીઓની મુશ્કેલીઓ વધી શકે છે. પાર્ટીના સંયોજક હોવાના નાતે અરવિંદ કેજરીવાલની મુશ્કેલી હજુ વધી શકે છે. ઈડીએ સુપ્રીમ કોર્ટને જણાવ્યું કે, 'તેને આબકારી નીતિ મામલે આરોપીની કથિત આવકના સંબંધમાં અરવિંદ કેજરીવાલ અને હવાલા ઓપરેટરો વચ્ચે ચેટ અંગે જાણ થાય છે.' તપાસ એજન્સીએ દાવો કર્યો કે, જ્યારે કેજરીવાલે પોતાના ફોન અને અન્ય ઉપકરણોનો પાસવર્ડ આપવાની ના પાડી તો હવાલા ઓપરેટરોએ ડિવાઈસથી ચેટ મેળવી. સુપ્રીમ કોર્ટે દિલ્હી લિકર પોલિસી મામલે દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલને ૧ જૂન સુધી વચગાળાના જામીન આપી દીધા છે. જોકે, આ દરમિયાન તેઓ સીએમ ઓફિસ અને દિલ્હી સચિવાલય નહીં જઈ શકે. કોર્ટે કેજરીવાલને ૨ જૂને સરેન્ડર કરવાના નિર્દેશ આપ્યા હતા.

ઈડી તરફથી રજૂ થતા સૉલિસિટર જનરલ એસવી રાજૂએ ગુરૂવારે (૧૬ મે) સુપ્રીમ કોર્ટના જસ્ટિસ સંજીવ ખન્ના અને જસ્ટિસ દીપાંકર દત્તાની પીઠને કહ્યું કે, અમે અરવિંદ કેજરીવાલ અને આમ આદમી પાર્ટી વિરૂદ્ધ ચાર્જશીટ દાખલ કરવાનો પ્રસ્તાવ કરી રહ્યા છીએ. એસવી રાજૂએ દાવો કર્યો હતો કે, તપાસ એજન્સીની પાસે આ સાબિત કરવા માટે જરૂરી પૂરાવા છે કે કેજરીવાલને ૧૦૦ કરોડ રૂપિયાની લાંચની માંગ કરી હતી.

## સંક્ષિપ્ત સમાચાર

### નેપાળે એમડીએચ અને એવરેસ્ટના મસાલા ઉપર પ્રતિબંધ લાદ્યો

**(એજન્સી)નવી દિલ્હી,** સિંગાપોર અને હોંગકોંગ બાદ હવે નેપાળે પણ બે ભારતીય મસાલા બ્રાન્ડ એવરેસ્ટ અને એમડીએચના વેચાણ, વપરાશ અને આયાત પર પ્રતિબંધ લગાવી દીધો છે. નેપાળના ખાદ્ય પ્રૌદ્યોગિકી અને ગુણવત્તા નિયંત્રણ વિભાગે આ મસાલામાં જંતુનાશક ઈથિલિન ઓક્સાઈડ હોવાની આશંકા વચ્ચે આ નિર્ણય લીધો છે. આ મસાલામાં ઈથિલિન ઓક્સાઈડની તપાસ શરૂ કરવામાં આવી છે.નેપાળના ફૂડ ટેક્નોલોજી વિભાગના પ્રવક્તા મોહન કૃષ્ણ મહારાજને જણાવ્યું કે એવરેસ્ટ અને એમડીએચ બ્રાન્ડના મસાલાની આયાત પર પ્રતિબંધ લગાવી દેવામાં આવ્યો છે. અમે બજારમાં આ મસાલાના વેચાણ પર પણ પ્રતિબંધ મૂક્યો છે. આ મસાલામાં હાનિકારક રસાયણો હોવાના સમાચાર મળ્યા બાદ આ પગલું ભરવામાં આવ્યું છે. આ બંને બ્રાન્ડના મસાલામાં ખતરનાક કેમિકલની તપાસ ચાલી રહી છે.

### ઉત્તરાખંડ સરકારે ૩૧મી મે સુધી વીઆઈપી દર્શન પર પ્રતિબંધ મુક્યો

**(એજન્સી)દેહરાદુન,** ચારધામ યાત્રા પર ભીડ વધવાના કારણે ઉત્તરાખંડ સરકારે મોટો નિર્ણય લીધો છે. ઉત્તરાખંડ સરકારે ૩૧મી મે સુધી વીઆઈપી દર્શન પર પ્રતિબંધ મુકાયો છે. આ સાથે હરિદ્વાર અને ઋષિકેશમાં ઓફલાઈન રજીસ્ટ્રેશન ૧૯મી મે સુધી બંધ રાખવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. ચારધામ યાત્રા ૧૦મી મેના રોજ શરૂ થઈ હતી. મુખ્ય સચિવ રાધા રાતુરીએ ૩૧મી મે સુધી ફૈં દર્શન પર પ્રતિબંધ મૂકતો પત્ર જાહેર કર્યો છે. આ ઉપરાંત સરકારે ચારધામના સરળતાથી દર્શન કરવા માટે શ્રદ્ધાળુઓનું રજીસ્ટ્રેશન ફરજિયાત કરી દીધુ છે. હવે જે દિવસે રજીસ્ટ્રેશન થયું છે તે જ દિવસે દર્શન થશે. આ પહેલા ૩૦મી એપ્રિલે રાજ્યોના મુખ્ય સચિવોને પત્ર લખીને ૨૫મી મે સુધી વીઆઈપી દર્શનની વ્યવસ્થા રોકવાનો આદેશ આપ્યો હતો.

### ચલણી નોટોના કતરણથી ભરેલી બોરી રસ્તા પરથી મળી

**(એજન્સી)ઉન્નાવ,** ઉત્તર પ્રદેશના ઉન્નાવ જિલ્લામાં કતરણથી ભરેલી એક બોરી રસ્તા પર પડેલી મળી આવી હતી. કરન્સી કતરણથી ભરેલી બોરી જોઈને ત્યાંનાં લોકોમાં કુતૂહલ સર્જાયું હતું. આ કરન્સીની થેલી ક્યાંથી આવી? આ કાળું નાણું છે, જેનો નાશ કરીને રસ્તા પર આકસ્મિક રીતે ફેંકી દેવામાં આવી છે? જેવા જાત જાતના પ્રશ્નો લોકો કરી રહ્યા છે. રસ્તાના કિનારે પડેલી આ બોરીનો વીડિયો પણ સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે. કાઢી નાખવામાં આવેલી કતરણમાં ૧૦ રૂપિયાથી લઈને ૫૦૦ રૂપિયા સુધીની નોટો સામેલ છે. પોલીસે કહ્યું કે આ મામલો ધ્યાનમાં લેવામાં આવ્યો છે. આ નોટોની કતરણની તપાસ કરવામાં આવી રહી છે.

## સીએમ હાઉસમાં સ્વાતી માલીવાલ પર હુમલાની ફરિયાદ

**(એજન્સી)નવી દિલ્હી,** આમ આદમી પાર્ટી ના રાજ્યસભા સાંસદ સ્વાતિ માલીવાલ સાથે ગેરવર્તણૂકના મામલાનો એક નવો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે. જેમાં સ્વાતિ માલીવાલ સીએમ હાઉસની અંદર બેઠી જોવા મળી રહી છે, જ્યાં કેટલાક કર્મચારીઓ તેમને બહાર જવા માટે કહે છે. આ દરમિયાન તે બિભવ પર ગુસ્સે થઈ રહી છે. આ વીડિયો સામે આવ્યા બાદ સ્વાતિ માલીવાલની પહેલી પ્રતિક્રિયા પણ સામે આવી છે.

આમ આદમી પાર્ટીના રાજ્યસભા સભ્ય સ્વાતિ માલીવાલે પોતાની સાથે ઘટેલી મારપીટની ઘટનાના ત્રણ દિવસ બાદ પોલીસમાં એફઆઈઆર નોંધાવી છે. બે પાનાની એફઆઈઆરમાં દિલ્હી મહિલા આયોગના પૂર્વ અધ્યક્ષે ૧૩મી મેના રોજ સીએમ અરવિંદ કેજરીવાલના ઘર પર ઘટેલી ઘટનાનું વિસ્તૃત વિવરણ આપ્યું છે. તેમણે એફઆઈઆરમાં સીએમના ઘરે જવાથી લઈને ત્યાં મારપીટ બાદ પોલીસ સ્ટેશન જવા અને ત્યાંથી પછી પોતાના ઘરે પાછા ફરવા સુધીની ઘટના જણાવી છે. સ્વાતિ માલીવાલે શુક્રવારે મેટ્રોપોલિટન મેજિસ્ટ્રેટની સામે પણ પોતાનું નિવેદન નોંધાવ્યું છે. તીસ હજારી કોર્ટના એમએમ કાત્યાયની શર્મા કદવાલ સામે માલીવાલે આખી ઘટના દોહરાવી.

સ્વાતિ માલીવાલે દિલ્હી પોલીસને જે ફરિયાદ કરી છે તેમાં ખુબ જ ગંભીર આરોપ લગાવવામાં આવ્યા છે. દિલ્હી મહિલા આયોગના પૂર્વ અધ્યક્ષે કહ્યું કે બિભવકુમારે કોઈ પણ ઉશ્કેરણી વગર તેમના પર હુમલો કર્યો અને ખરાબ રીતે મારપીટ કરી. સ્વાતિએ એટલે સુધી કહ્યું છે કે બિભવે શરીરના અનેક ભાગો પર હુમલો કર્યો. તે દુખાવાથી કણસતી રહી પરંતુ તેને દયા ન આવી. સ્વાતિએ પોતાની ફરિયાદમાં કહ્યું છે કે તે ૧૩મી મેના રોજ સીએમ આવાસ પર ગઈ હતી. બિભવકુમાર સાથે મુલાકાત ન થઈ શકવાના કારણે તે સીએમના ઘરે ગઈ અને તેમની મુલાકાતની રાહ જોતા ડ્રોઈંગ રૂમમાં બેઠા હતા. સ્વાતિના જણાવ્યાં મુજબ સીએમ તેમને મળવાના હતા પરંતુ અચાનક ત્યારે જ કેજરીવાલના અંગત સચિવ બિભવકુમાર રૂમમાં ઘૂસી ગયા હતા.



## ૧૦ રાજ્યમાં આગ ઝરતી ગરમી પડશે

### સરેરાશ કરતાં વધુ વરસાદની આગાહી કરી: ભારે પવન સાથે અનેક રાજ્યોમાં થશે વરસાદ

**(એજન્સી)નવી દિલ્હી,** દેશના ગુજરાત ઉત્તર પ્રદેશ, રાજસ્થાન સહિત ૧૦ રાજ્યમાં દિવસેને દિવસે ગરમીનું પ્રકોપ વધી રહ્યો છે અને આગામી ૩થી ૪ દિવસ આકરી ગરમી પડવાની આગાહી કરવામાં આવી છે. જોકે, હવામાન વિભાગે આ વર્ષે દેશમાં ચોમાસા દરમ્યાન સારો વરસાદ પડવાની પણ આગાહી કરી છે. દેશના અનેક રાજ્યોમાં હાલ લોકો આગ ઝરતી ગરમીનો સામનો કરી રહ્યા છે, ત્યારે લોકોને હવે આકરી ગરમીમાંથી રાહત મળવાની આશા છે. આઈએમડી(હવામાન વિભાગ) એ રાહતના સમાચાર આપ્યા છે. આઈએમડી અનુસાર કેરળમાં દક્ષિણ-પશ્ચિમ ચોમાસાનું આગમન ૩૧ મેની આસપાસ થવાની ધારણા છે. ચોમાસુ ૨૨ રાજ્યોમાંથી પસાર થશે અને અંતે રાજસ્થાન પહોંચશે. આ સિવાય ૧૦ રાજ્યોમાં પણ હીટવેવની આગાહી કરવામાં આવી છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર ૧૦ રાજ્યોમાં લગભગ ૪ દિવસ સુધી હીટવેવ રહેવાની શક્યતા છે. પંજાબ, હરિયાણા, દિલ્હી, રાજસ્થાન, ગુજરાત, યુપી, એમપી, બિહાર, ઝારખંડ અને બંગાળમાં ગુરુવારથી ૪ થી ૫ દિવસ સુધી હીટવેવની પ્રબળ સંભાવના છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર દક્ષિણ-પશ્ચિમ ચોમાસું કેરળમાંથી પ્રવેશ કરશે. આ પછી તે ઉત્તર તરફ આગળ વધે છે. ૧૫ જુલાઈની આસપાસ, ચોમાસું આખા દેશને આવરી લે છે, જેના કારણે લોકોને ભારે પવન, તોફાન અને વરસાદ વગેરે જોવા મળે છે. આઈએમડીના મહાનિર્દેશક મૃત્યુંજય મહાપાત્રાએ કહ્યું, ચોમાસુ વહેલું નથી; આ સામાન્ય તારીખની નજીક છે. ગયા મહિને જ હવામાન વિભાગે જૂનથી સપ્ટેમ્બર દરમિયાન દક્ષિણ-પશ્ચિમ ચોમાસા દરમિયાન સરેરાશ કરતાં વધુ વરસાદની આગાહી કરી હતી. જૂન અને જુલાઈને કૃષિ માટે સૌથી મહત્વપૂર્ણ ચોમાસાના મહિના ગણવામાં આવે છે કારણ કે ખરીફ પાકની મોટાભાગની વાવણી આ સમયગાળા દરમિયાન થાય છે. આ ઉપરાંત હવામાન વિભાગે આ વર્ષે પણ સરેરાશ કરતાં વધુ વરસાદની આગાહી કરી છે તો તે દેશના કૃષિ ક્ષેત્ર માટે ખૂબ જ સારા સમાચાર છે. ગયા વર્ષે એટલે કે ૨૦૨૩માં, અનિયમિત હવામાનને કારણે કૃષિ ક્ષેત્રને અસર થઈ હતી.

## સપા-કોંગ્રેસ સત્તામાં આવશે તો રામલલા તંબુમાં જતા રહેશે: મોદી

**(એજન્સી)બારાબંકી,** વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ શુક્રવારે સમાજવાદી પાર્ટી અને કોંગ્રેસ સામે તીખાં પ્રહાર કરતાં કહ્યું કે જો ઈન્ડિયા ગઠબંધન સત્તામાં આવશે તો આ લોકો અયોધ્યામાં રામમંદિર પર બુલડોઝર ફેરવી નાખશે. પીએમ મોદીએ વધુમાં કહ્યું કે સપા-કોંગ્રેસના નેતાઓએ યુપીના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથથી એ શીખવા માટે ટ્યૂશન લેવું જોઈએ કે બુલડૉઝર ક્યાં ચલાવવું છે?

પીએમ મોદીએ યુપીના બારાબંકીમાં એક રેલીને સંબોધતાં કહ્યું કે જો સપા અને કોંગ્રેસ સત્તામાં આવશે તો રામલલા ફરી એકવાર તંબુમાં જતા રહેશે અને તે રામમંદિર પર બુલડૉઝર ફેરવી નાખશે. તેમણે યોગીથી ટ્યૂશન લેવું જોઈએ કે બુલડૉઝર ક્યાં ફેરવવું છે અને ક્યાં નહીં? પીએમ મોદીએ કહ્યું કે ભાજપના નેતૃત્વ હેઠળનું ગઠબંધન દેશની ભલાઈ માટે કામ કરી રહ્યું છે. પીએમ મોદીએ કહ્યું કે જેમ જેમ ચૂંટણી આગળ વધી રહી છે તેમ તેમ ઈન્ડિયાગઠબંધનના સભ્યો તૂટવાં લાગ્યા છે. ભાજપની હેટ્રિકનો દાવો કરતાં પીએમ મોદીએ કહ્યું કે ઈન્ડિયા ગઠબંધન દેશમાં અસ્થિરતા પેદા કરવા માટે લોકસભા ચૂંટણી લડી રહ્યું છે. અખિલેશ સામે કટાક્ષ કરતાં પીએમ મોદીએ કહ્યું કે અખિલેશને મમતા બેનરજીના સ્વરૂપમાં નવા ફોઈ મળી ગયા છે. તે બંગાળમાં છે. ફોઈએ કહી દીધું છે કે તે ઈન્ડિયા ગઠબંધનને ટેકો આપશે પણ બહારથી જ.

## ચૂંટણી પંચને મતદાન બાદ વોટનો રેકોર્ડ અપલોડ કરવા સુપ્રીમ કોર્ટનું સૂચન

**નવી દિલ્હી,** સુપ્રીમ કોર્ટે ભારતના ચૂંટણી પંચના વકીલને મતદાન મથકો પર નોંધાયેલા મતોના રેકોર્ડને તાત્કાલિક અપલોડ કરવા માટે ચૂંટણી પંચ પાસેથી સૂચનાઓ માંગવા જણાવ્યું છે.

દેશભરમાં ચૂંટણીનો માહોલ છે. લોકસભા ચૂંટણીના ચાર તબક્કા પૂર્ણ થયા છે. હવે પાંચમા તબક્કાની ચૂંટણી ૨૦ મેના રોજ યોજાવાની છે. દરમિયાન, મતદાન મથકો પર નોંધાયેલા મતોના રેકોર્ડને તાત્કાલિક અપલોડ કરવાના નિર્દેશની માંગ કરતી અરજી સુપ્રીમ કોર્ટમાં કરવામાં આવી હતી. આ મામલે આજે કોર્ટમાં સુનાવણી થઈ હતી. સુપ્રીમ કોર્ટે ભારતના ચૂંટણી પંચ ના વકીલને ૨૦૨૪ની લોકસભામાં મતદાનના દરેક તબક્કાના અંત પછી તમામ મતદાન મથકો પર નોંધાયેલા મતોના રેકોર્ડને તાત્કાલિક અપલોડ કરવાના નિર્દેશોની માગણી કરતી ચૂંટણી પંચની અરજી પર પોતાનો જવાબ દાખલ કરવા જણાવ્યું હતું.

## પ.બંગાળના માલદામાં વીજળી પડવાના કારણે ૧૧ લોકોનાં મોત

**(એજન્સી)માલદા,** પશ્ચિમ બંગાળના માલદામાં વીજળી પડવાના પગલે ગુરુવારે રાતે ૧૧ લોકોનાં મોત થયા હતા. એમ કહેવાઈ રહ્યું છે કે વીજળી પડવા દરમિયાન મૃત્યુ પામનાર આ તમામ લોકો ભારે પવન પછી પડેલા વરસાદ પગલે કેરીના આંબાઓ પરથી નીચે પડી ગયેલી કેરીઓને એકઠી કરવા માટે કેરીના બગીચાઓમાં ગયા હતા.


માલદા તાલુકાના સત્તાવાળાઓએ પ્રત્યેક મૃતકોના પરિવારના સભ્યોને ૨ લાખ રૂપિયાની નાણાંકીય સહાય કરવાનો નિર્ણય લીધો છે. આ અંગે સોશિયલ મીડિયા પર મમતા બેનર્જીએ પોસ્ટ કરી હતી. તેમણે કહ્યું કે મારી સહાનુભુતિ વીજળી પડવાના કારણે મૃત્યુ પામેલા લોકોના પરિવારની સાથે છે. હું ઘટનામાં જે લોકોને ઈજા થઈ છે, તેઓ ઝડપથી રિકવર થઈ જાય, તેવી પ્રાર્થના કરું છું. સાહાપુરમાં ચંદન સહાની, રાજ મરીધ્ધા, મનજીત મંડલ જ્યારે ખેતરમાંથી કેરીઓને એકત્રિત કરી રહ્યાં હતા, ત્યારે અચાનક જ તેમના માથા પર વીજળી પડતા તેમના મોત થયાં હતા. ગાજોલમાં આસિત સાહા પણ ખેતરમાં કેરી એકત્રિત કરી રહ્યાં હતા, ત્યારે તેમના માથા પર વીજળી પડતા તેમનું મોત થયું હતું. અતુલ મંડલ, શેખ સબરુલ, રાણા શેખ નિહાતુલામાં જ્યારે કેરી એકત્રિત કરતા હતા, ત્યારે તેમના માથા પર વીજળી પડતા, તેમનું મોત થયું હતું. જ્યારે સુમિત્રા મોડોલ, પંકજ મોડોલ ડાંગરના ખેતરમાં કામ કરી રહ્યાં હતા, ત્યારે તેમના માથા પર વીજળી પડી હતી અને તેમનું મૃત્યું થયું હતું. નયન રે અને પ્રિયંકા સિંહ શણના ખેતરમાં કામ કરી રહ્યાં હતા. ઉલ્લેખનીય છે કે માલદાની ફાજલી, હિમસાગર અને લક્ષ્મણભોગ કેરીઓ ખૂબ જ જાણીતી છે.

H.K.TRAVELS




અમદાવાદથી જબલપુર વાયા ઇન્દોર, ભોપાલ રાત્રે ૮ વાગ્યે
અમદાવાદથી નાગપુર વાયા ઈન્દોર, બૈતૂલ બપોરે ૧.૩૦ વાગ્યે
પાર્સલ સર્વિસ ઉપલબ્ધ અરજન્ટ ડીલેવરી
online booking www.hktravel.in
H.O.: શેફાલી શોપીંગ સેન્ટર, પાલડી
ફોન બુકીંગ ઓફીસ 9979881489 9429893289

લગ્ન ની શોપીંગ તો MAHESHWARI માંથી જ
LIFESTYLE
શેરવાની વર્ક ફક્ત 7,999/- થી શરૂ
ટક્ષીડો શુટ ફક્ત 4,999/- થી શરૂ
કોટી - કૂર્તા સેટ ફક્ત 3,499/- થી શરૂ



3 પેન્ટ + 3 શર્ટ
(કાપડ + સિલાઈ સાથે)
ફક્ત 5,999/- થી શરૂ
ARVIND Raymond
(તમારા બધા જ પ્રસંગ માટે એક જ પેકેજ)
દુલ્હા પેકેજ
(શેરવાની સેટ + ટકશીડો શુટ + કોટી-કૂર્તા સેટ)
ફક્ત 10,999/- થી 39,500/- સુધી

PALDI 5, Vardhaman Complex, Opp. Honest, Under Anjali Bridge. 079 - 2660 7614
NARANPURA 2/29, Sundernagar Society, Beside Manish Hall,Nr. Kameshwar Mahadev, +91 9173-0-8282-7
BOPAL 110, Satyamev Elite, Below Vakil Saheb Bridge, Bopal - Ambli T. Junction. +91 8686-8-8282-7

## તંત્રી સ્થાનેથી



**Editorial....**

# પાંચ સામે દસની રેવડી!

મફતની રેવડીઓ વહેંચવામાં પડેલી પાર્ટીઓએ અર્થવ્યવસ્થા પ્રત્યે સજાગ રહેવું પડશે. માત્ર સત્તામાં આવવા ખાતર અપાતી રેવડીઓ દેશને જ નુકસાન કરાવશે. અનેક લોકો માટે ચૂંટણી વિચારધારા, સમસ્યા અને મુદ્દાને પરખવાનો સમય છે, તો ઘણા લોકો માત્ર એટલું જાણવા માગે છે કે તેમને શું મળશે? આ જ કડીમાં ભાજપની જાહેરાત છે કે આવનાર પાંચ વર્ષ સુધી ૮૦ રોડ લોકોને પાંચ કિલો મફત અનાજ મળતું રહેશે, એનાથી આગળ વધીને કોંગ્રેસે જાહેરાત કરી દીધી કે ઈન્ડી ગઠબંધનની સરકાર બની તો પાંચને બદલે દસ કિલો અનાજ મફત આપીશું! કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે અને સમાજવાદી પ્રમુખ અખિલેશ યાદવે સંયુક્ત પ્રેસ કોન્ફરન્સમાં આ ઘોષણા કરી છે. મતદાનના ચાર ચરણ પતી ગયા પછી કરવામાં આ ઘોષણા કેમ કરવી પડી એ પ્રશ્ન છે! શું આવી ઘોષણા હારની આશંકાને કારણે કરવી પડી છે? કારણ ભલે જે હોય તે, આ વાયદાનું મહત્ત્વ છે.

વડાપ્રધાન ગરીબ કલ્યાણ અન્ન યોજનાની શરૂઆત કોરોના મહામારી અને લોકડાઉનને કારણે કરવામાં આવી હતી અને હવે આ યોજના તમામ રાજકીય પક્ષો કે સરકારો માટે મજબૂરી બની ગઈ છે.

વિપક્ષમાં એવા લોકો પણ છે જે વડાપ્રધાન ગરીબ કલ્યાણ અન્ન યોજનાના ટીકાકાર છે. બે કારણોસર આ યોજનાને નિશાના પર લેવામાં આવે છે. પહેલું કારણ કહેવાય છે કે લોકોને રોજગાર જોઈએ, મફત અનાજ નહીં. બીજું, જ્યારે દેશમાં ગરીબોની સંખ્યા ઘટી ગઈ છે તો એ કયા ૮૦ કરોડ લોકો છે જેમને મફત અનાજની જરૂર પડી રહી છે? જોકે એમાં શંકા નહીં કે આ યોજનાની શરૂઆત ૨૦૨૦માં એક વર્ષ માટે થઈ હતી, પરંતુ હવે પાંચમું વર્ષ શરૂ થઈ રહ્યું છે. આ યોજના દેશની એક સફળતમ યોજના છે અને મોટી સંખ્યામાં લોકો તેનો લાભ લઈ રહ્યા છે. મહામારીની અસર તો ખતમ થઈ ગઈ છે, પરંતુ વાસ્તવમાં મોટાભાગના લાભાર્થી નહીં ઈચ્છતા હોય કે આ યોજના બંધ થાય! એટલે જ ઈન્ડી ગઠબંધનને જો પાંચ કિલો મફત અનાજને દસ કિલો કરવાનો વાયદો કરવો પડ્યો. ઈન્ડી ગઠબંધને જો પહેલાં જ આની જાહેરાત કરી હોત તો કદાચ તેને રાજકીય લાભ મળ્યો હોત. મહત્ત્વની વાત તો એ છે કે મફત અનાજ યોજનાનું આર્થિક દબાણ દેશ અને તેના લોકો પર જ પડશે.

મફતની રેવડીઓ શરૂ કરવી અને ચલાવતા રહેવું આસાન નથી. જો મફત આપવું એટલું આસાન હોત તો તમામ રાજ્ય સરકારો દિલ્હી સરકારની જેમ મફત વીજળી-પાણીની રેવડી આપતી હોત. મફત યોજનાઓ અસંખ્ય લોકો માટે જરૂરિયાત અને પક્ષો માટે રાજકીય મજબૂરી છે, પરંતુ તેમાં તાર્કિકતા હોવી જોઈએ. મફત યોજનાઓ સારી હોય છે અને સારી લાગે પણ છે, પરંતુ તેની અસર જ્યારે મોંઘવારી રૂપે પરત આવે છે ત્યારે નારાજગી ન થવી જોઈએ.

આજે દરેક પાર્ટીને ખબર છે કે દેશ પર કેટલું દેવું છે અને રેવડીઓની જાહેરાત કરતી દરેક પાર્ટીએ અર્થવ્યવસ્થા પ્રત્યે સજાગ રહેવું જોઈએ.

# મ્યુનિસિપલ બગીચાઓમાં ''નાની તલાવડી'' બનાવાશે

**પશ્ચિમ ઝોનમાં છ, ઉત્તર પશ્ચિમ ઝોનમાં આઠ અને દક્ષિણ ઝોનમાં છ મળીને પશ્ચિમ અમદાવાદમાં કુલ ૨૦ તલાવડીનું આયોજન હાથ ધરાયું**

**અમદાવાદ,**
શહેરીજનો માટે અત્યારની કાળઝાળ ગરમીમાં મ્યુનિસિપલ કોર્પોરેશન સંચાલિત બાગ-બગીચાઓ ભારે આશીર્વાદરૂપ બન્યા છે. તંત્રએ ખાસ નાગરિકોની સુવિધા માટે બપોરના બળબળતા તાપના સમયગાળામાં પણ બગીચાઓ ખુલ્લા મૂકયા છે જેના કારણે બગીચાઓની લીલોતરી અને વૃક્ષોની સમીપ બેસીને લોકો લૂ સામે રક્ષણ મેળવી રહ્યા છે. શહેરમાં તંત્ર સંચાલિત આશરે ૨૫૦ બગીચા છે અને લોકો માટે આનંદના સમાચાર એ છે કે, હવે આ બગીચાઓમાં નાની તલાવડીનો લહાવો પણ મળવાનો છે. આ દિશામાં સત્તાધીશોએ ચક્રોગતિમાન કર્યા હોઈ કુલ ૪૧ બગીચાઓમાં તેને લગતું આયોજન હાથ ધર્યું છે.

મ્યુનિસિપલ બાગ-બગીચા વિભાગ દ્વારા હાલમાં કુલ સાત બગીચામાં નાની તલાવડી કહો કે વોટર બોડીનું નિર્માણ કર્યું છે. પશ્ચિમ ઝોનમાં બકુલ ત્રિપાઠી ગાર્ડનમાં ૮૧ સ્કવેર મીટરની નાની તલાવડી, દક્ષિણ પશ્ચિમ ઝોનમાં આનંદ નિકેતન બગીચાની ૨૪ સ્કવેર મીટરની નાની તલાવડી, ઉત્તર પશ્ચિમ ઝોનમાં આઈસીબી ફલોરા બગીચાની ૮૦ સ્કવેર મીટરની નાની તલાવડી, પૂર્વ ઝોનમાં માતૃભૂમિ બગીચાની ૮૦ સ્કવેર મીટરની નાની તલાવડી, દક્ષિણ ઝોનમાં ઉપેન્દ્ર ત્રિવેદી બગીચાની ૪૯ સ્કવેર મીટરની નાની તલાવડી, મધ્ય ઝોનમાં જશુમતિબહેન બારોટ ઉદ્યોનની ચાર સ્કવેર મીટરની નાની તલાવડી અને પશ્ચિમ ઝોનમાં સાધુ વાસવાણી બગીચાની ૫૦ સ્કવેર મીટરની નાની તલાવડી લોકોને આનંદ આપી રહી છે. આમ અત્યારે પશ્ચિમ ઝોનના સ્ટેડિયમ, ઉત્તર પશ્ચિમ ઝોનના ગોતા, દક્ષિણ પશ્ચિમ ઝોનના જોધપુર, પૂર્વ ઝોનના રામોલ-હાથીજણ, દક્ષિણ ઝોનના વટવા, મધ્યમ ઝોનના શાહીબાગ અને ઉત્તર ઝોનના સરદારનગર રોડના નાગરિકો આ નાની તલાવડીનો લહાવો લઈ રહ્યા છે.

જો કે, સત્તાવાળાઓએ વધુ ૪૧ બગીચામાં વિવિધ ક્ષેત્રફળની નાની તલાવડી બનાવવા માટેનું આયોજન હાથ ધર્યું છે. મ્યુનિસિપલ બાગ-બગીચા વિભાગ દ્વારા હાથ ધરાયેલા આ આયોજનની વિગતો તપાસીએ તો પશ્ચિમ ઝોનના પાલડીના ધન્વંતરિ ગાર્ડન, રાણીપના કાળીગામ ગાર્ડન, નવરંગપુરાના પ્રહ્‌લાદભાઈ પટેલ જોગર્સ પાર્ક, નારણપુરાના પ્રગતિનગર ગાર્ડન, વાસણાના બંસીધર ગાર્ડન, નવા વાડજના કલ્પતરુ ગાર્ડન એમ કુલ છ સ્થળોએ નાની તલાવડી આકાર પામવાની છે. જ્યારે ઉત્તર પશ્ચિમ ઝોનમાં ચાંદલોડિયાના વંદે માતરમ ટાઉનશીપ, થલતેજના બોપલ ઈકોલોજી પાર્ક અને સિંધુ ભવન રોડ પરના ગોટિલા ગાર્ડન, બોડકદેવની સ્ટર્લિંગ હોસ્પિટલની બાજુના ટીપી-૫૦ ગાર્ડન, ઘાટલોડિયાના કે.કે.નગર રોડ પરના કૌટિલ્ય પબ્લિક પાર્ક, ગોતાના આઈસીબી ફલોરા સામેનો બગીચો, ગ્રીન મોસ્ફીયર પાર્ક અને સોલાબ્રિજ ઓક્સિજન પાર્ક ખાતે નાની તલાવડી બનાવવા માટે તંત્ર સક્રિય બન્યું છે. જે પૈકી બોપલ ઈકોલોજી પાર્ક આઈસીબી ફલોરા સામેનો બગીચો, ગ્રીન મોસ્ફીયર પાર્ક અને સોલાબ્રિજ ઓક્સિજન પાર્ક ખાતે નાની તલાવડીનો લહાવો સ્થાકિ રહેવાસીઓ લઈ રહ્યા છે. દક્ષિણ પશ્ચિમ ઝોનમાં કુલ છ નાની તલાવડી બનાવવાની દિશામાં હિલચાલ આરંભાઈ છે. મ્યુનિ. બાગ-બગીચા વિભાગે જોધપુરના પ્રહ્‌લાદનગર ગાર્ડન, વિશ્વામિત્ર ગાર્ડન, ટીપી-૧૮૫ ગાર્ડન, સરખેજના પાંચા લેક ગાર્ડન અને શેલ્બી હોસ્પિટલ પાસેનો ગાર્ડન તેમજ મકરબામાં રેલવે લાઈનને સમાંતર આવેલા સિન્થેટિક ગાર્ડન ખાતે નાની તલાવડી બનાવવા માટેનું આયોજન ઘડી કાઢયું છે. આમ પશ્ચિમ અમદાવાદના કુલ ત્રણ ઝોન એટલે કે, પશ્ચિમ ઝોનમાં છ, ઉત્તર પશ્ચિમ ઝોનમાં આઠ અને દક્ષિણ પશ્ચિમ ઝોનમાં છ મળીને કુલ બગીચામાં નાની તલાવડી બનાવવામાં આવશે.

# આઈફોન ખરીદીને પેમેન્ટનો ખોટો સ્ક્રિન શોટ બતાવીને ગઠીયો ફરાર

**ઓએલએક્સ પરથી ફોન ખરીદવાની ડીલ કરી અનેક લોકો સાથે ઠગાઈ બોડકદેવ પોલીસે તપાસ હાથ ધરી**

**(એજન્સી)અમદાવાદ,**
શહેરના ઘાટલોડીયામાં રહેતા એક ગઠીયા સામે બોડકદેવ પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોધાઈ છે. આ ગઠીયો ઓએલએકસ પરથી ફોન ખરીદવા માટે માલીક સાથે મીટીગ કરતો હતો. બાદમાં ફોન ખરીદવાની ડીલ કરીને તે પેમેન્ટ આપી દીધાનો ખોટી સ્કીન શોટ બતાવીને ઠગાઈ આચરતો હતો. આ મામલે પોલીસે આરોપી સામે ગુનો નોધી તેની શોધખોળ હાથ ધરી છે.

મણીનગરમાં રહેતા હર્ષીતભાઈ શાહ અમરાઈવાડી ખાતે યોગેશ્વર એસ્ટેટા ઓફીસ ધરાવે છે. હષીતાભાઈએ તેમનો ૧.૩૦ લાખની મતાનો આઈફોન વેચવા માટે ઓએલએકસ પર મુકયો હતો. બાદમાં રૂષીલ શાહ નામના શખ્સે ફોન કરીને ફફોન ખરીદવા માટે મળવાની વાત કરી હતી. બાદમાં બીજા દિવસો હર્ષીતભાઈ અને આ શખ્સ બાગબાન ચાર રસ્તા પાસો આવેલા એઅક પાન પાર્લર ખાતે મળ્યા હતા. હર્ષીતાભાઈએ આ શખ્સે તેમનો ફોન બતાવતા તેણે ૮૨ હજારરમાં ખરીદવાની વાત કરીને ડીલ કરી હતી. બાદમાં શખ્સે ૮૨ હજાર રૂપિયા હષીતભાઈના બેક એકાઉન્ટની વિગતો મેળવીને ટ્રાન્સફર કર્યા હતા. ગઠીયાએ હર્ષીતભાઈને પેમેન્ટ થયું હોવાનો સ્કીન શોટ પણ બતાવ્યો હતો. પરંતુ હર્ષીતભાઈના એકાઉન્ટમાં નાણાં જમા થયા ન હતા. જેથી તેને પેમેન્ટ બાબતે વાત કરતા તેણે નેટવર્ક પ્રોબલેમ હોવાથી અડધો કલાકમાં પેમેન્ટ મળી જશે તેમ કહીને ત્યાંથી નીકળી ગયો હતો. જો કે બાદમાં હર્ષીતભાઈને પેમેન્ટ ન મળતા આ શખ્સે આ પ્રકારે અનેક લોકો સાથે ઠગાઈ આચરી હોવાનું જાણવા મળતા બોડકદેવ પોલીસે આ મામલે રૂષીલ શાહ રહે. રત્નદીપી ટાવર ઘાટલોડીયા સામે ગુનો નોધી તપાસ શરૂ કરી છે.

# શહેરમાં રાત્રે ત્રણ સ્થળે દરોડા: રૂા.૪.૮૨ લાખનો દારૂ ઝડપાયો

**અમદાવાદ,**
લોકસભાની ચૂંટણી પછી પોલીસ એજન્સીઓ દારૂનો જથ્થો એક પછી એક ઝડપી પાડતાં બુટલેગરમાં ફફડાટ વ્યાપી ગયો છે. અમદાવાદ ક્રાઈમ બ્રાંચ અને પ્રિવેન્શન ઓફ ક્રાઈમ બ્રાંચ તેમજ લોકલ ક્રાઈમ બ્રાંચ સહિત સ્થાનિક પોલીસ દારૂના કેસ કરી રહી છે ત્યારે હવે સ્ટેટ મોનિટરિંગ સેલની ટીમે પણ તેમાં ઝંપલાવ્યું છે. સ્ટેટ મોનિટરીંગ સેલ (એસએમસી)ની ટીમે મોડી રાત્રે શહેરના એસપી રિંગ રોડ, એસજી હાઈવે તેમજ નારણપુરામાં રેડ કરીને દારૂનો જથ્થો ઝડપી પાડ્યો છે. બુટલેગર ગાડીમાં ગુપ્ત ખાનું બનાવી તેમજ ખોટી નંબર પ્લેટ લગાવીને દારૂનો જથ્થો રાજસ્થાનથી અમદાવાદ લાવી રહ્યા હતા. એસએમસીએ મોડી રાતે ૪.૮૨ લાખ રૂપિયાનો દારૂ જપ્ત કર્યો છે.

ગાડીમાં બોગસ નંબર પ્લેટ લગાવીને દારૂની ખેપ મારવાનો ટ્રેન્ડ હાલ બુટલેગરમાં ચાલી રહ્યો છે. પોલીસે બોગસ નંબર પ્લેટવાળી ગાડીઓમાં દારૂનું કટિંગ થતું હોવાના અનેક કિસ્સા નોંધ્યા છે ત્યારે વધુ એક કિસ્સો સામે આવ્યો છે. એસએમસીની ટીમે ગુરુવારે સરખેજ પાસેથી દારૂ ભરેલી ગાડીને ઝડપી પાડી છે. એસએમસીની ટીમને બાતમી મળી હતી કે એસપી રિંગ રોડ પર આવેલા સનાથલ ટોલ ટેક્સ પાસે એક કારમાં દારૂનો જથ્થો પસાર થવાનો છે.

બાતમીના આધારે

**પોલીસે શહેરના એસજી હાઈવે, એસપી રિંગ રોડ અને નારણપુરામાંથી દારૂના જથ્થા સાથે ત્રણ લોકોની ધરપકડ**

એસએમસીની ટીમ વોચમાં હતી ત્યારે એક શંકાસ્પદ કારને રોકી હતી. કારમાં પાછળની સીટમાં બ્લેક કપડું લગાવ્યું હતું. જેથી એસએમસીને શંકા ગઈ હતી. એસએમસીની ટીમે કપડું હટાવીને જોતાં તેમાંથી દારૂનો જથ્થો મળી આવ્યો હતો. એસએમસીએ કારમાંથી દારૂ, બિયરની કુલ ૯૬૫ બોટલ જપ્ત કરી હતી. રાજસ્થાનનો ડુંગરરામ જાટ અને સુરેશ જાટ દારૂનો જથ્થો લઈને આવ્યા હતા. એસએમસીએ ગાડીમાં લગાવેલી નંબર પ્લેટ ચેક કરતાં તે ખોટી હોવાનું પણ સામે આવ્યું હતું. એસએમસીએ સરખેજ પોલીસ સ્ટેશનમાં ડુંગરરામ જાટ, સુરેશ જાટ, પ્રવીણ ચૌધરી, મામાજી તેમજ કારના માલિક વિરુદ્ધ ગુનો નોંધ્યો છે. એસએમસીએ કુલ ૧.૧૬ લાખનો દારૂ જપ્ત કર્યો છે.

બુટલેગર દર વખતે નવી નવી મોડસ ઓપરેન્ડીનો ઉપયોગ કરીને દારૂનો જથ્થો વિવિધ રાજ્યમાંથી લાવતા હોય છે. બુટલેગર ગમે એટલા ચાલાક હોય પરંતુ પોલીસના હાથે તો આવી જ જતા હોય છે. આવા જ એક બુટલેગરની ગુરુવારે સ્ટેટ મોનિટરિંગ સેલની ટીમે ધરપકડ કરી છે. નારણપુરામાં રહેતા જયરાજ મોચીએ પોતાની વર્ના કારમાં ગુપ્ત ખાના બનાવ્યા અને રાજસ્થાનથી દારૂનો જથ્થો લાવીને હોમ ડિલિવરી કરતો હતો. વર્ના કારનાં એન્જિનમાં તેમજ પાછળની સીટમાં ગુપ્ત ખાનાં બનાવીને જયરાજ મોંઘી દારૂની બોટલો લાવતો હતો. જયરાજને કોઈને ઉપર ભરોસો ન હોવાના કારણે તે દારૂ લાવવા માટે ખેપ મારતો હતો અને બાદમાં જાતે જ ડિલિવરી આપીને ડિલિવરી બોયનું કામ પણ કરતો હતો. એસએમસીએ તેની પાસેથી ૧.૨૬ લાખની કિંમતની ૬૬ દારૂની બોટલ જપ્ત કરી છે. એસએમસીએ નારણપુરા પોલીસ સ્ટેશનમાં તેની વિરુદ્ધ ગુનો નોંધીને તપાસ શરૂ કરી છે.

# કુખ્યાત ભૂમાફિયા સજ્જુ વિરૂદ્ધ વધુ એક ફરિયાદ

**(એજન્સી) અમદાવાદ,**
જુહાપુરાના કુખ્યાત ભૂમાફિયા સજ્જુ તેમજ વકીલ વિરૂદ્ધ ક્રાઈમ બ્રાન્ચમાં જમીન માલિકે ચીટિંગની ફરિયાદ કરી છે. શાહપુર વિસ્તારમાં આવેલી નંદન સોસાયટીમાં રહેતા અબ્દુલ સલામ મન્સુરીએ ક્રાઈમ બ્રાન્ચમાં ભૂમાફિયા મોહમ્મદ ઈસ્માઈલ ઉર્ફે સજ્જુ ગોટીલાલ તેમજ વકીલ તરંગ દવે વિરૂદ્ધ ચીટિંગ તેમજ બોગસ ડોક્યુમેન્ટ ઊભા કરવાની ફરિયાદ કરી છે. અબ્દુલ સલામ મન્સુરીના સસરા પાસેથી તેના પિતાએ વર્ષ ૨૦૧૦માં ગ્યાસપુર ખાતે આવેલી જમીન ખરીદી હતી. આ જમીનના માલિક હાલ અબ્દુલ સલામ છે. જમીન ઉપર કોર્પોરેશનની મંજૂરી લઈને અબ્દુલ સલામે બાંધકામ શરૂ કર્યું હતું.

ગત વર્ષે અબ્દુલ સલામને ગ્યાસપુરના રેવન્યુ તલાટીએ ૧૩૫(ડી)ની નોટિસ આપી હતી. જેમાં આ જમીનના માલિક મોહમ્મદ ઈસ્માઈલ શેખ (રહે.સમીર બંગ્લોઝ, ગ્યાસપુર)ને વેચાણ દસ્તાવેજની નકલ હતી. મોહમ્મદ ઈસ્માઈલ ઉર્ફે સજ્જુ ગોટીલાલને અબ્દુલ સલામ ઓળખતો નથી તેમજ તેની સાથે કયારેય મુલાકાત થઈ નહીં હોવા છતાંય જમીન વેચી દીધી હોવાનો દસ્તાવેજ મળતાં સલામના પગ નીચેથી જમીન સરકી ગઈ હતી.

અબ્દુલ સલામે ગ્યાસુપરના તલાટી પાસેથી જમીનના દસ્તાવેજની નકલો માંગી હતી તેમજ ઓનલાઈન સર્ચ કર્યું તો તેમાં જાણ થઈ હતી કે સજ્જુએ જમીનનો ખોટો રજિસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ કર્યો છે. ૨૦૧૦માં ખોટી જનરલ પાવર ઓફ એટર્ની અરજી કરી છે. સલામે કયારેય સજ્જુને ખોટી પાવર ઓફ એટર્ની કરીનો આપી ન હતી. જમીનના બદલામાં સજ્જુએ ૧૨ લાખ રૂપિયા આપ્યા હોવાનો પાવર ઓફ એટર્નીમાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે અને અબ્દુલ સલામની ખોટી સહી પણ કરવામાં આવી હતી. અબ્દુલ સલામના નામની પાવર ઓફ એટર્ની વકીલ અને નોટરી તરંગ આર.દવે દ્વારા કરવામાં આવી હતી.

અબ્દુલ સલામ તરંગ દવેને ઓળખતો નથી અને તેમને મળ્યો પણ નથી. પાવર ઓફ એટર્નીના આધારે સજ્જુએ પોતાનું નામ ખોટી રીતે દાખલ કરાવ્યું હતું. આ મામલે અબ્દુલ સલામે સજ્જુ વિરૂદ્ધ ડેપ્યુટી કલેકટર, મામલતદાર, હાઈકોર્ટ તેમજ પોલીસ કમિશનરને ફરિયાદ કરી હતી. ફરિયાદ બાદ સજ્જુએ અબ્દુલ સલામ સાથે મીટિંગ કરવાનું આયોજન કર્યું હતું. આ મીટિંગમાં સજ્જુએ અબ્દુલ સલામને કહ્યું હતું કે, તમારી જમીન પરત લેવી હોય તો સમાધાન પેટે ૧૨ કરોડ રૂપિયા આપવા પડશે.

અબ્દુલ સલામે સમગ્ર મામલે તપાસ કરી તો જાણવા મળ્યું કે, સજ્જુ તરંગ દવે મારફતે જમીનોમાં ચીટિંગ કરવાનું કામ કરે છે. સજ્જુ વિરૂદ્ધ અસલાલી, સરખેજ, વેજલપુર, કારંજ, સેટેલાઈટ, સોલા, ઘાટલોડિયા, શાહપુર, વટવા, ઈસનપુર, કાલુપુર, સાબરમતી, ઓઢવ, નિકોલ, રામોલ તેમજ બોપલ પોલીસ સ્ટેશનમાં સંખ્યાબંધ ગુના દાખલ થયા છે. સજ્જુ વિરૂદ્ધ ૨૨થી વધુ ગુના નોંધાયા છે જેમાં મોટાભાગના ચીટિંગ તેમજ છેતરપિંડીના છે. સજ્જુ જમીનોમાં ખોટા દસ્તાવેજ ઊભા કરીને લોકોનું ચીટિંગ કરી રહ્યા છે.

# બનેવીએ ભાઈઓ સાથે મળી સાળાના માથામાં બેટ માર્યું

**(એજન્સી) અમદાવાદ,**
વાસણા વિસ્તારમાં આવેલી કાઠિયાવાડી ચાલીમાં રહેતા મુકેશ ચાવડાએ વાસણા પોલીસ સ્ટેશનમાં સંજય મકવાણા, અજય મકવાણા અને હિતેશ મકવાણા વિરૂદ્ધ માર માર્યાની ફરિયાદ કરી છે. ગઈકાલે મુકેશના ભત્રીજા યશ ચાવડાનો ફોન આવ્યો હતો અને જણાવ્યું હતું કે સંજય મકવાણાએ મને ધમકાવ્યો હતો કે તું વાસણા કેમ આવ્યો હતો ? સંજય મકવાણા મુકેશના બનેવી થતાં હોવાથી તે તેમને સમજાવવા માટે તેમના ઘરે ગયો હતો. મુકેશ તેના બનેવી સંજયને સમજાવી રહ્યો હતો ત્યારે તેમના ભાઈ પ્રવિણ, અજય તેમજ હિતેશ દોડી આવ્યા હતા અને બબાલ ચાલુ કરી દીધી હતી. મુકેશને બનેવી અને તેમના ભાઈઓએ ભેગા મળીને માર માર્યો હતો જ્યારે લાકડાનું બેટ પણ માથાના ભાગે મારી દીધું હતું. મુકેશને ઈજા થતાં સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો. પોલીસે આ મામલે ગુનો નોંધીને તપાસ શરૂ કરી છે.

# અકસ્માતમાં રાહદારી યુવકે એક્ટિવાચાલકને અસ્ત્રો મારી દીધો

**(એજન્સી) અમદાવાદ,**
માધવપુરા વિસ્તારમાં આવેલા નીલકંઠ એપાર્ટમેન્ટમાં રહેતા બંકિત સોલંકીએ શાહપુર પોલીસ સ્ટેશનમાં ક્રિષ્ના ચુનારા નામના યુવક વિરૂદ્ધ માર માર્યાની ફરિયાદ કરી છે. બંકિમ સોલંકી કેમિકલની કંપનીમાં નોકરી કરીને પોતાનું તેમજ પરિવારનું ગુજરાન ચલાવે છે. ગઈકાલે બંકિમ તેની પત્નીને લઈને પિતાના ઘરે જઈ રહ્યો હતો ત્યારે તેનું એક્ટિવા ક્રિષ્ના નામના યુવક સાથે સામાન્ય અડી ગયું હતું. ક્રિષ્નાએ બંકિમ તથા તેની પત્નીને ગાળો આપી હતી. બંકિમે ગાળો બોલવાની ના પાડતાં ક્રિષ્નાએ તેની પાસે રહેલો અસ્ત્રો કાઢયો હતો અને બંકિમને મારી દીધો હતો. બંકિમને લોહી નીકળતાં તેને સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો. પોલીસે આ મામલે ક્રિષ્ના વિરૂદ્ધ ગુનો નોંધીને તપાસ શરૂ કરી છે.

**ભૂકંપનું કેન્દ્રબિંદુ મહેસાણાથી ૧૮ કિમી દૂર જોવાયું**

# મહેસાણામાં ભૂકંપનો હળવો આંચકો નોંધાયો

**મહેસાણા,**
ગુજરાતના કચ્છમાં ભૂકંપના આંચકા હજી અનુભવાઈ રહ્યાં છે. ત્યારે હવે ઉપલેટા અને મહેસાણામાં ધરા ધ્રૂજતાં લોકોમાં ફફડાટ ફેલાયો છે.

પ્રાપ્ત વિગતો પ્રમાણે આજે સવારે પોણા બાર વાગ્યાની આસપાસ મહેસાણામાં ભૂકંપનો હળવો આંચકો નોંધાયો હતો. ભૂકંપની તિવ્રતા રિક્ટર સ્કેલ પર ૨.૬ નોંધાઈ હતી. ભૂકંપનું કેન્દ્રબિંદુ મહેસાણાથી ૧૮ કિ.મી દૂર હોવાનું જાણવા મળ્યું છે. ભૂકંપનો આંચકો આવવાથી લોકોમાં ફફડાટ ફેલાઈ ગયો છે.

છેલ્લા મહિનામાં સૌરાષ્ટ્ર પંથકમાં ત્રણેક વખત ભૂકંપનો આંચકો આવ્યો છે. ઉપલેટામાં પણ આંચકો આવતાં લોકો ઘરની બહાર દોડી ગયા હતા.

આજે સવારે મોટા ધડાકાનો અવાજ આવ્યો હતો અને ધરતી ધ્રુજતાં લોકોમાં ભૂકંપ આવ્યો હોવાની ચર્ચાઓએ જોર પકડ્યું હતું.

## મોબાઈલ ચોરી અંગે પૂછવા જતાં સાળા-બનેવી પર બેઝબોલ સ્ટિકથી હુમલો

**(એજન્સી) અમદાવાદ,**
કલાપીનગરમાં આવેલી રોહિતદાસ સોસાયટીમાં રહેતા ચંદ્રકાંત પરમારે શાહીબાગ પોલીસ સ્ટેશનમાં કમલેશ અને ચિરાગ વિરૂદ્ધ હુમલાની ફરિયાદ કરી છે. ચંદ્રકાંત તેની સાસરી પ્રિતમપુરા પાસે આવ્યો હતો ત્યારે તેના સાળા વિશાલનો ફોન ખોવાઈ ગયો હતો. આ મામલે ચંદ્રકાંત પાડોશમાં રહેતા કમલેશભાઈને પૂછવા માટે ગયા હતા ત્યારબાદ કમલેશ ઉશ્કેરાઈ ગયો હતો અને ચંદ્રકાંતને ગાળો આપવાનું શરૂ કરી દીધું હતું. કમલેશે ચંદ્રકાંત તેમજ વિશાલ પર હુમલો કરી દીધો હતો તે સમયે ચિરાગ આવ્યો હતો. ચિરાગે બેઝબોલ સ્ટિક વિશાલ તેમજ ચંદ્રકાંતના માથામાં મારી દીધી હતી. શાહીબાગ પોલીસે આ મામલે કમલેશ અને ચિરાગ વિરૂદ્ધ ગુનો નોંધીને તપાસ શરૂ કરી છે.

# નવા ચીફ જસ્ટિસની નવી વ્યવસ્થા: ગુજરાત એચસીમાં વેકેશનમાં ૧૨ જજ કેસ સાંભળશે

**(એજન્સી)અમદાવાદ,**
ગુજરાત હાઈકોર્ટ દ્વારા એક અભૂતપૂર્વ અને ઐતિહાસિક નિર્ણયના ભાગરૂપે સૌપ્રથમવાર આરોપીને નિર્દોષ છોડયા સામે થયેલી વર્ષો જુની પેન્ડીગ અપીલોના ઝડપી અને અસરકારક નિકાલ માટે ઉનાળુ વેકેશનના ચાર સપ્તાહ માટે હાઈકોર્ટ વધારાની સ્પેશીયલ કોર્ટોની રચના કરવામાં આવી છે. આ માટે સીગલ જજ અને ખંડપીઠ મળી કુલ ૧૨ જજોને આ વર્ષો જુની અપીલોની સુનાવણીની ન્યાયિક કામગીરી સોપવામાં આવી છે.

ગુજરાત હાઈકોટમાં સ્પેશીયલ કોર્ટોની રચના સાથે વર્ષો જુની પડતર અપીલોના નિકાલની આ વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. જેમાં તા.૧૩-૫-૨૦૨૪થી તા.૧૭-૫-૨૦૨૪ સુધીની ફર્સ્ટ વીક માટે જસ્ટીસ ઈલેશ જે.વોરા અને જસ્ટીસ નિરલ આર. મહેતાની ખંડપીઠ તેમજ સીગલ જજમાં જસ્ટીસ વૈભવી ડી.નાણાવટીને કામગીરી સોપાઈ છે. તા.૨૦-૫-૨૦૨૪થી તા.૨૪-૫-૨૦૨૪ સુધીના બીજા સપ્તાહ માટે જસ્ટીસ નિર્ઝર એસ.દેસાઈ અને જસ્ટીસ હસમુખ ડી.સુથારની ખંડપીઠને તેમ જ સીગલ જજમાં જસ્ટીસ નીશા એમ.ઠાકોરને કામગીરી સોપાઈ છે. જયારે તા.૩-૬-૨૦૨૪ થી તા.૭-૬-૨૦૨૪ સુધીના એન.ભટ્ટ અને જસ્ટીસ જે.સી.દોશીના ખંડપીઠને તેમજ સીગલ જજમાં જસ્ટીસ એસ.વી.પીન્ટોનો ન્યાયીક કામગીરી સોપાઈ છે. આમ, કુલ ૧૨ જજીસને ઉનાળુ વેકેશન દરમ્યાન વર્ષો જુની પડતર અપીલોના નિકાલની કામગીરી સોપવામાં આવી છે.

**નિવૃત્ત કર્મચારીને હોટલમાં બોલાવી મેમ્બર બનાવી રૂપિયા પડાવ્યા**

# ફેયર્સ ડેડી હોલીડેઝના મેમ્બર બનાવી ઠગ ટોળકીએ ૧.૪૫ લાખનો ચુનો ચોપડયો

**(એજન્સી)અમદાવાદ,**
ટેલીફોન વિભાગના નિવૃત્ત અધિકારીને ફેયર્સ ડેડી હોલીડેઝ કંપનીના મેમ્બર બનાવાની વાત કરી રીસોર્ટમાં ફ્રી રહેવાની લાલચ આપી ઠગ ટોળકી રૂ.૧.૪૫ લાખનો ચુનો ચોપડી ગયા હતા. બનાવ સંદર્ભે આનંદનગર પોલીસે ફરીયાદ નોધી તપાસ શરૂ કરી છે.

સેટેલાઈટ પ્રેરણાતીર્થ દેરાસર નજીક રત્નાકાર-૨માં રહેતા વિજયકુમાર સાજનાની ટેલીફોન વિભાગના નિવૃત્ત કર્મચારી છે. ૧૭ એપ્રીલ ૨૦૧૯ના દિવસે તેઓ ઘરે હાજર હતા ત્યારે એક અજાણ્યા નંબર પરથી ફોનો આવ્યો હતો. ફોન કરનારે અમારી ફેયર્સ ડેડી હોલીડીઝ પ્રા.લી. નામની કંપની છે. જે કલબ બહાર રહેવાની ફ્રીમાં વ્યવસ્થા આપે છે. અને તમારે મળવું હોય તો થલતેજ ફોચ્યુન હોટલ પાસે આવીને સાંજે મુલાકાત કરજો. આ સાંભળીને વિજયકુમાર સાંજના સમયે મળવા ગયાય હતા. જયાં ફેયર્સ ડેડી હોલીડેઝ કંપનીના બે વ્યકિત મળ્યા હતા. આ બંનેએ કંપની ભારતમાં અલગ અલગ જગ્યાએ રીસોર્ટ ધરાવે છે. અને કંપનીમાં રૂ.૧.૪૫ લાખ ભરીને મેમ્બર્સ બનશો તો તેમને દર વર્ષે દસ વર્ષ સુધી અલગ અલગ રીસોર્ટમાં ૬ નાઈટ અને ૭ દિવસનું ફ્રીમાં રહેવાની વ્યવસ્થા કરી આપવામાં આવશે તેવી લાલચ આપી હતી. એટલું જ નહી કંપનીના ડાયરેકટર ગૌરવ અરોરા હોવાનું જણાવ્યું હતું. જેથી વિજયકુમારને વિશ્વાસ આપી ગયો હતો અને કંપની મેમ્બર્સ બનવા માટે રૂા.૧.૪૫ લાખ ભર્યા હતા.

થોડા દિવસો પછી તેમણે આવેલા નંબર પર ફોન કર્યા તતો નંબર બંધ આવતો જેથી થલતેજની હોટલ તથા કંપનીની ઈસ્કોન ખાતેની મોન્ડીયલ હાઈટસ ખાતે તપાસ કરી તો કોઈ મળી આવ્યું ન હતું. જેથી કંપની બંધ થઈ ગઈ હોવાનું તથા વિજયકુમાર સાથેઠગાઈ થઈ હોવાની જાણ થતા તેમણે આનંદનગર પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોધાવતાં પોલીસે વધુ તપાસ આદરી છે. રીસોર્ટના નામે ઠગાઈ કરતા તત્વો ઉપરાંત દિવાળી અને ઉનાળુ વેકેશનમાં પણ લેભાગુ ટુર ઓપરેટરો લોકોને ચુનો લાગતા હોય છે. આવા સંજોગોમાં બુકીગ કરાવતા પહેલા અથવા કોઈ રીસોર્ટની મેમ્બરશીપ લેતા પહેલા તેની પુરતી ચકાસણી કરવી જરૂરી હોવાનું ગ્રાહક સુરક્ષાના સુચીત્રા પાલે જણાવ્યું હતું.

**આંગડિયા પેઢીઓમાં દરોડા બાદ સીઆઈડી ક્રાઈમે ૧૦૦થી વધુ નિવેદન નોંધ્યા**

# અમીત, આરઆર અને હર્ષિત જૈન વિરૂધ્ધ બીજી વખત ફ્રેશર રેડ કોર્નર નોટીસ ઈશ્યુ થઈ

**(એજન્સી)અમદાવાદ,**
રાજયમાં સીઆઈડી ક્રાઈમની ટીમોએ ૩૦થી વધુ આંગડીયયા પેઢીમાં દરોડા પાડયા કેસમાં ૧૦૦થી વધુ લોકોની પુછપરછ બાદ નિવેદન નોધવામાં આવ્યા છે. આંગડીયયા પેઢીમાંથી જપ્ત કરેલ કમ્પ્યુટર, મોબાઈલમાંથી કરોડો રૂપિયાના હવાલા કૌભાંડ ખુલ્યું છે. આંગડીયા પેઢીના સંચાલકો અને કમીઓના વોટસએપ ચેટમાંથી અમીત મજીઠીયા સહીત અન્ય બુકીઓના હવાલાના મેસેજ પણ મળી આવ્યા છે. આથી અમીત આર.આર.હર્ષીત વિરૂધ્ધ બીજી વખત ફ્રેશર રેડ કોર્નર નોટીસ ઈશ્યુ કરીને સીઆઈડી ક્રાઈમે વધુ તપાસ હાથ ધરી છે.

માધુપુરા ક્રિકેટ સટ્ટા કૌભાંડ અને રાજકોટમાં નોધાયેલા કરોડો રૂપિયાના હવાલાકાંડની ફરીયાદો બાદ સીઆઈડી ક્રાઈમ દ્વારા રાજયમાં ૩૦થી વધુ આંગડીયા પેઢીઓમાં દરોડા પાડીને કુલ ૩૬ કરોડની રોકડ સહીત એક કિલોથી વધુ સોના-ચાંદીના દાગીના પકડયા હતા. આ કેસમાં સીઆઈડી ક્રાઈમે આંગડીયા પેઢીના સંચાલકો, કર્મીઓના મોબાઈલ, કોમ્પ્યુટરર, સહીતની મુદામાલ જપ્ત કરીને તપાસ કરતા અમીત મજેઠીયા આરઆર સહીત અન્ય બુકીઓના હવાલાના મેસેજ વોટસએપ ચેટમાંથી મળી આવ્યા છે. જેનો પગલે ૧૦૦ થી વધુ લોકોની સીઆઈડી ક્રાઈમે બોલાવીને પુછપરછ કર્યા બાદ નિવેદનો નોધ્યા હતા. બુકી અમીત મજેઠીયા રાકેશ રાજદેવ, હર્ષી જૈન સહીત ૧૦ વિરુધ રેડ કોર્નર નોટીસ ઈશ્યુ કરી છે. જોકે અગાઉ પણ અમીત, આરઆર, હર્ષીત વિરૂધ્ધ એસએમસીએ રેડ કોર્નર નોટીસ ઈશ્યુ કરી હતી. તપાસ એજન્સીઓ અવારનવાર રેડ કોર્નર નોટીસ ઈશ્યુ કરી છે. જેના લીધે બુકીઓ છાશવારે પોતાના ઠેકાણા બદલીને દેશમાં ફર્યા કરે છે. જેના કારણે એજન્સીના હાથમાં એકપણ બુકી હજુ સુધી આવ્યો નથી.

# ઓગણજ જંકશન પર ૬૫ કરોડના ખર્ચે ૬ લેનનો અંડરપાસ તૈયાર થશે

**(એજન્સી)અમદાવાદ,**
ઔડા ૬૫ કરોડના ખર્ચે ઓગણજ જંકશન પાસે અંડરપાસના બનાવાશે ૬ લેનના આ અંડરપપાસની કામગીરી ૨ વર્ષમાં પુરી કરી દેવાની ગણતરી છે. ઓગણજ જંકશન પર અત્યારે રોજના સરેરાશ અંદાજે ૭૦ હજાર વાહન અવરજવર કરતાં હોય છે. અંદર પાસ બનાવાથી જંકશન પરના ટ્રાફીકના ભારણમાં નોધપાત્ર ઘટાડો થઈ શકશે.

ઔડાના એકિઝકયયુટીવ એન્જીનીયરના જણાવ્યા અનુસાર અંડરપાસના એપ્રોચની લંબાઈ ૭૪૧ મીટરની રાખવામાં આવશે. જેમાંથી ૧૫૮ મીટર વૈષ્ણોદેવી તરફ અને ૫૩૭ મીટર સાયન્સસીટી તરફરહેશે. અંડરપાસ માટેનું બોકસ ૪૬ મીટર લાંબુ હશે. અંડરપાસને સમાંતર બહારની ચીફ પીકયુસી સવીસ રોડ તૈયાર કરવામાં આવશે. આ યોજનાથી જંકશન પરના ટ્રાફીકને વિવિધ દિશામાં જવા માટેની સરળતા મળી રહેશે.

અમદાવાદ ફરતે ૭૬ કિમી લાંબો એસપી રીગરોડ આવેલો છે. ઓગણજ જંકશન પર અંડરપાસનું કામ શરૂ થયા પછી દોઢ મહીના સુધી ડાયવર્ઝન આપવામાં આવશે. વાહનચાલકોએ સાયન્સ સીટી રોડ અને વૈષ્ણોદેવી તરફ જતા રોડનો ઉપયોગ કરવાનોરહેશે. અને જયાં ડાયવર્ઝન આપવામાં આવે ત્યાંથી યુટટર્ન લેવાનો રહેશે. એશીયન ડેવલપમેન્ટ બેક પાસેથી ગ્રાન્ટ મળ્યયા પછી ઓવરબ્રીજ અને અંડરપાસના નવા પ્રોજેકટ ચાલુ કરવાનું આયોજન છે. નિર્માણ પછી વધતા જતા ટ્રાફીક પરનું ભારણ ઘટાડી શકાશે.

# ડ્રગ 'ડીલર' નહીં, બંધાણી હોવાની રજુઆત કરનારને સુપ્રીમમાંથી જામીન

**(એજન્સી)અમદાવાદ,**
એક અત્યંત રસપ્રદ કેસમાં સુપ્રીમ કોર્ટે એનડીપીએસના કાયદા હેઠળ નોધાયેલા ગુનાના આરોપીને એ આધારે જામીન આપ્યા છે. કે તે ડ્રગનો ડીલર કે સપ્લાયનર નહી પરંતુ ડ્રગનો બંધાણી હતો. બનાસકાંઠાના કાયદા પોલીસ સ્ટેશનમાં એનડીપીએસના કાયદા હેઠળ નોધાયેલી ફરીયાદના આરોપીને સુપ્રીમ કોર્ટમાંથી ફરીયાદના આરોપીને સુપ્રીમ કોર્ટમાંથી રાહત મળી છે. અને તેન જામીન આપવાનો આદેશ કર્યો છે. આ મામલે અરજદાર આરોપીની રેગ્યુલર જામીન અરજી હાઈકોર્ટે ફેબ્રુઆરીમાં ફગાવી કાઢી હતી. જે આદેશને પણ સુપ્રીમ કોર્ટે રદ કર્યો છે. કે આ કેસમાં સૌથી રસપ્રદ મુદો છે. કે અરજદાર આરોપી તરફથી એડવોકેટ વિરાટ પોપટે સુપ્રીમ સમક્ષ એવી રજુઆત કરી હતી. કે અરજદાર ડ્રગની ડીલર કે સપ્લાયર નથી એવું ખુદ ફરીયાદી પક્ષનો મુદો છે. તેથી અઅરજદારનો સહઆરપીઓને મળેલા જામીનના આધારે સમાનતાના ધોરણે જામીન મળવા જોઈએ. આ દલીલ સુપ્રીમ કેસમાં અરજદાર હાર્દિક પટેલ તરફથી એડવોકેટ વિરાટ પોપટે સુપ્રીમ કોર્ટે સમક્ષ અપીલમાં એવી દલીલ કરી હતી. કે, અરજદારને જામીનનહી આપવાની હાઈકોર્ટનો આદેશ ભુલભરેલો અને સુપ્રીમ કોર્ટના આદેશથી પણ વિપરીત છે. આરોપી પાસેથી જે ડ્રગ્સ મળી આવ્યું હતું એ એનાં અંગત વપરાશ માટે હતું અને આરોપીના બ્લડ ટેસ્ટ વગેરે પણ કરવામાં આવ્યા હતા. જેના પરથી સ્પષ્ટ થઈ ગયું હતું કે અરજદાર આરોપી ડ્રગ્સનો બંધાણી છે. પ્રસ્તુત કેસની ટ્રાયલમાં લાંબો સમય જઈ શકે તેમ છે. અને જો અરજદારને બિનજરૂરી રીતે જેલમાં રાખવાનો કોઈ મતલબ રહેતો નથી. વધુમાં એવી દલીલ કરવામાં આવી હતી. કે, આ કેસનો મુખ્ય આરોપી સપ્લાયર છે. અને તેને જામીન આપવામાં આવ્યા છે. તેથી જો સપ્લાયરને જામીન મળતાં હોય અને આ કેસનો આરોપી તો એડીકેટે બંધાણી છે. જેથી સમાનતાના ધોરણે તેને પણ જામીન આપવાની દાદ અને માંગી રહયા છીએ. સુપ્રીમ કોર્ટની ખંડપીઠે ફરીયાદી પક્ષને સવાલ કયો હતો. શું અરજદાર બંધાણી હતો ? જો એણે ડ્રગ્સનો ઉપયોગ કર્યો હોય અને વેચાણ ન કર્યું હોય તો એનો કેસ સપ્લાયર કરતાં અલગ ગણાય.'

# બે ફલેટના પૈસા લઈ બિલ્ડરે એક ફલેટ અન્ય મહિલાને વેચી દીધો

**(એજન્સી)અમદાવાદ,**
એનઆરઆઈ દંપતી સાથે બિલ્ડરે ઠગાઈ આચરી હોવાની ચાંદખેડા પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોધાઈ છે. એઅક બિલ્ડરે દંપતીને બે ફલેટ વેચીને નાણાં મેળવી લીધા હતાં. બાદમાં ફલેટનો દસ્તાવેજ ન કરી આપીને એક ફલેટ અન્ય મહીલાને વેચી દીધો હતો. જેથી આ મામલે ચાંદખેડા પોલીસ બિલ્ડર સામે ગુનો નોંધી તપાસ હાથ ધરીર છે. મુળ રાજકોટના પ્રફુલભાઈ મણીયાર હાલ મુંબઈ ખાતે રહે છે અને કન્સ્ટ્રકશનનું કામ કરે છે. તેમના સાળ દિપકભાઈ અને પત્ની મીનાક્ષાબેન શાહ રહે. અમેરીકા એ વર્ષ ૨૦૧૧માં ઝુંડાલ ખાતે બિલ્ડર આરોપી નરેન્દ્ર ગોહીલ રહે. ચંદ્રશીલા સોસાયટી, વાસણા પાસે સિદ્ધિદાતા અદી નામની ફલેટની સ્કીમમાં બે ફલેટનું બુકીગ કરાયું હતું. બુકીગ કરાવ્યા બાદ દંપતીએ બંને ફલેટના રૂપિયા ૩૬.૮૦ લાખ ચુકવી દીધા હતા. બિલ્ડરે નાણાં મળ્યા બાદ એલોટમેન્ટ લેટર અને નો ડયુ સર્ટીફીકેટ પણ આપી દીધું હતું. પરંતુ બિલ્ડરે ફલેટનું પઝેશન આપીને દસ્તાવેજ કરી આપ્યો ન હતો. અવારરનવાર દસ્તાવેજ બાબતે વાત કરતા બિલ્ડર ગોળગોળ જવાબ આપતો હતો. જેથી તપાસ કરતા બિલ્ડરે એક ફલેટ પારૂલબેન નામની મહીલાને વર્ષ ૨૦૧૮માં વેચી દીધો હોવાનું સામે આવ્યું હતું. જેથી આ મામલે પ્રફુલભાઈએ પોલીસને જાણ કરતા ચાંદખેડા પોલીસે આ મામલે બિલ્ડર નરેન્દ્ર ગોહીલ રહે. ચંદ્રશીલા સોસાયયટી, વાસણા સામે ગુનો નોધી તપાસ આરંભી છે.

# કઈ ઉંમરે મોબાઈલ વાપરવો જોઈએ ? કોઈ એજ લિમિટ હોવી જોઈએ કે નહીં ?

**(એજન્સી) :** દુનિયામાં જે પરિવર્તનો આવી રહ્યાં છે એના કારણે સૌથી વધુ જો કંઈ ચેલેન્જિંગ થતું જતું હોય તો એ પેરેન્ટિંગ છે. એક સમય હતો જયારે પરિવારમાં છોકરાંવ કયારે મોટાં થઈ જતા એની ખબર સુધ્ધાં ન પડતી. હવે છોકરાઓને મોટા કરવા એ ખાવાના ખેલ નથી. મા-બાપનું દરેક શિડ્યૂલ બાળકના ટાઈમટેબલના આધારે નકકી થાય છે. બાકી બધું તો ઠીક છે, પણ બાળકોના સ્વભાવમાં જે પરિવર્તનો આવ્યા છે એણે પેરેન્ટસની હાલત ખરાબ કરી નાખી છે. બાળકો હવે નાની નાની વાતે ઉશ્કેરાઈ જાય છે. બાળકોને પણ ડિપ્રેશન આવવા લાગ્યાં છે. અગાઉના સમયમાં આવી વાત કરી હોય તો વડીલો પાસેથી એવું જ સાંભળવા મળતું કે, હજુ તો ઉગીને ઉભા થાવ છો ત્યાં વળી ડિપ્રેશન શેનું આવે છે? બાળકોમાં જે બદલાવ આવી રહ્યા છે એની પાછળનું જો કોઈ સૌથી મોટું કારણ હોય તો એ મોબાઈલ છે. મોબાઈલ જ બાળકોનાં મગજ બગાડી રહ્યું છે. બાળકો અને મોબાઈલના ઉપયોગ વિશે દુનિયામાં સૌથી વધુ ચર્ચા થઈ રહી છે. એમાં સૌથી મોટો સવાલ એ છે કે, બાળકને કઈ ઉંમરે મોબાઈલ વાપરવા આપવો જોઈએ?



**બાળક ૧૩ વર્ષનું થાય ત્યાં સુધી મોબાઈલ ન આપવા અને ૧૮ વર્ષ સુધી સોશિયલ મીડિયા વાપરવા ન દેવાની સલાહ આપવામાં આવે છે. નર્સરીમાં તો કોઈપણ જાતના સ્ક્રીન રાખવાની પણ ના પાડવામાં આવે છે !**

નિષ્ણાતો જે દલીલ કરે છે એ સમજવા જેવી છે. આપણે જો ડ્રાઈવિંગ માટે અને મેરેજ માટે ઉંમર નકકી કરતા હોય તો પછી મોબાઈલ માટે પણઉંમર નકકી કરવી જોઈએ. ફ્રાંસીમાં રાષ્ટ્રપતિ ઈમેનુલ મેર્કોએ બાળકોને મોબાઈલ ક્યારથી આપવો જોઈએ એ વિશે અભ્યાસ કરવા માટે એક સમિતિની રચના કરી હતી. આ સમિતિએ હમણાં તેનો રિપોર્ટ આપ્યો. બાળકો પર મોબાઈલ અને અન્ય સ્ક્રીનની થતી શારીરિક અને માનસિક અસરો વિશે અભ્યાસ કર્યા પછી આ સમિતિએ એવું કહ્યું કે, ૧૧ વર્ષની ઉંમર સુધીના બાળકોને મોબાઈલ આપવો જોઈએ નહી. ૧૧ થી ૧૩ વર્ષની વયના બાળકોને જો મોબાઈલ આપવો પડે એમ હોય તો એમાં ઈન્ટરનેટ કનેક્ટિવિટી ન હોવી જોઈએ. મતલબ કે, સ્માર્ટ ફોન નહીં, પણ સાદો મોબાઈલ આપવો જોઈએ. ૧૩ વર્ષથી મોટાં બાળકોને જ સ્માર્ટ ફોન આપવા જોઈએ.

એકસપટર્સની આ સમિતિએ તો ત્યાં સુધી કહ્યું કે, બાળક ત્રણ વર્ષનું થાય ત્યાં સુધી તો એ કોઈ સ્ક્રીનના સંપર્કમાં ન આવવું જોઈએ. મતલબ કે, તાજું જન્મેલું બાળક ઘરમાં હોય તો ઘરમાં ટીવી પણ રાખવું ન જોઈએ. ઘણી નર્સરી અને પ્રાઈમરી સ્કુલમાં સ્ક્રીન રાખવામાં આવે છે. કેટલાંક સ્થળોએ તો સ્માર્ટ બ્લેક બોર્ડ એટલે કે સ્ક્રીન પર જ ભણાવવામાં આવે છે. સાઈકોલોજિસ્ટસ કહે છે કે, નર્સરીમાં તો કોઈપણ પ્રકારના સ્કીનની મંજૂરી જ ન હોવી જોઈએ. હવે તો બાળકોના રમકડાં પણ હાઈટેક થઈ ગયા છે. એવા રમકડાંઓની કમી નથી જેને વાઈફાઈ સાથે કનેકટ કરીને રમી શકાય. મનોચિકિત્સકો આવા રમકડાં પર પ્રતિબંધ ફરમાવવાનું કહે છે. બાળકો નેચરથી દૂર થતાં જાય છે અને આખો દિવસ કોઈને કોઈ સ્કીન સામે જ મંડાયેલા હોય છે. બાળકોના ભવિષ્ય માટે આ બહુ જ ખતરનાક છે.

માત્ર ફ્રાંસની જ વાત નથી, અમેરિકા સહિત અનેક દેશોમાં બાળકોને મોબાઈલ વાપરવા દેવા સામે લાલબત્તી ધરવામાં આવે છે. આપણે ત્યાં આ મુદ્દે ખાસ કશું થતું નથી. ઉલટું જે દશ્યો જોવા મળે છે એ ટેન્શન પેદા કરે એવા છે. બાળક ઘોડિયામાં હોય ત્યાં એને મોબાઈલ પકડાવી દેવામાં આવે છે. આ બાળક મોટું થાય પછી મોબાઈલ વગર રહી જ શકતું નથી. હવેના બાળકો મોબાઈલ ન આપો ત્યાં સુધી જમતાં નથી. રડતા બાળકને છાનું રાખવા મા-બાપ મોબાઈલ પકડાવી દે છે. હવે તો મા-બાપને કંઈ કહો તો એ પણ તરત જ કોરોનાનું નામ આગળ ધરી દેશે. કોરોનાના સમયમાં બાળકોના કલાસ ઓનલાઈન થઈ ગયા હતા. એ વખતથી જ એને આદત પડી ગઈ છે. આવાં મા-બાપને પૂછો કે, તમે તેની આદત છોડાવવા માટે કઈ કર્યું ? તો એની પાસે કોઈ જવાબ નહીં હોય. આ વિશે એક બીજો અભ્યાસ પણ નોંધપાત્ર વાત કરે છે. મા-બાપ પોતે આખો દિવસ મોબાઈલ લઈને બેઠા હોય તો છોકરાઓને આદત પડવાની જ છે. જે મા-બાપ એવું ઈચ્છતાં હોય કે એના સંતાનો મોબાઈલનો ઉપયોગ ટાળે તો સૌથી પહેલાં તો મા-બાપે મોબાઈલનો ખપપૂરતો જ ઉપયોગ કરવાનું રાખવું જોઈએ. પૈસેટકે ખમતીધર મા-બાપ તો બાળક નાનુંહોય ત્યાં જ એને મોબાઈલ અને ટેબલેટ લઈ આપે છે. પેરેન્ટસ વળી એવું પણ માને છે કે, જો બાળકો ગેઝેટ્સ વાપરશે તો સ્માર્ટ થશે અને નહીં વાપરેતો પાછળ રહી જશે. લોકો જાતજાતના ભ્રમમાં જીવી રહ્યા છે.

ફ્રાંસની સમિતિએ સોશિયલ મીડિયા વિશે એવું કહ્યું છે કે, ૧૮ વર્ષ સુધી બાળકોને સોશિયલ મીડિયા વાપરવાની છૂટ ન હોવી જોઈએ. આપણે ત્યાં નાનાં નાનાં બાળકોના સોશિયલ મીડિયા એકાઉન્ટ છે. ઘણા કિસ્સામાં તો મા-બાપ જ સંતાનોના એકાઉન્ટ શરૂ કરીને એના રીલ્સ મુકતા હોય છે. મા-બાપે એ વાત સમજવી જોઈએ કે બાળકો એ મનોરંજનનું સાધન નથી. કમળુ માનસ ધરાવતા બાળકોને કંઈ સમજ હોતી નથી, પણ મા-બાપને તો હોય છેને? કેટલાંક દેશમાં મા-બાપ સંતાનોના ફોટા પણ સોશિયલ મીડિયા પર મુકી શકતાં નથી. તમે આજે બાળકોના જે ફોટો મૂકો છો એ બાળક જયારે મોટાં થઈને એ બધું જોશે ત્યારે શું વિચારશે ? મારા પેરેન્ટસે મારા આવા ફોટો મુકયા હતા ? બાળસહજ હરકતો નુમાઈશની ચીજ નથી. આપણે ત્યાં બાળક સમજણું થાય એ સાથે જ સોશિયલ મીડિયા વાપરવા લાગે છે.

# વકીલાતનો વ્યવસાય ગ્રાહક સુરક્ષા કાયદા ક્ષેત્રની બહાર છેઃ સુપ્રીમ

**(એજન્સી)નવીદિલ્હી,** સુપ્રીમ કોર્ટે મંગળવારે એક મામલાની સુનાવણી સમયે અવલોકન કરતા કહયું હતું કે વકીલાતનો વ્યવસાય ગ્રાહક સુરક્ષા અધિનીયમ ૧૯૮૬ના ક્ષેત્રમાં આવતો નથી. તેમના કાર્યની સફળતા ઘણા પરીબળો પર આધાર રાખે છે. જેના પર તેમનું નિયંત્રણ નથી. તેથી તેમની સેવાઓ અથવા હીમાયયતા ઉણપનો કોઈ દાવો કરી શકાતો નથી.

કોર્ટે કહયું હતું કે, વકીલોનું કામ અન્ય વ્યવસાયો કરતા અલગ છે. તેમને ઉચ્ચસ્તરનું શિક્ષણ, કૌશલ્ય અને માનસીક શ્રમની જરૂર છે. તેથી તેમની સાથે બીઝનેસમેન જેવો વ્યવહાર કરી શકાય નહી. ખરાબ કામ માટટે તેમની સામે ગ્રાહક કોર્ટમાં કેસ દાખલ કરી શકાય નહી.

**વકીલોનું કામ અન્ય કરતા અલગ છે, સફળતા પર તેમનું કોઈ નિયંત્રણ નથી હોતુંઃ સુપ્રીમકોર્ટ**

જસ્ટીસ બેલા ત્રિવેદી અને જસ્ટટીસ પંકજ મીતલની ખંડપીઠે કહયું કે ઘણી હદ સુધી વકીલોનું તેમના કલાયન્ટ પર સીધું નિયંત્રણ હોય છે. બંને વચ્ચેનો કરાર વ્યકિતગત સેવા છે. તેથી તેને ગ્રાહક સુરક્ષા કાયદા હેઠળ સેવાની વ્યાખ્યામાંથી બાકાત રાખવામાં આવી છે.

સુપ્રીમ કોર્ટે નેશનલ કન્ઝયયુમર ડીસ્પ્યુટસ રીડ્રેસલ કમીશન એનસીડીઆરસી ના ૨૦૦૭ના નિર્ણયને ઉલટાવી દીધો હતો. જેમાં વકીલોની સેવાઓ ગ્રાહક સુરક્ષા અધિનીયમ ૧૯૮૬ની કલમ ૨ (૦) હેઠળ આવરી લેવામાં આવી હતી. બાર કાઉન્સીલ ઓફ ઈન્ડીયા દિલ્હી હાઈકોર્ટે બાર એસોસીએશન અને ભારતીય વકીલોના બાર અને અન્યોએ એનસીઆરડીસી ના નિર્ણય સામે સુપ્રીમ કોર્ટમાં અરજી કરી હતી. તેના નિર્ણયમાં કોર્ટે ઈન્ડીયન મેડીકલ એસોસીએશન વિરૂધ્ધ વીપી શાંતા કેસમાં તેના ૧૯૯ ના ચુકાદાને પણ ટાંકયો હતો. કોર્ટે કહયું કે મેડીકલ બેદરકારી સાથે જોડાયેલા આ કેસ પર પુનવિચાર કરવાની જરૂર છે. સુપ્રીમ કોર્ટટે આ મામલામાં પોતાના નિર્ણયમાં કહયું હતું કે મેડીકલ પ્રોફેશનલ માં કામ કરતા લોકો કન્ઝયુમર પ્રોટેકશન એકટના દાયરામાં આવશે. આ કાયદા હેઠળ સેવાઓની વ્યાખ્યામાં આરોગ્ય સંભાળ અને તબીબી ક્ષેત્રોની સમોશ કરવામાં આવ્યો હત. કોર્ટે અવલોકન કર્યયું હતું કે કન્ઝયુમર પ્રોટેકશન એકટનો મુળ ઉદેશય ગ્રાહકોને અયોગ્ય વેપાર પ્રથાઓથી બચાવવાનો હતો. એવું નથી કે કોર્ટ તમામ પ્રોફેશનલ્સને તેમાં સામેલલ કરવા માંગે છે. આઈએમએ વીએસ શાંતાના નિર્ણય પર પુનવિચાર કરવાની જરૂર છે.

# ૬ મહિનામાં એઆઈનો ઉપયોગ કરનારની સંખ્યા બમણી થઈ

**(એજન્સી)નવીદિલ્હી,** છેલ્લા છ મહીનામાં એઆઈનો ઉપયોગ કરરનારા લોકોની સંખ્યા લગભગ બમણી થઈ ગઈ છે. લગભગ ૭૫ ટકા વૈશ્વીક નોલેજ વર્કસે કાર્યસ્થળે એઆઈનો ઉપયોગ કરી રહયા છે. માઈક્રોસોફટ અને લિકડઈનના '૨૦૨૪ વર્ક ટ્રેન્ડ ઈન્ડેક્ષ એન્યુઅલ રીપોર્ટમાં આ દાવો કરવામાં આવ્યો છે.



સર્વેમાં ૩૧ દેશોના ૩૧ હજાર લોકોએ ભાગ લીધો હતો. સંશોધનમાં જાણવા મળ્યું છે કે આર્ટીફીશીયલ ઈન્ટેલીજન્સ વિશ્વભરમાં લોકોની કામ કરવાની નેતૃત્વ કરવાની અને ભરતી કરવાની રીતને પ્રભાવીત કરે છે. ૮ મેના રોજ બહાર પાડવામાં આવેલ સંશોધન અહેવાલ કર્મચારીઓ દ્વારા વ્યકિતગત એઆઈનો સાધનો પર વધતી જતી નિર્ભરતાને પ્રકાશીત કરે છે. જે કામની અત્યાધીક ગતી અને માત્ર સાથે સંઘર્ષ કરી રહયા છે. રીપોર્ટ અનુસાર, ૯૦ ટકા એઆઈ યુઝર્સે કહયું કે તેનાથી તેમને સમય બચાવવામાં મદદ મળી છે. ૮૫ ટકા માને છે. કે તેઓ તેમના મહત્વપુર્ણ કાર્યો પર ધ્યાન કેન્દ્રીત કરવામાં સક્ષમ છે. નેતાઓ વ્યવસાય માટે એઆઈના મહત્વને ઓળખે છે. કેટલાક માને છે કે તેમની સંસ્થાઓ પાસે એઆઈનો અસરકારક રીતે લાભ લેવા માટે સ્પષ્ટ વ્યુહરચનાનો અભાવ છે એઆઈ એકીકરણની અનિવાર્યતા હોવા છતાં રોકાણ પર તાત્કાલીક વળતર દર્શાવવાનું દબાણ પણ કેટલાક નેતાઓને ખચકાટ અનુભવે છે. ૭૯% નેતાઓ સહમત છે કે સ્પર્ધાત્મક રહેવા માટે એઆઈના અપનાવવું મહત્વપુર્ણ છે. અને ૫૯ ટકા લોકો એઆઈના ઉત્પાદકતા લાભોને માપવા અંગે ચિંતિત છે.

એઆઈ અને જોબ ડિસ્પ્લેસમેન્ટ અંગેની ચિંતાઓ હોવા છતાં રીપોર્ટ એક ઝીણવટભર્યો પરીપ્રેક્ષ્ય આપે છે. જયારે ૪૫ ટકા કામદારો ચિંતિત છે કે એઆઈ તેમની નોકરીઓ બદલી લેશે, લગભગ સમાન હિસ્સો ૪૬ ટકા તેમની નોકરી છોડવાનું વિચારી રહયા છે. કારણ કે તેઓઅને વધુ સારી તકો મળે છે.

એમ્પ્લોયરો અને કંપનીના નેતાઓ પણ એઆઈ કૌશલ્યોના મહત્વને વધુને વધુ ઓળખી રહયા છે. સર્વેક્ષણમાં સામેલ ૬૬ ટકા લોકોએ કહયું કે તેઓ આ કૌશલ્યોનો અભાવ ધરાવતા કોઈને નોકરીએ રાખશે નહી. વધુમાં ૭૧ ટકા એઆઈ કૌશલ્ય ધરાવતા અનુભવી ઉમેદવારોને નોકરીએ રાખવાનું પસંદ કરે છે. ૭૭ ટકા માને છે કે એઆઈ પ્રારંભીક કારકીર્દીની પ્રતીભાને મોટી જવાબદારીઓ લેવા સક્ષમ બનાવશે.

# ભરૂચ નગરપાલિકા દ્વારા પ્રિ-મોન્સુન કામગીરીનો પ્રારંભ, કાંસોની સફાઈ હાથધરી

**(પ્રતિનિધિ) ભરૂચ,** આગામી દિવસોમાં ચોમાસું શરૂ થાય તે પહેલા જ ભરૂચ નગરપાલિકા દ્વારા પ્રિ-મોન્સુન કામગીરીનો પ્રારંભ કરવામાં આવ્યો છે અને શહેરમાં આવેલી નાની - મોટી ૨૭ જેટલી કાંસોની સફાઈ આરંભી છે.



(તસ્વીરઃ વિરલ રાણા, ભરૂચ)

ભરૂચ શહેરમાં ચોમાસાના આગમન પૂર્વે ભરૂચ નગરપાલિકા દ્વારા પ્રિ-મોન્સુન કામગીરી હેઠળ વિવિધ કાંસની સાફ સફાઈ હાથ ધરવામાં આવી છે.ભરૂચ શહેરમાં ચોમાસા દરમ્યાન વરસાદી પાણીના નિકાલની સમસ્યા સર્જાતી હોય છે.જેના નિવારણ માટે ભરૂચ પાલિકા દ્વારા શહેરની નાની અને મોટી ૨૭ જેટલી કાંસોની સાફ સફાઈની કામગીરી શરૂ કરવામાં આવી છે.ભરૂચના કેટલાક વિસ્તારોમાં સામાન્ય વરસાદમાં પણ જળબંબાકારની સ્થિતિનું નિર્માણ થાય છે.ત્યારે પાલિકા દ્વારા આયોજનબદ્ધ રીતે આ કામગીરી કરવામાં આવે તે જરૂરી બન્યું છે.

અત્રે ઉલ્લેખનીય છે કે ભરૂચ નગરપાલિકા વરસાદી કાંસોની સાફ-સફાઈ કરાવવા માટે લાખો રૂપિયા વેડફે છે.પરંતુ તેમ છતાં શહેરમાં પાણીનો ભરાવો જોવા મળે છે, ત્યારે આયોજન પૂર્વક આ કામગીરી કરવામાં આવે તો પાણીનો સીધો નિકાલ કરી શકાય તેમ છે. પાલિકા દ્વારા પોકલેન હિટાચી મશીનો, જ્ઞઝ્ર મશીન સહિતના ઉપકરણો સાથે કાંસની સફાઈ કરવામાં આવી રહી છે.જેમાં ૭૦ ટકા કામગીરી નગરપાલિકા દ્વારા વરસાદ પહેલા જ પૂર્ણ કરી દેવામાં આવી છે.આવનારા સમયમાં ભરૂચ શહેરની જનતાને પાણી ભરાવા સહિતની મુશ્કેલીઓનો સામનો ન કરવો પડે તે માટે ભરૂચ પાલિકા દ્વારા સંપૂર્ણ તકેદારી રાખવામાં આવી છે.

# સિંગતેલના ભાવ આસમાને પહોંચ્યા બાદ ડબ્બે રૂા.૧૦નો નજીવો ઘટાડો

**(એજન્સી)અમદાવાદ,** ગઈકાલે મંગળવારે સિંગતેલના ડબામાં રૂા.૧૦નો ઘટાડો થયો હતો. આમ છતાં સિંગતેલના ડબાના ભાવની સપાટી રૂા.૨૬૬૫ની રહી હતી જ્યારે કપાસિયા તેલમાં સ્થિર વલણ જોવા મળ્યું હતું. આ સિવાય અન્ય સાઈડ તેલમાં નજીવો ઘટાડો જોવા મળ્યો હતો. વેપારીઓના જણાવ્યાનુસાર હજુ પણ સપ્તાહ સુધી સિંગતેલના ભાવમાં વધઘટ જારી રહેશે.

તેલ બજારમાં સિંગતેલમાં ૧૦ રૂપિયાનો વધારો થયો છે. ભાવ વધારા બાદ સિંગતેલનો ૧૫ કિલો ડબાનો ભાવ ૨૬૧૫ રૂપિયા થયો છે. તેલના વેપારીઓના જણાવ્યા અનુસાર હજુ એક અઠવાડિયા સુધી સિંગતેલના ભાવમાં વધ-ઘટ થવાની શક્યતા છે. મગફળીની આવક ઘટતાં સિંગતેલના ભાવ વધ્યા છે. મગફળીની જે આવક છે તે સિંગદાણામાં ખપી જતી હોવાથી પીલાણમાં નથી જતી. આ કારણે સિંગતેલ સતત મોંઘું થતું જઈ રહ્યું છે.

ગત વર્ષમાં તેલના ભાવોમાં સતત વધારો ઝીંકાઈ રહ્યો છે. જેને કારણે નાગરિકો પર મોંઘવારીનો માર પડી રહ્યો હતો પરંતુ લાંબા સમયથી ખાદ્યતેલના ભાવ અંકુશમાં હતા પરંતુ હવે ૨૦૨૪માં ફરી આ વધારો ચાલુ થયો છે. આ વર્ષમાં પહેલીવાર તેલના ભાવમાં વધારો ઝીંકાયો છે પરંતુ ભાવ વધારો અત્યંત સામાન્ય હોવાથી અથાણાની સિઝનમાં ગૃહિણીઓને રાહત છે. ઘણા ગુજરાતી પરિવારો સતત રહેતા ગરમ વાતાવરણને લઈને સરસિયાના બદલે સિંગતેલમાં અથાણા ખાવાના પસંદ કરે છે જેના કારણે એક સમયે ૩૦૦૦ સુધી પહોંચેલા સિંગતેલના ભાવમાં અત્યારના ભાવ ગૃહિણીઓને ઠંડક આપી રહ્યા છે.

સૌરાષ્ટ્ર સહિત ગુજરાતના અનેક સ્થળોએ વાતાવરણમાં પલટો આવ્યા બાદ તેની અસર માર્કેટિંગ યાર્ડમાં પણ પડી છે જેના કારણે વેચાણને પણ તેની સીધી અસર થઈ છે. ગઈકાલે મગફળીનો ૨૦ કિલોનો ભાવ ૧૧૧૧થી લઈને ૧૩૪૧ સુધી બોલાયો હતો. સિંગદાણાની માંગ યથાવત હોઈને જેટલી પણ મગફળી યાર્ડમાં આવે છે તેનું તરત જ વેચાણ થઈ જાય છે.

# આંગળીને બદલે જીભનું ઓપરેશન કરી નાખ્યુંઃ કેરળની હોસ્પિટલની બેદરકારી

**(એજન્સી)કોઝીકોડ,** કેરળની કોઝીકોડ મેડીકલ કોલેજ હોસ્પિટલમાં બેદરકારીની વવધુ એક ચોકાવનારી ઘટના પ્રકાશમાં આવી છે. ચાર વર્ષની બાળકી ગંભીર તબીબી બેદરકારીનો શિકાર બની હતી. બાળકનીના પરીવારજનોના જણાવ્યા અનુસાર

**છ આંગળીઓ ધરાવતી બાળકીની વધારાની આંગળી દૂર કરવાની હતી**

તેના એક હાથમાં છ આંગળીઓ હતી. પરીવારના સભ્યો તેની વધારાની આંગળી કઢાવા માટે હોસ્પિટલ લઈ ગયા હતા. પરંતુ ડોકટરએ તેની જીભનું ઓપરેશન કરી નાખ્યું હતું.

મીડીયા રીપોર્ટસ અનુસાર છોકરીના એક સંબંધીએ જણાવ્યું હતું કે અમને કહેવામાં આવ્યું હતું કે છોકરીની છમાંથી વધારાની એક આંગળી નાની સર્જરી દ્વારા દૂર કરી દેવાશે. આ વાતને લઈને અમે સૌ સંમત હતા. દવાખાનામાં થોડા સમય પછી જયારે છોકરીને પાછી લાવવામાં આવી તો તેને જોઈને સૌ કોઈ ચોકી ગયા હતા. છોકરીનું મોં પર પાટાપીડી કરેલી હતી. અમને ખબર જ ના પડી કે શું થઈ ગયું છે. જયારે અમે તેના હાથ તરફ જોયું તો જણાયું કે છઠ્ઠી આંગળી તો હજુ જેમની તેમ જ હતી. બાળકીના વાલીએ જણાવ્યું કે જયારે અમે આ બાબતે નર્સને જાણ કરી તો તે સાંભળીને હસવા લાગી. તેણે કહયું કે અમને કહેવામાં આવ્યું હતું કે, તેની જીભમાં પણ સમસ્યા હતી. જે અમે તેને ઠીક કરી દીધી છે. જયારે ડોકટર આવ્યા તો તેમણે આ ભૂલ બદલ માફી માંગી અને કહયું કે છઠ્ઠી આંગળી પછીથી દૂર કરી દેવાશે. આ આશ્વાસન પછી તેઓ બાળકીને ઘરે લઈ ગયા હતા આ સમાચાર સામે આવ્યા બાદ સંબંધિત અધિકારીઓએ આ મામલે તપાસના આદેશ આપ્યા છે. આ ઘટના એવા સમયે સામે આવી છે. જયારે આ હોસ્પિટલ પહેલાથી જ ચર્ચામાં છે. હકીકતમાં ૩૦ વર્ષની મહીલા હર્ષિના લાંબા સમયથી તેની ફરીયાદને લઈને વિરોધ કરી રહી છે. હર્ષિનાની સી-એકશન સર્જરી દરમ્યાન ડોકટરો તેના પેટમાં કાતર ભુલી ગયા હતા અને આ હકીકત ફરીયાદમાં સાચી નીકળી હતી.

# પદ્મશ્રી ડો.તેજસ પટેલને અમેરીકાની એસસીએઆઈએ માસ્ટર ફેલો માટે પસંદ કર્યા

**(એજન્સી)અમદાવાદ,** હૃદય રોગ માટે કામ કરતી અમેરીકાની ચાર દાયકાથી પણ વધુ જુની મેડીકલ સંસ્થા સોસાયટી ફોર કાર્ડીયોવાસ્કયુલરર એન્જીયોગ્રાફી એન્ડ ઈન્ટરવેન્શન્સ એસસીએઆઈ દ્વારા વર્ષ ૨૦૨૫ માટે માસ્ટર ઈન્ટરરવેન્શનાલીસ્ટની યાદી જાહેર કરીર છે. જાહેર થયેલી ૧૦ લોકોની યાદીમાં એકમાત્ર ભારતીય ગુજરાતના ડો.તેજસ પટેલની માસ્ટરર ફેલો માટે પસંદગી કરાઈ છે. એમએસસીએઆઈ હોદો જેમણે તેમની કારકીદી દરમ્યાન કાર્ડીયોલોજીમાં કિલનીકલ કેર ઈનોવેશન પ્રકાશન અને શિક્ષણના ઉચ્ચ સ્તરો પ્રત્યેની તેમની પ્રતીબદ્ધતા માટે શ્રેષ્ઠ કામગીરી કરી હોય એવી વ્યકિતઓની આપવામાં આવે છે.ડો.તેજસ પટેલ છેલ્લા ૩૦ વર્ષથી ઈન્ટરવેન્શલ કાડીયોલોજીસ્ટ તરીકે કામગીરી કરે છે. અને તેઓ ભારતમાં હાર્ટ સર્જરીરમાં રોબોટીક સર્જરીરમાં પાયોનીયર માનવામાં આવે છે.

રાજયની ૨ હોસ્પિટલમાં સારવાર મળશે

# સત્ય સાઈ હાર્ટ હોસ્પિટલ અને રાજસ્થાન સરકારે એમઓયુ કર્યા

**(એજન્સી)અમદાવાદ,** શ્રી સત્ય સાઈ હાર્ટ હોસ્પિટલ દ્વારા રાજસ્થાનના જરૂરીયાતમંદ હૃદયના દર્દીઓના નિઃશુલ્ક નિદાન માટે રાજસ્થાન સરકાર સાથે ત્રીજી વખત એમઓયુ કરવામાં આવ્યાં છે. જે અંતર્ગત ૧૦૦૦થી વધુ હૃદય રોગના દર્દીઓની વિનામૂલ્યે સારવાર કરવામાં આવશે.

હૃદય રોગથીપીડીત દર્દીઓને અમદાવાદ અને રાજકોટ સ્થિત શ્રીસત્ય સાઈ હાર્ટ હોસ્પિટલમાં વીના મુલ્યે સારવાર આપવામાં આવે છે. આ હોસ્પિટલમાં તમામ પ્રકારના હૃદયય રોગના ઓપરેશન નિઃશુલ્ક કરવામાં આવે છે. આ હોસ્પિટલ દ્વારા દેશના અલગ રાજયો સાથે કરાર થયેલા છે. જેમાં ઓડીશા, મધ્યપ્રદેશ, ઝારખંડ, આસામ, બિહાર અને લદાખનો પણ સમાવેશ થાય છે.

હોસ્પીટલ અને રાજસ્થાન સરકાર સાથે આ પહેલા ૨૦૧૯માં અને ૨૦૨૨માં એમઓયુ કરવામાં આવ્યાં હતાં. હવે ત્રીજી વખત રાજસ્થાનના મુખ્યમંત્રી ભજનલાલ શર્માના નેતૃત્વમાં એમઓયુ પર હસ્તાક્ષર કરવામાં આવ્યાં છે. જે અંતર્ગત રાજસ્થાનથી હૃદયરોગની સારવાર માટે અમદાવાદ અને રાજકોટની સત્ય સાઈ હોસ્પિટલમાં આવતા દર્દીઓને ઓપરેશન નિઃશુલ્ક કરવામાં આવશે. આ સાથે રાજસ્થાન સરકારી દર્દીઓને ૫ હજાર રૂપિયા ભાડું ભથ્થા પેટે આપવાની જાહેરાત કરી છે. આ યોજના અંતર્ગત અત્યાર સુધીમાં ૪ હજારથી વધુ દર્દીઓની હાર્ટસર્જરી કરવામાં આવી છે.

શ્રી સત્ય સાઈ હાર્ટ હોસ્પિટલમાં બાળકો માટે હૃદયરોગની સારવાર માટેની ચેરીટેબલ હોસ્પિટલ છે. અહી બાળકોના હૃદયના ઓપરેશન કોઈ પણ ચાર્જ લેવાની આવતો નથી. છેલ્લા ૨૪ વર્ષથી સ્વાસ્થ્ય ક્ષેત્રે સેવા આપવામાં આવી રહી છે.

# રિલાયન્સ રીટેલ ભારતમાં બ્રિટનની એએસઓએસ ફેશન બ્રાન્ડ લોંચ કરશે

**(એજન્સી)મુંબઈ,** ભારતની અગ્રણી રીટેલર રીલાયન્સ રીટેલ તથા યુકેનની અગ્રણી ઓનલાઈન ફેશન રીટેલર અજજ દ્વારા ભારતમાં ફેશન ક્ષેત્રની ક્ષીતીજોની પુનઃવ્યાખ્યા કરવાના ઉદેશ્ય સાથે લાંબાગાળાની ભાગીદારી કરવામાં આવી છે. આ વ્યુહાત્મક ભાગીદારીએ ભારતીય ઉપભોકતાએ સમક્ષ વિશ્વસ્તરીય રીટેલ અનુભતીની સાથે અતુલ્ય પસંદગીમાં પ્રસ્તુત કરવાની વચનબદ્ધતાની દિશામાં નોધપાત્ર સીમાચિહ્ન સર કર્યયું છે.

લાંબાગાળાના લાઈસન્સીગ કરાર હેઠળ રીલાયન્સ રીટેલ ભારતમાં તમામ ઓનલાઈન તેમજ ઓફલાઈનફ ચેનલ્સ સંબંધ એએસઓએસ માટે એકસકયુલીવ રીટેલ ભાગીદાર રહેશે. ઓમ્ની ચેનલી રીટેલ નેટવર્કસ પર ઓપરેટ કરવાના પોતાના વ્યાપક અનુભવતા લાભ ઉઠાવીને રીલાયન્સ રીટેલ દ્વારા ફેશન-અગ્રણીના પોતાના બ્રાન્ડ લેબલ્સને એએસઓએસ માટેની મલ્ટી-ચેનલ ઉપસ્થિત તેમજ રીટેલ ફોર્મેટના વૈવિધ્યપૂર્ણ શ્રેણીનાં માધ્યમે ભારતીય બજારોસમક્ષ પ્રસ્તુત કરશે. જેમાં એકસકલુઝીવ બ્રાન્ડ સ્ટોર્સ મલ્ટીબ્રાન્ડ સ્ટોર એકસપ્રેશન્સ તથા ડીજીટલ કોમર્સ પ્લેટફોમ્સના સમાવેશ થાય છે. ફેશન-લવીગ ૨૦-સમથીગના પ્રાપ્તિસ્થાન તરીકે એએસઓએસ એ ભારતના સૌથી મોટા ઓમ્ની ચેનલ રીટેલ નેટવર્કની સાથે ઓપરેટ કરવાની રીલાયન્સ રીટેલ્સની અતુલ્ય ક્ષમતા સાથે સહજતાથી જોડાઈ રહી છે. આ જોડાણ થકી લેટેસ્ટ ફેશન ટ્રશેન્ડને શોધવા માટે તેની સાથે જોડાવાની ભારતીય ઉપભોકતાઓની રીતરસમાં ક્રાંતીકારી પરીવર્તન આણવાનું વચન અપાય છે. આ કરાર એ એએસઓઅએસ ની પ્રથમ રાષ્ટ્રવ્યાપી એકસલુકલુઝી રીટેલ ભાગીદાર છે.

**આપની આજ**

**શનિવાર**

**તા.૧૮-૫-૨૦૨૪**



**મેષઃ-** આજરોજ આપને મોજશોખ કરવાની વૃતિ જોર પકડશે. આપની તમામ ઈચ્છાઓ સારી રીતે પૂર્ણ થવાની છે.

**વૃષભઃ-** આજરોજ આપના આરોગ્યમાં તકલીફ વધવાની છે દરેક કામો અને દરેક મુલાકાતોમાં વિઘ્નો અને નિષ્ફળતા મળે.

**મીથુનઃ-** આપના મોસાળ પક્ષ તરફથી આપને ધન લાભ થવાનો છે. શત્રુઓ તરફથી પણ લાભ થાય.

**કર્કઃ-** આપને જમીન મકાન અને વાહનના કામોમાં લાભ થવાનો છે દિવસ ઘણો જ સારી રીતે પસાર થવાનો છે.

**સિંહઃ-** આપના ભાઈ બહેનો સાથેનો તાલમેલ જળવાશે તેમજ આપને રેલવે મુસાફરી કરવાનો યોગ બને છે.

**કન્યાઃ-** આપનામાં ધાર્મીકતા તેમજ આસ્થા શ્રધ્ધાનો વધારો થવાનો છે. ધાર્મીક સંસ્થાઓ તરફથી ધન લાભ થવાના યોગ બને છે.

**તુલાઃ-** આપના દામ્પત્ય જીવનમાં ઘર્ષણ વધવાનું છે જીવનસાથી સાથે ઉગ્રમતભેદ અને ગેરસમજ વધવાની છે.

**વૃશ્ચિકઃ-** આજરોજ આપના જીવનસાથી સાથે તાલમેલ વધુ સારો બનશે. ભાગીદારીના કામકાજમાં સારો લાભ મળવાનો છે.

**ધન :** આપના પ્રેમ પ્રસંગોમાં મનદુઃખ તેમજ છુટા પડવાના યોગ આજે છે આજનો દિવસ શાંતીથી પસાર કરવો.

**મકરઃ-** આજરોજ આપના પિતાની સલાહ સૂચનો મળવાથી ધંધા વ્યવસાયમાં પ્રગતી થતી જોવા મળશે. દૈનીક આવકમાં વધારો થવાનો છે.

**કુંભઃ-** આપને આજે ધાર્મીક કાર્યક્રમમાં સહભાગી થવાની તક મળશે. આપના હાથે દાન ધર્મ થવાના પ્રબળ યોગ છે.

**મીનઃ-** આપના ભાઈ બહેનો સાથે આપની આત્મીયતા વધશે આજે થનાર મુલાકાતો શુભ પરિણામ આપશે આજે શુભ સમાચાર દરેક જગ્યાએથી મળવાના છે.

# ભારતમાં રમકડાં ઉધોગની હરણફાળ

**(એજન્સી)રાજકોટ,** રમકડાં ઉધોગને ભારતનાં સૌથી આશાસ્પદ નિકાસકાર ઉધોગ તરીકે જોવામાં આવે છે. વૈશ્વિક સ્તરે સૌથી વધુ ઝડપથી વિકસતા જતાં ઉધોગ તરીકે આ ક્ષેત્રે તેનું નામ છે. મધ્ય-પૂર્વ અને આફ્રીકન દેશોમાં આપણા દેશમાં તૈયાર થયેલાં રમકડા નિકાસ પામે છે. ખાસ કરીશને નાના અને માધ્યમ ઉત્પાદકોએ આ ક્ષેત્રમાં સૌથી વધારે પ્રદાન આપ્યું છે. "ઈન્વેસ્ટ ઈન્ડીયા'' ના અભ્યાસ અનુસાર ૨૦૨૮ સુધીમાં આ ક્ષેત્ર ૩ બીલીયન ડોલરનું થઈ જશે અને ૨૦૨૨થી ૨૮ના આ વર્ષે દરમ્યાન તેનો વૃદ્ધિદર ૧૨ ટકા જેટલો રહેવાનો છે.

**રાજકોટ સ્થિત પ્લેવે સીસ્ટમ્સ દ્વારા વેન્ડર મીટનું આયોજન થયું**

૨૦૦ જેટલા કર્મચારી ધરાવતી અને ભારતભરના જેનાં યુનીટસ કાર્યરત છે. તેવી રાજકોટ સ્થિત કંપની પ્લેવે સીસ્ટમ ઓકટોબર-૨૦૨૧માં સ્થપાયા બાદ માત્ર ત્રણ જ વર્ષમાં જબ્બર સ્પીડે વિકસી છે. સ્કૂટર્સ ટ્રાઈસીકઅને રાઈડ ઓનનો ક્ષેત્રમાં તેનું નામ મુઠ્ઠી ઉંચેરું છે. તાજેતરમાં રાજકોટ ખાતે કંપનીની યજમાનીમાં "વેન્ડર મીટ નું આયોજન થયું હતું. જેમાં ૧૫૦થી વધારે વેન્ડર્સ ભાગ લઈને ટોચ સેકટરમાં વધતી ભાગીદારીની તકો તપાસી હતી. પ્લેવે સીસ્ટમ્સ પ્રા.લી.નાડાયરેકટર જીગર વાઘેલાએ આ તકે જણાવ્યું હતું કે, ભારતમાં રમકડાં ઉધોગનું મુલ્ય ૨૦૨૩માં ૧૭ બીલીયન ડોલર હતું અને ૨૦૩૨ સુધીમાં ત. ૪.૪ બીલીયન ડોલર સુધી પહોચવાની ધારણા છે. ૨૦૧૪-૧૫ અને ૨૦૨૨-૨૩ ની વચ્ચે ભારતની રમકડાની ન્કિાસમાં ૨૩૯% વધારો થયો છે. અને આયાતમાં ૫૨% ઘટાડો થયો છે. ભારતે ૧ જાન્યુઆરી, ૨૦૨૧ના રોજ બી.આઈ.એસ. દ્વારા પ્રમાણીત ન હોય તેવો રમકડાંના વેચાણ પર પ્રતીબંધ મુકયો હતો. માર્ચ ૨૦૨૩માં રમકડાં પરની કસ્ટમ ડયુટી વધારીને ૭૦% કરવામાં આવી હતી. તે તેજીનું મુખ્ય કારણ છે. અને ગુજરાત તેની રાજધાની હશે. ભારત સરકાર પણ રમકડાં ઉધોગને વોકલ ફોર લોકલની પોલીસી હેઠળ પ્રમોટ કરીને મજબુત ટેકો આપવાનું વિચારી રહી છે.

# વરલી મટકાનો જુગાર રમાડી રહેલા શખ્સની ધરપકડ

અમદાવાદ, પોલીસે ઠેર-ઠેર દારૂ-જુગારના અડ્ડાઓ પર રેડ કરવાની શરૂ કરી દીધી છે. જેના કારણે ગુનેગારોમાં ફફડાટ વ્યાપી ગયો છે. ગઈકાલે ગાયકવાડ હવેલી પોલીસે વરલી મટકાનો જુગાર રમાડતા એક શખ્સની ધરપકડ કરી છે. પોલીસને બાતમી મળી હતી કે અહેમદઅલી પઠાણ નામની વ્યક્તિ જમાલપુર દરવાજા બહાર વરલી મટકાનો જુગાર રમાડી રહ્યો છે. બાતમીના આધારે ગાયકવાડ હવેલી પોલીસની ટીમ તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી ગઈ હતી જ્યાં અહેમદઅલીની ધરપકડ કરીને વધુ કાર્યવાહી હાથ ધરી હતી.

**એજન્ટો/ પત્રકારો નિમવાના છે**

વેસ્ટર્ન ટાઈમ્સ દૈનિક માટે

**ઉત્તર ગુજરાતઃ** સીધ્ધપુર/ પાટણ / મહેસાણા/ હારીજ/ સમી વગેરે.

**મધ્ય ગુજરાતઃ** વડોદરા / આણંદ / ખેડા /દાહોદ/ વગેરે

**સૌરાષ્ટ્રઃ** જામનગર/ રાજકોટ / મોરબી/ ભાવનગર/ સુરેન્દ્રનગર/ વિરમગામ વગેરે.

**દક્ષિણ ગુજરાતઃ** સુરત / વાપી / બિલીમોરા /નવસારી વગેરે


**ઉપરોક્ત ગામો/ શહેરો તેમજ અન્ય ગુજરાતમાં આવેલા ગામો/ શહેરોમાં પ્રતિનિધી/ એજન્સી નિમવાની છે.**

વિતરણ/ સમાચારો / જાહેરાત વગેરેનું કામકાજ કરી શકે તેવા ઉત્સાહી માણસો જોઈએ છે. રસ ધરાવતાં એજન્ટો/પત્રકારો પોતાના બાયોડેટા સાથે નીચે લખી અમદાવાદ ઓફિસે મોકલાવે :

**મેનેજર, વેસ્ટર્ન ટાઈમ્સ પબ્લીકેશન્સ પ્રા.લી.**

૩૦૧, ગાલા આર્ગોસ, હરિકૃપા ટાવર્સની પાછળ, કલગી ચાર રસ્તા, એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦૦૦૬.

## દક્ષિણ ગુજરાત



સંઘ પ્રદેશ, દા.ન.હ., દમણ-દીવ, ભરૂચ, સુરત, નવસારી, વલસાડ, ડાંગ જીલ્લાના સમાચારો

## ભરૂચના કરમાલી ગામે ચાલી રહેલી શ્રીમદ ભાગવત કથાની પૂર્ણાહૂતિ કરાઈ

**(પ્રતિનિધિ) ભરૂચ,**
મેલડી માતાજીના મહંત ગોપાલભાઈ રબારી અને કરમાલી ગામના સરપંચ દિપકભાઈ રબારી તથા મેલડી યુવક મંડળ દ્વારા ભરૂચ તાલુકાના કરમાલી ગામે શ્રીમદ ભાગવત કથાનું આયોજન કરાયું હતું.

ભરૂચ તાલુકાના કરમાલી ગામે શ્રીમદ ભાગવત કથાનું આયોજન કરાયું હતું શ્રીમદ ભાગવત કથા તારીખ ૧૦/૦૫/૨૦૨૪ થી ૧૬/૦૫/૨૦૨૪ સુધી દરરોજ સાંજે ૭ થી ૧૦ કલાક કથા ચાલી રહી હતી.જે કથાનું રસપાન હરસિદ્ધિ માતાજીના મંદિર ચાણોદ વાળા રૂચિત પુરોહિત કથાનું રસપાન કરાવી રહ્યા હતા.આ કથા દરમ્યાન દરરોજ કથામાં આવતા અલગ અલગ પાત્રનું ભવ્ય વર્ણન કરવામાં આવતું હતું અને ખૂબ જ મોટી સંખ્યામાં સમસ્ત ગ્રામજનો કથાનો લાભ લઈ રહ્યા હતા.જે કથામાં મેલડી માતાજીના ભુવા ગોપાલભાઈ રબારી દ્વારા આવતા તમામ ગ્રામજનોને મહાપ્રસાદનું પણ આયોજન કરવામાં આવતું હતું.

## મદદનીશ નિયામક ૧.૨૫ લાખની લાંચ લેતા ઝડપાયો

**(પ્રતિનિધિ) ભરૂચ,**
ભરૂચના બહુમાળી બિલ્ડિંગમાં આવેલી નાયબ નિયામક,ઔદ્યોગિક સલામતી અને સ્વાસ્થ્યની કચેરીના મદદનીશ નિયામક ૧.૨૫ લાખની લાંચ લેતા સુરત એસીબીએ રંગે હાથે ઝડપી પાડ્યો હતો.આ મામલે એસીબી ટીમે પંચોની રૂબરૂ પંચનામું કરી કાયદેસરની કાર્યવાહી હાથધરી છે.



પ્રાપ્ત માહિતી અનુસાર આ કામનાં ફરીયાદીએ નાયબ નિયામક ઔદ્યોગિક સલામતી અને સ્વાસ્થ્યની કચેરી, ભરૂચ ખાતે નવી ફેક્ટરી ખોલવા માટે પ્લાનનાં નકશા મંજુર કરવા જરૂરી દસ્તાવેજો સાથે પ્રફોર્મા મુજબ અરજી કરી હતી.જે અરજીમાં આક્ષેપિતે ક્વેરી કાઢવામાં આવી હોય ક્વેરી સોલ્વ કરી આગળની કાર્યવાહી કરવાના માટે ૧.૨૫ લાખની માંગણી મદદનીશ નિયામક ઔદ્યોગિક સલામતી અને સ્વાસ્થ્યની કચેરી,ભરૂચ, વર્ગ-૨ના અધિકારી જીગર જગદીશચંદ્ર પટેલે ફરીયાદી પાસે કરી હતી.

જાગૃત નાગરિક લાંચના રૂપિયા આપવા માંગતા ન હોવાના કારણે આ અંગેની જાણ સુરત એસીબી ટીમને કરી હતી.જેથી સુરત એસીબી ટીમના પી આઈ આર.કે.સોલંકીએ આજરોજ ભરૂચની મદદનીશ નિયામક ઔદ્યોગિક સલામતી અને સ્વાસ્થ્યની કચેરી ખાતે લાંચના છટકાનું આયોજન કર્યું હતું.જેમાં આ કામના આરોપી જીગર જગદીશચંદ્ર પટેલે ફરિયાદી સાથે હેતુલક્ષી વાતચીત કરી લાંચની રકમ સ્વિકારતા તેમની ચેમ્બરમાં એસીબીના રંગે હાથે ઝડપાઈ જતા હોશ ઉડી ગયા હતા.ટીમે તેમના વિરુધ્ધ ગુનો નોંધી વધુ તપાસ ચલાવી છે.ભરૂચમાં એસીબીની સફળ ટ્રેપના પગલે લાંચિયા અધિકારીઓ અને કર્મચારીઓમાં ફફડાટ ફેલાયો હતો.

## વિશાખા બા ફાઉન્ડેશનના સહયોગથી
## અંકલેશ્વરમાં ૬૦ મહિલાઓને સિલાઈ મશીનનું વિતરણ કરાયું

**અંકલેશ્વર,**
આત્મનિર્ભર મહિલા પ્રોજેક્ટ અંતર્ગત સનફાર્મા કંપની દ્વારા પોતાના સીએસઆર ભંડોળ દ્વારા મહિલાઓ આત્મનિર્ભર બને તેવા હેતુસર અંકલેશ્વર શહેરના વિવિધ વિસ્તારોની ૭૦ મહિલાઓને બ્યુટી પાર્લર અને અંકલેશ્વર તાલુકાના ભાદી, પાનોલી, સંજાલી અને બાકરોલ ગામની ૬૦ મહિલાઓને સિલાઈ કામની વિશાખા બા ફાઉન્ડેશન ટ્રસ્ટના સહયોગથી ત્રણ મહિનાની તાલીમ આપવામાં આવી હતી.

આ તાલીમ બાદ નેશનલ સ્કિલ ડેવલપમેન્ટ કોર્પોરેશન દ્વારા આ તાલીમાર્થી મહિલાઓની પરીક્ષા લેવામાં આવી હતી. દરમિયાન અંકલેશ્વરના શારદા ભવન ટાઉન હોલ ખાતે સનફાર્મા કંપનીના કલસ્ટર, હેડ પ્રવિણ અરોરા અને વિશાખા બા ફાઉન્ડેશન ટ્રસ્ટના પ્રમુખ કિંજલબેન ચૌહાણની અધ્યક્ષતા હેઠળ મહિલાઓને બ્યુટી પાર્લર કીટ અને સિલાઈ મશીનના વિતરણ કાર્યક્રમ યોજાયો હતો જેમાં ૭૦ મહિલાઓને બ્યુટી પાર્લર કીટ અને નેશનલ સ્કિલ ડેવલપમેન્ટ કોર્પોરેશનનું સર્ટીફિકેટનું વિતરણ કરવામાં આવ્યું હતું.

## કાપડના વેપારીનું ૧ કરોડમાં ઉઠમણું

**સુરત,**
રેશમવાલા માર્કેટમાં ટેકસટાઈલ વેપારીએ ૧ કરોડ રૂપિયાનું ઉઠમણું કર્યું છે જેમાં ૩૦થી વધારે વેપારીઓના રૂપિયા ફસાયા છે.

ફોસ્ટા, સુરત મર્કન્ટાઈલ એસોસિએશન, રઘુકૂળ માર્કેટ સમાધાન કમિટી, સૌરાષ્ટ્ર ટેકસટાઈલ ટ્રેડર્સ એસોસિએશન સહિતની સંસ્થાઓમાં પણ ઉઠમણાંના અનેક કેસો આવી રહ્યા છે. આ સંસ્થાના આગેવાનો દ્વારા પણ વેપારીઓને ઠગ વેપારીઓ અને તેની સાથે મળેલા દલાલોથી સાવચેત રહીને વેપાર કરવા માટે સૂચના આપવામાં આવી રહી છે. દિવાળી બાદ કાપડ માર્કેટની સ્થિતિ ખરાઈ થઈ રહી છે.

જેને લઈને ઉઠમણું કરનાર સંખ્યા પણ વધી રહી છે. દરમિયાન રિંગ રોડ સ્થિત રેશમવાલા માર્કેટમાં વધુ એક વેપારીએ ૧ કરોડ રૂપિયાનું ઉઠમણું કર્યું છે. આ ઉઠમણાંની ઘટનામાં ૩૦થી વધારે વેપારીઓના રૂપિયા ફસાયા છે.

## સુરતમાં ૨૦ વર્ષ જૂની અલથાણ શાકમાર્કેટ વૈકલ્પિક સુવિધા વગર તોડાતાં રોષ

**સુરત,**
સુરતમાં અલથાણ ટેનામેન્ટના રિડેવલપમેન્ટ પછી સુરત પાલિકા ત્યાં અલથાણ વેજીટેબલ માર્કેટના રિડેવલપમેન્ટની કામગીરી હાથ ધરવાનું આયોજન કરી રહી છે. પ્લાનિંગ પણ કર્યું છે પરંતુ શાકમાર્કેટમાં જે સ્ટોલધારકો છે તેમને વૈકલ્પિ જગ્યા ફાળવ્યા વગર જ ડિમોલીશન શરૂ કરી દેતા રોષ ઊભો થયો હતો. જો કે, વિરોધને પગલે હંગામી ધોરણે તેમને નજીકમાં વૈકલ્પિક જગ્યા ફાળવતા મામલો થાળે પડયો હતો. સ્થાનિક વેપારીઓએ રોષ વ્યક્ત કરતાં કહ્યું કે ૨૦ વર્ષ પહેલાં અહીં પાલિકા દ્વારા જગ્યા ફાળવાઈ હતી.

## સુરતમાં પોલીસે કોમ્બિંગ પહેલાં ચીમકી આપતાં લોકોએ ૧૬૦ હથિયાર જમા કરાવ્યાં

**સુરત,**
સુરત પોલીસે શહેરના પરપ્રાંતિય લોકોની વસ્તી ધરાવતા વિસ્તારોમાં કોમ્બિંગ માટેની એક યુક્તિ કામ કરી ગઈ હતી. પોલીસે આવા છ વિસ્તારમાં અલગ અલગ છ સ્થાનિક ભાષામાં લોકોને જો તેમની પાસે હથિયાર હોય તો જમા કરાવી દેવાની તક આપી હતી. જો પોલીસ ઘરમાં આવીને શોધશે તો ગુનો દાખલ થશે તેવું સ્થાનિક ભાષામાં એલાન કરતાં ૧૬૦ લોકો ટપોટપ આવીને તેમના ઘરમાં છૂપાવેલા ચપ્પા, તલવાર, ફટકા, બેઝબોલ સ્ટીક જેવા હથિયાર જમા કરાવી ગયા હતા.

**પરપ્રાંતિય વિસ્તારમાં સ્થાનિક ૬ ભાષામાં આખરી તક આપતી અપીલ કરી હતી**

સુરત પોલીસના ઝોન-૨ અંતર્ગત આવતા ઉધના અને સલાબતપુરા પોલીસ સ્ટેશનના કેટલાક વિસ્તાર સંવેદનશીલ ગણાય છે. અહીં અપરાધિક ગતિવિધિઓ પણ વધારે જોવા મળે છે. આ વિસ્તારમાં અનેક વખત ઘાતક હથિયારો વડે જીવલેણ હુમલોની પણ ઘટનાઓ સામે આવતી રહે છે. આ કારણોસર ઉધના અને પાંડેસરા પોલીસ દ્વારા પબ્લિક એડ્રેસ સિસ્ટમ થકી અપરાધિક ગતિવિધિ સાથે સંકળાયેલા લોકોની હાજરી હોય તેવી વસાહતોમાં અપીલ કરવામાં આવી હતી કે ઘરે જરૂરી કામ સિવાય જે પણ હથિયારો હોય તે લાવીને અમારી સામે જમા કરાવી દે. સાથે જો તેઓ અત્યારે જમા નહીં કરાવશે અને પાછીથી શોધખોળ દરમિયાન તેમના ઘરેથી હથિયારો મળી આવશે તો અમે કાર્યવાહી કરીશું.

પોલીસની આ અપીલ બાદ અપરાધીઓ એક બાદ એક ઘાતક હથિયારો લઈને જાતે પોલીસ સમક્ષ હાજર થઈ ગયા હતા. તલવાર, ધારિયા, ચપ્પુ છરા, કોયતા, લાકડાના ફટકા, રેમ્બો ફરસી, લોખંડના પાઈપ, સળિયા બેઝબોલના ફટકા જેવા હથિયારો પોલીસને આ સંવેદનશીલ વિસ્તારોમાંથી મળી આવ્યા હતા.

ડીસીપી ભગીરથ ગઢવીએ જણાવ્યું હતું કે, આ વિસ્તારોમાં અલગ અલગ પ્રાંત અને ભાષાના લોકો વસવાટ કરે છે. એટલે અમે અલગ અલગ ભાષામાં અપીલ કરી હતી. બાદ લોકોએ સામેથી ૧૬૦ જેટલા હથિયાર મૂક્યા હતા.

## યુઆઈએ પ્રમુખ નરેશ બાંથીયાની આગેવાનીમાં
## ઉમરગામ ઇન્ડસ્ટ્રીયલ એસ્ટેટનો સર્વાંગી વિકાસ થશેઃ રમણભાઈ પાટકર

**ઉમરગામ,**
ઉમરગામ ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટમાં આશરે ૨૦૦૦થી વધુ એકમો કાર્યરત છે છેલ્લા ૪૦ વર્ષ કરતાં વધુ સમયથી સ્થાનિક ઔદ્યોગિક વસાહત નું નેતૃત્વ કરતી યુઆઈએ સંસ્થામાં પ્રમુખ તરીકે અનેક ઉદ્યોગકારોએ નેતૃત્વ પૂરું પાડી ક્ષમતા મુજબ એસ્ટેટના વિકાસ માટે યોગદાન આપ્યું છે આગામી બે વર્ષ માટે સીટીઝન અમરેલા કંપનીના માલિક અને ઉદ્યોગપતિ નરેશ બાંથીયા પ્રમુખ તરીકેની જવાબદારી સંભાળી રહ્યા છે.

ઉમરગામ ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટમાં ઉદ્યોગકારોને અનુકૂળતા રહે તે માટે હોસ્પિટલ પ્રોજેક્ટ સહિતઅંડરગ્રાઉન્ડ કેબલ સુવિધા સંબંધ ફાયર બ્રાઉઝર તેમજ અન્ય મૂળભૂત સુવિધાઓ બાબતે તેઓ નિરંતર પ્રયાસ કરી રહ્યા છે સાથે જ નોટિફાઈડ વિભાગ સહિતના



સરકારી વિભાગોમાં સંકલન સાધી ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ અને સરકારી કચેરી વચ્ચે સેતુ બની તેઓ કામ કરી રહ્યા છે લાંબા સમયથી ચાલી આવતા વિવાદનો અંત લાવવામાં પણ તેઓ સફળ રહ્યા છે. તેઓની કામગીરીથી માજી મંત્રી શ્રી અને ધારાસભ્ય રમણભાઈ પાટકરે પ્રસન્નતા વ્યક્ત કરી ઉમરગામ ઈન્ડસ્ટ્રીઝ એસોસિયેશનમાં એમાં લાંબા સમય બાદ ડાયનામિક પ્રમુખ જવાબદારી સંભાળી રહ્યા હોવાનું તેઓએ જણાવ્યું હતું..ઉમરગામ ટાઉન સ્ટેશન મુખ્ય માર્ગના નવીનીકરણની કામગીરી બાબતે ગુણવત્તા સંદર્ભે વિશેષ તકેદારી રાખવા એજન્સીને તેઓએ અનુરોધ કર્યો હતો અને તેના જ પરિણામ સ્વરૂપ વર્તમાન સમયમાં ઉમરગામ ટાઉન સ્ટેશન માર્ગ કે જે આરસીસી પ્રકારનો માર્ગ બની રહ્યો છે તેની ગુણવત્તા અને ટેન્ડર મુજબ કામગીરી થઈ રહી છે જેનો લાભ ઉદ્યોગકારો અને વાહન ચાલકોને લાંબા સમય સુધી મળી રહેશે. ઉમરગામ ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશન પ્રમુખ નરેશ બાંથીયાંના નેતૃત્વમાં આગામી બે વર્ષમાં તમામ ક્ષેત્રે નોંધપાત્ર વિકાસ થશે એવો ધારાસભ્ય રમણભાઈ પાઠકરે વિશ્વાસ વ્યક્ત કર્યો હતો સાથે જ તેઓની ઉત્કૃષ્ટ કામગીરી બદલ અભિનંદન પાઠવ્યા હતા.

## ખેડા જિલ્લા હજ કમિટી મારફતે હાજીઓનો વેક્સિન કાર્યક્રમ યોજાયો



(તસ્વીરઃ સાજીદ સૈયદ, નડિયાદ)

**(પ્રતિનિધિ) નડિયાદ,**
ખેડા જીલ્લાના હજ કમિટીના તમામ હાજીઓનો ૧૦૦% હેલ્થ કાર્ડ આપી દેવામાં આવ્યા આસપાસ ના જિલ્લામાંથી આવેલા અન્ય ૧૨ જેટલા હાજી સાહેબો ને પણ વેક્સિન તથા હેલ્થ કાર્ડ ઈસ્યુ કરી દેવામાં આવ્યા છે હેલ્થ વિભાગના સહયોગથી આરોગ્ય વિભાગ સાથે થયેલા સફળ સંકલનના લીધે ૮ મેડિકલ ઓફિસર તથા તેમની સાથી ટીમો ના કારણે સમગ્ર કાર્યક્રમ સવારે ૮ થી ૨ સુધીમા પૂર્ણ કરવામાં આવ્યો હતો.આ તબક્કે આરોગ્ય અધિકારી શ્રી,ખેડા જિલ્લા પંચાયત ખેડાના મેડિકલ સ્ટાફ તથા વેલ્ફેર એન્ડ એજયુકેશન સોસાયટીના સદસ્યોની ટીમ તથા અમીના હોસ્ટેલના ટ્રસ્ટીશ્રીઓ અન્ય ખિદમતગારો ખડેપગે જવાબદારી અદા કરેલ હતી.ખેડા જિલ્લા ફિલ્ડ ટ્રેનર હાજી સોકત ખાન,શાહિદ ભાઈ સૈયદ, મુજજમીલખાન પઠાણ, ઈમ્તિયાઝ વૈદ, હફીઝભાઈ મલેક , ઈકબાલ મેમણ,મૈયુદિન મોમીન, મુસ્તાક આવી સૈયદ,શફીભાઈ શેખ, જુનેદ મલેક ,વસીમ શેખ,નદીમ મલેક, તથા તેમની ટીમ દ્વારા ખિદમત આપેલ અંતમાં એઝાઝ સૈયદે સૌનો આભાર ૨ માન્યો હતો

## આણંદ કૃષિ યુનિવર્સિટીમાં લોકપાલની બેઠક યોજાઈ

**આણંદ,**
આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદની સ્ટુડન્ટ ગ્રીવન્સ રીડ્રેસલ કમિટીના સભ્યો તેમજ નવનિયુકત લોકપાલની બેઠક યુનિવર્સિટી ભવન ખાતેના કોન્ફરન્સ હોલમાં યોજવામાં આવેલ હતી. યુનિવર્સિટીના કુલપતિની અધ્યક્ષતામાં યુનિવર્સિટી દ્વારા નિયુકત કરેલ લોકપાલ ડો. સી.એચ.બાબરીયાની હાજરીમાં સ્ટુડન્ટ ગ્રીવન્સ રીડ્રેસલ કમિટીના તમામ સભ્યો તેમજ આણંદ કૃષિ યુનિવર્સિટીની ડીગ્રી/ડિપ્લોમાં કોલેજોના અચાર્ય અને ડીનઓ હાજર રહેલ હતા.

આ બેઠકમાં સૌ પ્રથમ કુલસચિવે સ્ટુડન્ટ રીડ્રેસલ કમિટીની કામગીરી બાબતે માહિતી આપી હતી ત્યારબાદ નવનિયુકત લોકપાલનો પરિચય આપી હાજર રહેલ તમામની સાથે પરિચય કરાવેલ હતો. કુલસચિવે વધુમાં યુનિવર્સિટીની પ્રવેશ પ્રક્રિયા તથા તેનું સંચાલન રાજય કૃષિ યુનિવર્સિટીઓ વતી સંયુકતરીતે રાજય કૃષિ યુનિવર્સિટી પરિષદ, ગાંધીનગર દ્વારા ચારેય રાજય કૃષિ યુનિવર્સિટીનો અલગ-અલગ એડમિશનની જવાબદારી સોંપી દેવામાં આવે છે તે અંગે લોકપાલને માહિતગાર કર્યા.

આ પ્રસંગે લોકપાલ ડો. સી.એચ. બાબરીયાએ જણાવ્યું કે યુનિવર્સિટીમાં વિદ્યાર્થીઓ તરફથી કોઈ પણ પ્રકારની ફરિયાદ જ ન થાય તેવો પ્રયત્ન કરવાનું આહવાન કર્યું. બેઠકના અંતે કુલસચિવ ડો. ગૌતમ આર. પટેલ દ્વારા બેઠકમાં હાજર રહેલ કુલપતિ, લોકપાલ તેમજ તમામ આચાર્ય/ડીનઓનો આભાર માની બેઠક પૂર્ણ થયેલ જાહેર કરી.

## મોરબીમાં ધમધમતું કૂટણખાનું ઝડપાયુંઃ બે પકડાયા

**મોરબી,**
પંચાસર રોડ પર ઉમીયા માર્કેટમાં આવેલ દુકાનમાં ચાલતા આનંદા ફેમીલી સ્પામાં મસાજના ઓઠા હેઠળ કુટણખાનું ચલાવવામાં આવતું હોવાની બાતમીના આધારે પોલીસે દરોડો પાડયો હતો. પોલીસે સ્પા સંચાલક ધર્મેન્દ્ર કેશવજી કાવર અને ત્રાજપર ચોરાવાળી શેરીમાં રહેતા રાહુલ ગોરધન બારૈયાને ઝડપી લીધા હતા. પોલીસે રૂ.૫ હજારની રોકડ બે મોબાઈલ સહીત રૂા.૧૫ હજારનો મુદામાલ કબજે કર્યો હતો. પોલીસે વધુ તપાસ હાથ ધરી હતી.

## મધ્ય ગુજરાત



ખેડા, આણંદ, વડોદરા જિલ્લાના સમાચારો

## ઠાસરાના મોરઆમલીમાં
## લગ્નના વરઘોડામાં ડાન્સ કરવા બાબતે બબાલમાં આધેડની હત્યા

**નડિયાદ,**
ઠાસરા તાલુકાના મોરઆમલી ગામે લગ્ન પ્રસંગમાં વરઘોડા દરમિયાન સામાન્ય ડાન્સ કરવા જેવી બાબતને લઈને બોલાચાલી થઈ હતી તેમજ આ બોલાચાલી એટલી બધી ઉગ્ર બની હતી કે ચાર ઈસમોએ એક વ્યક્તિને ચપ્પુ મારીને મોતને ઘાટ ઉતારી દીધો હતો. લગ્ન પ્રસંગમાં જ ખુની ખેલ ખેલાતા સૌ કોઈ સ્તબ્ધ થઈ ગયા હતા. આ મારામારીની ઘટનામાં ચાર વ્યક્તિઓ ઈજાગ્રસ્ત પણ થયા હતા. ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયેલા આ લોકો નજીકની હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા જ્યારે ઘટનાની જાણ ડાકોર પોલીસને થતાં પોલીસ કાફલો બનાવ સ્થળે દોડી ગયો હતો. તેમજ તાબડતોબ પરિસ્થિતિને નિયંત્રણ હેઠળ લેવામાં આવી હતી.

ઠાસરા તાલુકાના મોરઆમલી ગામે ગામમાં ખુની ખેલ ખેલાયો હતો. રાત્રે ૧૧ વાગ્યાની આસપાસ લગ્નના વરઘોડો બસ સ્ટેન્ડ નજીક આવતા ડાન્સ કરવા જેવી બાબતે મામલો બિચકાતા હિંસક બન્યો હતો. આ માથાકૂટે ઉગ્ર સ્વરૂપ લેતાં ૪ આરોપીઓ આક્રમક બની ચાકુ જેવા ઘાતક હથિયારો લઈ આવી ૫ વ્યક્તિઓ પર હુમલો કર્યો હતો. આ હુમલાની ઘટનામાં ગામના ગોવિંદભાઈ પ્રભાતભાઈ સોલંકી નામના વ્યક્તિનું મોત નિપજ્યું હતું. જ્યારે ૪ વ્યક્તિઓને ઈજાઓ પહોંચી હતી. જેઓને સારવાર અર્થે ખાનગી હોસ્પિટલમાં ખસેડાયા હતા. આ બનાવમાં મરણ જનાર વ્યક્તિને પીએમ અર્થે ઉમરેઠ સરકારી હોસ્પિટલમાં ખસેડાયા હતા. બનાવની જાણ ડાકોર પોલીસને થતાં પોલીસ પણ દોડી આવી હતી. આ ઉપરાંત નડિયાદ ડિવિઝનના ડીવાયએસપીને ઘટના મામલે જાણ થતાં તેઓ દોડી આવ્યા હતા. સમગ્ર મામલે ડાકોર પોલીસ દ્વારા પાસ હાથ ધરવામાં આવી છે.

## અમદાવાદ-મહેમદાવાદ-નડિયાદ માર્ગ પર શેઢી નદીનો બ્રિજ ૨ જૂન સુધી બંધ રહેશે

**નડિયાદ,**
અમદાવાદ-મહેમદાવાદ-નડિયાદ રાજય ધોરી માર્ગ-૦૩ ઉપર સિલોડ ગામ પાસે કિ.મી. ૪૦/૨૦૦ ઉપર આવેલ શેઢી નદીના બ્રિજની રીપેરીંગની કામગીરી કરવાના કામે અંધજ ચોકડીથી કમળા ચોકડી સુધીના રસ્તાને તા.૧૦-૫-૨૦૨૪થી તા.૨-૬-૨૦૨૪ સુધી બંધ કરવામાં આવે ત્યાં સુધી વૈકલ્પિક રસ્તાઓ ઉપર ટ્રાફિક ડાયવર્ટ કરવા જાહેરનામું પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.

તા.૧૫-૦૫-૨૦૨૪થી તા.૪-૦૬-૨૦૨૪ ૨૪:૦૦ના સમય દરમિયાન નડિયાદથી કમળા ચોકડી, અંધજ ચોકડી, ખાત્રજ ચોકડી થઈ અમદાવાદ તરફ જતો તમામ વાહન વ્યવહાર અને અમદાવાદ ખાત્રજ ચોકડીથી અંધજ ચોકડી, કમળા ચોકડી નડિયાદ તરફ આવતો તમામ વાહન વ્યવહાર ઉપર વાહનોની અવર જવર પર પ્રતિબંધ ફરમાવ્યો છે વાહન વ્યવહાર પસાર થવાના વૈકલ્પિક માર્ગ તરીકે નડિયાદ કમળા ચોકડીથી અંધજ ચોકડી, ખાત્રજ ચોકડી થઈ અમદાવાદ તરફ જતો તમામ વાહન વ્યવહાર પૈકી મોટા વાહનો-નડિયાદ કમળા ચોકડી, બિલોદરા ચોકડી, મહુધા, સિહુંજ ચોકડી, ખાત્રજ ચોકડીથી અમદાવાદ તરફ અને નડિયાદ કમળા ડભાણ ચોકડી, ખેડા ચોકડી, ખાત્રજ ચોકડીથી અમદાવાદ તરફ જઈ શકશે. ઉપરાંત નાના વાહનો માટે નડિયાદ કમળા ચોકડી, બિલોદરા ચોકડી, જશભાઈ પંપ, મુલજ, અરેરા, અંધજ ચોકડી, ખાત્રજ ચોકડીથી અમદાવાદ તરફ અને નડિયાદ ડભાણ ચોકડી, ને.હા.નં.૮, ખેડા કેમ્પ, ખુમારવગાડ, વરસોલા ચોકડી, ખાત્રજ ચોકડીથી અમદાવાદ તરફ જઈ શકાશે. વધુમાં અમદાવાદ-ખાત્રજ ચોકડી, અંધજ ચોકડીથી કમળા ચોકડી, નડિયાદ તરફ આવતો તમામ વાહન વ્યવહાર પૈકી મોટા વાહનો અમદાવાદ, ખાત્રજ ચોકડી નડિયાદ તરફ અને અમદાવાદ, ખાત્રજ ચોકડી, ખેડા ચોકડી, ડભાણ ચોકડી, કમળા ચોકડી નડિયાદ તરફ જઈ શકશે. નાના વાહનો-અમદાવાદ, ખાત્રજ ચોકડી, અંધજ ચોકડી, અરેરા, મુલજ, જશભાઈ પંપ, બિલોદરા ચોકડી, કમળા ચોકડી નડિયાદ તરફ અને અમદાવાદ, ખાત્રજ ચોકડી, વરસોલા ચોકડી, ખુમારવાડ, ખેડા કેમ્પ, ને.હા.નં.૮, ડભાણ ચોકડી, કમળા ચોકડી નડિયાદ તરફ જઈ શકશે. આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર ઈસમ સામે ગુનો દાખલ કરાશે.

## ભવન્સ કોલેજ ડાકોરમાં હેલ્પ સેન્ટરનો પ્રારંભ થયો
### કાર્યક્રમ અંતર્ગત સેમિનાર યોજાશે

**ડાકોર,**
ભારતીય વિદ્યાભવન ડાકોર કેન્દ્ર, સંચાલિત ભવન્સ કોલેજ, ડાકોર ખાતે તા.૧૬-૦૫-૨૦૨૪થી જીસીએએસ હેલ્પ સેન્ટરનો પ્રારંભ કરવામાં આવેલ છે. જેમાં વિદ્યાર્થીઓને ધો.૧૨ પછી આર્ટ્સ, કોમર્સ અને સાયન્સ પ્રવાહમાં ઓનલાઈન એડમિશનનું માર્ગદર્શન અને નિઃશુલ્ક ઓનલાઈન ફોર્મ ભરી આપવા માટે કોલેજ દ્વારા હેલ્પ સેન્ટર શરૂ કરવામાં આવેલ છે. જેનો લાભ ગ્રામ્ય વિસ્તારના વધુમાં વધુ વિદ્યાર્થીઓ લઈ શકે આ ઉપરાંત કોલેજ દ્વારા વિદ્યાર્થીઓને જરૂરી માહિતી માટે તા.૨૧-૦૫-૨૦૨૪ને મંગળવારના રોજ સવારે ૧૦:૦૦ કલાકે માર્ગદર્શન સેમિનારનું ભવન્સ કોલેજ ડાકોર ખાતે આયોજન કરવામાં આવેલ છે.

આ હેલ્પ સેન્ટરના શુભારંભમાં કોલેજના કા.આચાર્ય ડૉ.ટી.આર.ત્રિવેદી, કો.ઓર્ડિનેટર ડૉ.સહજ ગાંધી, સાયન્સ વિભાગના ડૉ.જે.એમ.શાહ, કોમર્સ વિભાગના ડૉ.કે.કે.દવે તથા આર્ટ્સ વિભાગના પ્રો.એમ.સી.પટેલ તથા વહીવટી સ્ટાફમાંથી અંકિત પટેલ તથા એનએસએસ વોલેન્ટીયર્સ ઉપસ્થિત રહ્યા હતા.

## મોબાઈલમાં વાત કરતાં બીજા માળેથી પટકાયેલા યુવાનનું મોત

**સુરત,**
આજકાલ જેને જુઓ તે મોબાઈલમાં ખૂંપેલા રહે છે. લોકો આખો દિવસ મોબાઈલમાં જ વ્યસ્ત રહે છે. કોઈ ફોન પર વાત કરતું હોય તો કોઈ રિલ્સ જોયા કરતું હોય, પરંતુ કોઈની પણ નજર મોબાઈલની બહાર નીકળતી નથી. ઘણીવાર તો લોકો મોબાઈલમાં એટલા મશગુલ થઈ જાય છે કે આસપાસ શું ચાલી રહ્યું છે તેનું પણ તેમને ધ્યાન રહેતું નથી. આવા લોકો માટે ચેતવણીરૂપ કિસ્સો સુરતમાં બન્યો છે. સુરતના ગોડાદરા વિસ્તારમાં મોબાઈલ ઉપર વાત કરતી વખતે બેધ્યાન પણાને લીધે એક યુવકે જીવ ગુમાવ્યો હતો.


સુરતના ગોડાદરા વિસ્તારમાં ૨૨ વર્ષના એક આશાસ્પદ યુવકે મોબાઈલના લીધે જીવ ગુમાવ્યો છે. આ ઘટનાની હકીકત એવી છે કે, ગોડાદરામાં રહેતો ૨૨ વર્ષીય કવિકુમાર શાહ મોબાઈલ પર વાત કરતાં કરતાં બીજા માળેથી નીચે પટકાયો હતો તેને માથાના ભાગે ગંભીર ઈજા થઈ હતી તેને તાત્કાલિક સારવાર માટે નવી સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો પરંતુ તેને બચાવી શકાયો નહોતો.

મૃતકના સાળા પવનકુમારે કહ્યું કે, કવિકુમાર બીજા માળે ચાલતા ચાલતા મોબાઈલ પર વાત કરતા હતા. તે પોતાની પત્ની સાથે જ વાત કરતા. રાત્રીજા ૧૨ વાગ્યાના અરસામાં વાત કરતાં કરતાં તે નીચે પડી ગયા હતા અને તેનું મોત નિપજ્યું હતું.

## Movie મસાલા

## ધીરજ ધૂપરની ફેશન ફ્લેર ‘રબ સે હૈં દુઆ’ના લગ્ન સિકવન્સમાં ઝળકી

ઝી ટીવીનો શો રબ સે હૈં દુઆ એ તેના સંબંધો અને સામાજિક નિયમોની જટિલતાની આસપાસ ફરતી વાર્તાથી દર્શકોને આકર્ષિત કરી રહ્યો છે. આ શોમાં હાલ તેના મુખ્ય પાત્રોના સંબંધોમાં આવતા જોરદાર વળાંકોથી તેના રસપ્રદ પ્રવાસની શરૂઆત કરી રહ્યો છે. હાલ તો સુભાન, મન્નત અને ઈબાદતના પાત્ર જે કરી રહ્યા છે અનુક્રમે ધીરજ ધૂપર, સીરત કપૂર અને યેશા રૂઘાણી પર ધ્યાન કેન્દ્રિત છે, હાલના ટ્રેકમાં સમગ્ર પરિવાર ઉત્સાહિત છે કે, મન્નત અને સુભાનના લગ્ન થવા જઈ રહ્યા છે. જો તે, મન્નત હવે ફરહાનની સાથે ભાગી જવા પ્રયત્ન કરી રહી છે, જેને લીધે તેની બહેન અને શ્રેષ્ઠ મિત્ર એવી ઈબાદત તેને રોકી રહી છે, જે પ્રયત્ન કરી રહી છે કે, તે મન્નતનો નિર્ણય બદલવાનો પ્રયાસ કરી રહી છે, કેમકે ફરહાન તેના માટે યોગ્ય જીવનસાથી નથી.



શોમાં જેમ-જેમ લગ્નનો ટ્રેક આગળ વધી રહ્યો છે, દરેક કલાકાર તેમના રંગીન વસ્ત્રોને ખાસ રીતે ડિઝાઈન કરીને કોઓર્ડિનેટ્સ કરી રહ્યા છે. ધીરજ ધૂપર પણ તેમની અદ્દભુત ફેશન સેન્સ માટે જાણિતા છે, તેને તેના પાત્રના વસ્ત્રોની સ્ટાઈલ પોતાની રીતે નક્કી કરી છે. લગ્નની આસપાસની વિવિધ વિધી દરમિયાન, તે અદ્દભુત રીતે સ્ટાઈલિશ અને વાઈબ્રન્ટ પોશાક પહેરેલો જોવા મળે છે, જે દ્રશ્યો વધુ આકર્ષણ ઉમેરે છે.

ધીરજ કહે છે, “એક કલાકાર તરીકે તમને જે વિવિધ પાસાઓ રજૂ કરવા મળે છે, તેમાથી મને જે સૌથી વધુ ગમે છે તે છે, હું મારા દેખાવ અને સ્ટાઈલની સાથે પ્રયોગ કરી શકું છું. બંધ ગાળા હોય કે, શેરવાની કે પછી આકર્ષક સુટ્સ, મેં સ્ટાઈલિસ્ટની સાથે બેસીને સૌથી અલગ જ આઉટફિટ્સની પસંદગી કરી છે. હું મારા વોર્ડરોબમાં રસ લઉં છું, તેને પરિણામે મારા સોશિયલ મીડિયા પરના દરેક લૂક પર મારા ચાહકો પ્રેમ વરસાવે છે. તેનાથી ફક્ત પાત્રમાં જ નહીં દર્શકોની સામે કંઈક અલગ રીતે રજૂ કરવા માટે મને પ્રોત્સાહન મળે છે.”

## “પ્રીતા તરીકે ઓળખવું એ એક અભિનેતા તરીકે મારા માટેની માન્યતા છે”: શ્રધ્ધા આર્યા

ઝી ટીવીના કુંડલી ભાગ્ય એ છેલ્લા સાત વર્ષથી તેની રસપ્રદ વાર્તા અને જોરદાર નાટકથી દર્શકોને ટીવી સ્ક્રીન પર જકડી રાખ્યા છે. અગ્રણી મહિલા શ્રદ્ધા આર્યા એ તેના ચહિતા પાત્ર પ્રીતા અરોરા દ્વારા દર્શકોના દિલ પર રાજ કરી રહી છે. જેમ- જેમ શોની પ્રસિદ્ધિ વધી રહી છે, તેમ જ શ્રદ્ધા આર્યા પણ પ્રીતા તરીકેની તેની ઓળખને માણી રહી છે, કેમકે હવે આ નામ તેનું સમાનાર્થી બની ગયું છે.



આટલા જાણિતા શોનો હિસ્સો બનવા માટે તથા તેના પાત્રની સાથે જોડાયેલા દર્શકોને લઈને તે એટલી ઉત્સાહિત છે કે, તેના માટે તેને આભાર માન્યો છે. કુંડલી ભાગ્યમાં તેના પ્રવાસના પ્રતિબિંબ રૂપે શ્રદ્ધા તેના પાત્રની સ્વભાવિક્તાને હાઈલાઈટ કરે છે તથા એક ડેઈલી સોપમાં પાત્ર કરવા માટેના ઉતાર-ચડાવ માટે પણ ચર્ચા કરે છે. એ આ શો હજી પણ આગામી વર્ષોમાં દર્શકોનું મનોરંજન કરતો રહે તેવી ઈચ્છા વ્યક્ત કરતા શ્રદ્ધા તેની સફળતાનો એક હિસ્સો હોવા માટે તેનો આભાર વ્યક્ત કરે છે.

શ્રદ્ધા આર્યા કહે છે, “જ્યારે ચાહકો અને લોકો મને મારા પાત્ર, પ્રીતાથી બોલાવે ત્યારે તે જાદુની અનુભૂતિ થાય છે. એક કલાકાર તરીકે તમારું પાત્ર તમારી ઓળખ બની જાય એનાથી વધુ બીજું શું જોઈએ. આ તમારી મહેન અને સમર્પણનો પુરાવો છે કે, તમે પાત્રને જીવંત બનાવ્યું છે. હું ખરેખર ખુશ છું અને મારા ચાહકોએ જે પ્રેમ અ સહયોગ આપ્યો છે, તેના માટે ખૂબ જ આભારી છું. એક પ્રવાસને માંગ અનુસર તૈયાર કરવું તેના માટે પ્રતિબદ્ધતા અને દ્રઢતા જરૂરી છે, મારા માટે આ એક ઉતાર-ચડાવ ભર્યો પ્રવાસ હતો.

## હપ્પુ કાલિંદી નામે મહિલા તરીકે અંડરકવર બને છે અને...

એન્ડટીવી પર ભાભીજી ઘર પર હે સાથે ફરી એક વાર જોરશોરથી હસવા માટે તૈયાર થઈ જજો, કારણ કે મોડર્ન કોલોનીમાં નવી પાડોશી કાલિંદી આવી રહી છે, જે રોમાંચક વળાંક લાવશે. મોડર્ન કોલોનીના રહેવાસીઓ હંમેશાં અનિતા ભાભી (વિદિશા શ્રીવાસ્તવ) પ્રભાવિત હતા ત્યારે તેની નવી પાડોશી કાલિંદીથી હવે આકર્ષિત થયેલા જોવા મળશે. કાલિંદી પોતાની બુદ્ધિ અને મોહિનીથી ખાસ કરીને ટીકા સહિત દરેકને આકર્ષિત કરશે.

આગામી વાર્તા વિશે બોલતાં વિભૂતિ નારાયણ મિશ્રા (આસીફ શેખ) કહે છે, “હપ્પુ (યોગેશ ત્રિપાઠી) કાલિંદી નામે મહિલા તરીકે અંડરકવર બને છે. વાસ્તવમાં મોડર્ન કોલોનીમાં આતંકવાદી સમીર (વિકાસ ખંડોલા) ઘૂસી ગયો છે. તે બોમ્બવિસ્ફોટ કરવાની યોજના ઘડી રહ્યો છે. આથી અંડરકવર તરીકે હપ્પુ સમીરને રોમેન્ટિક છટકામાં સપડાવવાના અને બોમ્બ સાથે રંગેહાથ પકડવાના સિક્રેટ મિશન પર છે. દરમિયાન ગમગીનીથી પીડાતો ટીકા (વૈભવ માથુર) આત્મહત્યાનો પ્રયાસ કરે છે. તેની મદદરૂપ થવા માટે સકસેના (સાનંદ વર્મા) તેને જીવનસાથી શોધવા માટે સૂચન કરે છે. ભરપૂર ચર્ચા પછી વિભૂતિ અને તિવારી (રોહિતાશ ગૌર) ટીકા માટે કાલિંદી ઉત્તમ જીવનસાથી બની શકે છે એવું નક્કી કરે છે. કાલિંદીથી મોહિત ટીકા તેની સાથે પરણવાનો આગ્રહ કરે છે. તેઓ ટીકા વતી લગ્નના પ્રસ્તાવ સાથે કાલિંદીનો સંપર્ક કરે છે, પરંતુ હપ્પા (કાલિંદીના સ્વાંગમાં) પોતાનું મિશન અને ઓળખ છુપાવવા માટે કાલિંદીના પરિવાર વિશે ખોટી વાર્તા ઊપજાવી કાઢે છે કે કાલિંદી તેની મોટી બહેનનાં લગ્ન પછી જ પરણશે. આથી બધાની આશા પરથી પાણી ફરી વળે છે, કારણ કે તેઓ માને છે કે કાલિંદીની મોટી બહેનનાં લગ્ન અશક્ય છે, જેથી ટીકાનાં લગ્ન અશક્ય બને છે. ફરી એક વાર ટીકા આત્મહત્યા કરવાનું નક્કી કરે છે. વિદિશા શ્રીવાસ્તવ ઉર્ફે અનિતા ભાભી કહે છે, “ટીકાને બચાવવા માટે બધા આતંકવાદીને પકડવાનો પ્રયાસ કરી રહેલા હપ્પુનું અપહરણ કરે છે. આને કારણે આતંકવાદી છટકી જાય છે. આ મનોરંજક વાર્તા દર્શકોને જકડી રાખશે અને શું કાલિંદી આતંકવાદીને પકડવામાં સફળ થશે કે ટીકાની જીવનસાથી બની જશે તે જોવાની તેમને ઉત્સુકતા રહેશે.”



# ગુજરાતમાં અંગ દઝાડતી ગરમી: પારો ૪૪ ડિગ્રીને પાર

## સુરેન્દ્રનગરમાં ૪૪.૭ ડિગ્રી ગરમી નોંધાઈ

**અમદાવાદ,**
રાજયમાં કાળઝાળ ગરમીનો રાઉન્ડ શરૂ થયો છે. આજે રાજયમાં સૌથી વધુ ગરમી સુરેન્દ્રનગરમાં ૪૪.૭ નોંધાઈ હતી. આ સાથે સુરેન્દ્રનગર રાજયનું સૌથી ગરમ શહેર રહ્યું હતું. જે બાદ ડીસામાં ૪૪.૪ ડિગ્રી અને અમદાવાદમાં ૪૪.૨ ડિગ્રી તાપમાન નોંધાયું છે. કાળઝાળ ગરમી અને ગરમ પવન ફૂંકાતા લોકોને મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો. કાળઝાળ ગરમીથી શહેરના રસ્તાઓ સુમસામ જોવા મળ્યા હતા.

આજે સુરેન્દ્રનગર ૪૪.૭, ડિસા ૪૪.૪, અમદાવાદ ૪૪.૨, ગાંધીનગર ૪૪, ભુજ ૪૩.૮, રાજકોટ ૪૩.૭, અમરેલી ૪૩.૨, વડોદરા ૪૨.૨, કંડલા એરપોર્ટ ૪૧.૬, કેશોદ ૪૧.૫, મહુઆ ૪૧, ભાવનગર ૩૯.૭, સુરત ૩૫.૮, વલસાડ ૩૭.૨, દમણ ૩૫.૬ ડિગ્રી મહત્તમ તાપમાન નોંધાયું હતું.

બીજી બાજુ, આજે બપોર બાદ રાજ્યના ઘણા ભાગોના હવામાનમાં પલટો આવ્યો હતો. આજે સતત ચોથા દિવસે ભારે પવન સાથે ધોધમાર વરસાદ પડ્યો હતો. રાજકોટના ગ્રામ્ય વિસ્તાર, અમરેલીના સાવરકુંડલા પંથક, જૂનાગઢમાં સાસણ અને આસપાસના વિસ્તારોમાં તથા દાંતા પંથકમાં વરસાદ પડ્યો હતો.

હવામાન વિભાગના અમદાવાદ કેન્દ્રના મોસમ વૈજ્ઞાનિક અભિમન્યુ ચૌહાણના જણાવ્યા પ્રમાણે, ગુજરાતમાં ૨૪ કલાકમાં કચ્છ, સૌરાષ્ટ્ર સહિત આખા ગુજરાતના કેટલાક વિસ્તારોમાં હળવો વરસાદ જોવા મળી શકે છે. આગામી ૨૪ કલાકમાં ગુજરાતમાં વરસાદની શક્યતા ઘણી ઓછી છે. મહીસાગર, તાપી ,ડાંગ, દાહોદ, જામનગર, રાજકોટ, ભાવનગર અને બોટાદમાં છૂટાછવાયા સ્થળે વરસાદ થવાની શક્યતા દર્શાવવામાં આવી છે.

આ સાથે તેમણે જણાવ્યુ કે, આવતીકાલથી પાંચ દિવસ માટે મહત્તમ તાપમાન વધતું જ રહેશે. પાંચ દિવસ માટે ઓરેન્જ એલર્ટ આપવામાં આવ્યુ છે. તેમના જણાવ્યા પ્રમાણે દક્ષિણ ગુજરાતના સુરત અને વલસાડમાં આગામી ૫ દિવસ હીટવેવની શક્યતા છે. આ સાથે સૌરાષ્ટ્રમાં પોરબંદર, ભાવનગર, દ્વારકા, કચ્છમાં બે દિવસ માટે હીટવેવની અગાહી આપવામાં આવી છે. અગામી ૫ દિવસ અમદાવાદમાં પણ ઓરેન્જ એલર્ટ આપવામાં આવ્યું છે. હવામાન વિભાગની આગાહી અનુસાર, મહીસાગર,

## હવામાન વિભાગની ૫ દિવસ માટે હીટવેવની આગાહી

તાપી, ડાંગ, જામનગર, રાજકોટ અને બોટાદમાં છુટાછવાયો વરસાદ થવાની શક્યતા છે, તો સુરત, વલસાડ, પોરબંદર અને દ્વારકામાં આગામી ૫ દિવસ હીટવેવની આગાહી છે. આ સાથે કચ્છમાં આગામી ૨ દિવસ હીટવેવની શક્યતા છે. હવામાન વિભાગે રાજયના તાપમાનમાં ૨થી ૩ ડિગ્રીનો વધારો થવાની સંભાવના વ્યક્ત કરી છે, તો ઉત્તર ગુજરાતમાં ૪૩થી ૪૪ ડિગ્રી તાપમાન રહેવાની શક્યતા સેવી છે. દરમિયાન હવામાન વિભાગ બાદ એએમસીએ એલર્ટ જાહેર કર્યું છે. આગામી બે દિવસ માટે ઓરેન્જ એલર્ટ અને બાદના ત્રણ દિવસ માટે યલો એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. શનિવાર અને રવિવારે ૪૪ ડિગ્રી રહેવાનું અનુમાન છે, જ્યારે સોમવાર,મંગળવાર અને બુધવારના રોજ તાપમાન ૪૩ ડિગ્રી રહેવાનું અનુમાન છે. હવામાન નિષ્ણાત પરેશ ગોસ્વામીના જણાવ્યા મુજબ, ૧૭થી ૨૨ મે દરમિયાન રાજ્યમા તાપમાન ઉંચુ જોવા મળશે અને પવન નોર્મલ સ્પીડમા ઉતર પશ્ચિમના ફૂંકાશે.




૧૭ મેથી તાપમાનમાં વધારો જોવા મળશે અને ૪૨ થી ૪૪ ડિગ્રી વચ્ચે તાપમાન નોંધાય એવી શક્યતા છે.

# બસ ઉત્પાદકો બસ ડિલિવરી કરવામાં સમય મર્યાદા ચુક્યા

### નાગરિક સંસ્થાએ ગયા વર્ષે ૨૦૦ નોન-એસી અને ૧૦૦ એસી બસોના સપ્લાય માટે કોન્ટ્રાક્ટ આપ્યો હતો

**(એજન્સી)અમદાવાદ,**
અમદાવાદ મ્યુનિસિપલ ટ્રાન્સપોર્ટ સર્વિસ એટલે એએમટીએસના સિનિયર મ્યુનિસિપલ કાઉન્સિલરો અને સ્થાયી સમિતિના સભ્યો દ્વારા ઉત્પાદકો તરફથી બસની ડિલિવરીમાં વારંવાર થતા વિલંબ અંગે ચિંતા વ્યકત કરીને નવી મુશ્કેલીનો સામનો કરી રહી છે. નાગરિક સંસ્થાએ ગયા વર્ષે ૨૦૦ નોન-એસી અને ૧૦૦ એસી બસોના સપ્લાય માટે કોન્ટ્રાક્ટ આપ્યો હતો.

કરાર મુજબ, ઑક્ટોબર અને નવેમ્બર ૨૦૨૩ સુધીમાં ૨૦૦ નોન-એસી બસો તબક્કાવાર પહોંચાડવાની હતી. તેવી જ રીતે, આ વર્ષે ફેબ્રુઆરી અને માર્ચમાં ૧૦૦ એસી બસોની ડિલિવરી થવાની હતી.

ભાજપના કાઉન્સિલરો અને વરિષ્ઠ સ્થાયી સમિતિના સભ્યોએ કાર્યવાહીની માગણી કરી, કહ્યું કે માત્ર ૫૯ નોન-એસી બસો સપ્લાય કરવામાં આવી છે અને હજુ સુધી એક પણ એસી બસો પહોંચાડવામાં આવી નથી. "સ્થાયી સમિતિની બેઠકોમાં આ મુદ્દો ઉઠાવવામાં આવ્યો હતો. સભ્યોએ કસુરવાર કોન્ટ્રાક્ટરો સામે કડક કાર્યવાહીની માંગ કરી હતી. ટેન્ડર કલમોને ટાંકીને, તેઓએ વિલંબ માટે પ્રતિ દિવસ રૂ. ૧,૦૦૦ દંડની માંગણી કરી, ''તેમ એએમટીએસના એક વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું હતું. વરિષ્ઠ કાઉન્સિલરોએ જણાવ્યું હતું કે ટેન્ડરની શરતોમાં ન્યૂનતમ દંડની રકમ સાથેની કલમોનો સમાવેશ કરીને કોન્ટ્રાકટરોને ફાયદો પહોંચાડવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. સ્થાયી સમિતિના અધ્યક્ષ દેવાંગ દાણી અને એએમટીએસ પ્રોજેક્ટ સંભાળતા અધિકારીઓ પર દબાણ વધી રહ્યું છે. એએમટીએસ અધિકારીએ જણાવ્યું હતું કે, ભાજપના વરિષ્ઠ કાઉન્સિલરોએ કોન્ટ્રાક્ટરો સામે કાર્યવાહી કરવા અને ઝડપી નિરાકરણ માટે સ્ટેન્ડિંગ કમિટીના અધ્યક્ષને પણ પત્ર લખ્યો છે.

## ગુજરાતમાં ધોરણ-૧૦ માં ટોપ કરનાર વિદ્યાર્થિનીનું અવસાન

**(એજન્સી)રાજકોટ,**
ગુજરાત બોર્ડનું ૧૦માં ધોરણનું પરિણામ ૧૧મી મેના રોજ જાહેર કરવામાં આવ્યું હતું. જેમાં ઘણા વિદ્યાર્થીઓએ તેમાં ટોપ કર્યું, ધોરણ ૧૦ ના પરિણામ બાદ ટોપ આવનાર વિદ્યાર્થીઓ ને સપના હોય છે કે તેઓ આગળ ભણી ડોક્ટર બને કે એન્જિનિયર અથવા તો કલેક્ટર જેવા મોટા હોદ્દા પર પહોંચી દેશની સેવા કરે. ત્યારે આવા ટોપર્સ પૈકી એક એવી દીકરી કે જેને આગળ ભણીને ભવિષ્યમાં ડોક્ટર બનવાનું એક સ્વપ્ન હતું. પરંતુ તે સ્વપ્ન પૂરું કરે તે પહેલાં જ દીકરી ભગવાનને વાલી થઈ ગઈ જ્યાં દીકરીના અચાનક અવસાનને લઈને પરિવાર શોકમાં ડૂબી ગયો છે.

દીકરીનું અવસાન થતાં પરિવાર પરિણામની યોગ્ય રીતે ઉજવણી પણ ન કરી શક્યો. પરિણામના માત્ર ચાર દિવસ પછી ૧૫ મેના રોજ હીર ઘેટિયા નામની ૧૫ વર્ષની વિદ્યાર્થીની જે ડૉક્ટર બનવા માંગતી હતી તે મૃત્યુ પામી ગઈ. આ દુઃખદ ઘટનાને કારણે પરિવાર પર દુઃખનો પહાડ તુટી પડ્યો છે અને આ ઘટનાની જાણ થતા દરેક વ્યક્તિ પોતાની જાતને ભાવુક થતા રોકી શક્યા નથી. હીરે ૧૦મી બોર્ડની પરીક્ષા ૯૯.૭૦% માર્ક્સ સાથે પાસ કરી હતી અને ગણિત વિષયમાં ૧૦૦માંથી ૧૦૦ માર્કસ મેળવ્યા હતા. એક મહિના પહેલા મોરબીમાં રહેતી હીરને બ્રેઈન હેમરેજ થયું હતું અને રાજકોટની ખાનગી હોસ્પિટલમાં તેનું ઓપરેશન કરવામાં આવ્યું હતું અને હીરને રજા આપીને ઘરે લઈ જવામાં આવી હતી. પરંતુ ફરીથી શ્વાસ લેવામાં અને હૃદયની તકલીફ થતાં હીરને રાજકોટની ટ્રસ્ટ સંચાલિત બીટી સવાણી હોસ્પિટલમાં આઈસીયુમાં દાખલ કરવામાં આવી હતી,

# એરપોર્ટ પર ફ્લાઇટ ઓપરેશન્સ અને એરક્રાફ્ટ પાર્કિંગની ક્ષમતા વધારાઈ

### એરપોર્ટ પર હવે પાર્કિંગ સ્ટેન્ડની સંખ્યા ૧૩ થી વધીને ૧૮ થઈ

**(એજન્સી)અમદાવાદ,**
સરદાર વલ્લભભાઈ પટેલ ઈન્ટરનેશનલ એરપોર્ટ સુવિધાઓમાં સતત સુધારાઓ કરી રહ્યું છે. તાજેતમાં એરપોર્ટ પર ટર્મિનલ ૨ પર નવીનતમ પાંચ નવા પાર્કિંગ સ્ટેન્ડનો ઉમેરો કરવામાં આવ્યો છે, જેનાથી ફ્લાઈટ ઓપરેશન્સ અને એરક્રાફ્ટ પાર્કિંગની ક્ષમતામાં વધારો થયો છે.આ વિસ્તરણ એસવીપીઆઈએની હવાઈ મુસાફરીની વધતી જતી માંગને પૂરી કરશે.

એસવીપીઆઈએ એરપોર્ટ પર હવે પાર્કિંગ સ્ટેન્ડની સંખ્યા ૧૩ થી વધીને ૧૮ થઈ ગઈ છે. જે સ્થાનિક અને કેટલીક આંતરરાષ્ટ્રીય એરલાઈન્સ દ્વારા ઉપયોગમાં લેવાતા એરક્રાફ્ટને એકોમોડેટ કરી શકે છે.નવા સ્ટેન્ડ એરલાઈન્સને અમદાવાદમાં વધુ કનેક્શન ઉમેરવાની તક પૂરી પાડે છે. ટર્મિનલ ૨ પર હાલ ચાર એરોબ્રિજ કાર્યરત છે, નજીકના ભવિષ્યમાં તેમાં વધુ ૪ ઉમેરાતા કુલ ૮ એરોબ્રિઝની સુવિધા ઉપલબ્ધ થશે. એરપોર્ટે સ્ટેન્ડનો શ્રેષ્ઠ ઉપયોગ કરી હાલના ચાર એરોબ્રિજ પર મલ્ટીપલ એરક્રાફ્ટ રેમ્પ સિસ્ટમ પણ લાગુ કરી છે. ટર્મિનલ ૨ હજ ઓપરેશન્સ માટે સાઉદી એરલાઈન્સ ૭૪૭-૪૦૦ એરક્રાફ્ટ ૪૫૦-સીટર એરક્રાફ્ટને હેન્ડલ કરવા માટે પણ સુસજ્જ છે.

એરપોર્ટની વધેલી ક્ષમતા માત્ર પેસેન્જર ટ્રાફિકને જ નહીં પરંતુ ભવિષ્યમાં મોટા એરક્રાફ્ટને સમાવવા માટેની ઓપરેશનલ કાર્યક્ષમતામાં પણ સુધારો કરે છે. જેનાથી આંતરરાષ્ટ્રીય કેરિયર્સ માટે અમદાવાદને નિયમિત પેસેન્જર ફ્લાઈટ્સ સાથે ટેક્નિકલ હૉલ્ટ્સ માટે દરવાજા ખોલે છે. એસવીપીઆઈએ એરપોર્ટે આદિસ અબાબા સાથે જોડતી ઈથોપિયન એરલાઈન્સ સંચાલિત નવી બે-સાપ્તાહિક ડાયરેક્ટ કાર્ગો ફ્લાઈટનું પણ સ્વાગત કર્યુ છે. સરદાર વલ્લભભાઈ પટેલ ઈન્ટરનેશનલ એરપોર્ટ પશ્ચિમ ભારતના અગ્રણી ઉડ્ડયન હબ બનવાના લક્ષ્ય સાથે સતત વિકાસ અને અપગ્રેડેશન માટે પ્રતિબદ્ધ છે.

# ગોધરામાં નકલી લગ્ન નોંધણી કૌભાંડનો પર્દાફાશ

**(એજન્સી)ગોધરા,**
ગુજરાત રાજ્યના ગોધરામાં નકલી લગ્ન નોંધણી કૌભાંડનો પર્દાફાશ થયો છે. જેમાં ગોધરાના ભદ્રાલા ગામના એક તલાટી કમ મંત્રીએ ફક્ત એક મહિનામાં જ ૧૦૦ નકલી લગ્ન નોંધાવ્યા હોવાની માહિતી પ્રાપ્ત થઈ છે.

તપાસમાં જાણવા મળ્યું છે કે છેલ્લા છ મહિનામાં, તલાટીઓએ ૫૫૦ નકલી લગ્ન નોંધ્યા છે અને આ યુનિયનો માટે પ્રમાણપત્રો આપ્યા છે. આ કૌભાંડ ગોધરા પૂરતું મર્યાદિત નથી અને અધિકારીઓએ જણાવ્યું હતું કે ઉત્તર પ્રદેશ, કેરળ, મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ અને રાજસ્થાનના ભાગેડુ યુગલો પણ તલાટી મારફત નકલી લગ્ન પ્રમાણપત્રો મેળવવામાં સામેલ હતા.

"રાજ્યમાં આવા કેસોમાં સતત વધારો લગ્નની નોંધણીની કાયદેસરતા અંગે ગંભીર ચિંતા પેદા કરે છે. તલાટી માત્ર ગોધરામાં લગ્નની નોંધણી કરાવવામાં જ સામેલ નહોતા પરંતુ ગુજરાત બહારના ભાગેડુ યુગલોને પણ સંભાળતા હતા," સૂત્રોએ ઉમેર્યું. ભદ્રાલા ગામના તલાટીને સસ્પેન્ડ કરી દેવાયા છે અને આ રેકેટમાં વધુ લોકોની સંડોવણી અંગે તપાસ કરવામાં આવી રહી છે. અધિકારીઓ કપલના નકલી લગ્ન પ્રમાણપત્રો મેળવવા પાછળના કારણોની પણ તપાસ કરી રહ્યા છે

## પત્ની પરત ન આવતા પતિ અને સાસરિયાઓએ કર્યું અપહરણ

**(એજન્સી)ધાનેરા,**
ધાનેરાના રાજેડા ગામનો વીડિયો વાયરલ થયો છે. જેમાં પતિ અને સાસરીયાઓ દ્વારા પરિણીતાનું મંદિરમાંથી અપહરણ કરવામાં આવ્યું છે. આ આખી ઘટના સીસીટીવીમાં કેદ થઈ ગઈ છે. પરિણીતાના પિતાએ તેના જમાઈ સહિત સાત લોકો સામે પોલીસને દીકરીના અપહરણની અરજી કરી છે. આ અંગે મળતી માહિતી પ્રમાણે, ધાનેરાના રાજેડા ગામના એક મંદિરમાંથી પતિ અને સાસરિયાઓએ પરિણીતાનું બળજબરીપૂર્વક અપહરણ કરી લીધું છે. પ્રાથમિક માહિતી પ્રમાણે, પરિણીતાને પતિ પસંદ ન હતો જેના કારણે તે સાસરીમાં જતી ન હતી. યુવતી હાલ તેના પિતાના ઘરે જ રહેતી હતી.

# ભાજપના ધારાસભ્યોએ અધિકારી રાજ સામે વિરોધના સૂર છેડ્યાં

**(એજન્સી)ગાંધીનગર,**
એક તરફ, ઈફકોની ચૂંટણી બાદ સહકારી સંસ્થાઓના ભાજપના નેતા-આગેવાનોએ ભાજપ સામે અસહકાર આંદોલનના મારફતે મોરચો માંડ્યો છે જયારે બીજી તરફ, ચૂંટણી પૂરી થતાં ભાજપના જ ધારાસભ્યોએ સરકારી સિસ્ટમ સામે અવાજ ઉઠાવ્યો છે.

ભાજપના જ ધારાસભ્યોનું અધિકારીઓ સાંભળતાં નથી તો આમ જમનતાનું તો કોણ સાંભળતુ હશે? સાથે સાથે ભાજપના જ ધારાસભ્ય ભાજપના શાસનમાં થતા ભ્રષ્ટાચારને ઉજાગર કરી રહ્યા છે. આમ, એક પછી એક ભાજપના ધારાસભ્યો ના લેટર બોમ્બના કારણે પ્રદેશ નેતાગીરી-સરકાર ચિંતિત બની છે.

લોકસભાની ચૂંટણી પુરી થતાં જ ભાજપના ધારાસભ્યોએ સરકારી સિસ્ટમ અને અધિકારીરાજ સામે વિરોધના સૂર છેડ્યાં છે. જેમકે, ભાજપના ધારાસભ્ય કુમાર કાનાણીએ પત્ર લખી સુરત કલેક્ટર કચેરીમાં આવક-જાતિના દાખલાને લઈને નારાજગી વ્યક્ત કરી હતી. તેમણે આક્ષેપ કર્યોકે, ધો.૧૨ના પરિણામ બાદ દાખલા માટે વિદ્યાર્થીઓની લાંબી લાઈનો લાગી છે ત્યારે એજન્ટો મનફાવે તેમ નાણાં પડાવી રહ્યા છે. આમ, સરકારી કચેરીઓમાં એજન્ટોએ અડિંગા જમાવ્યા છે એ વાત ભાજપના જ ધારાસભ્યએ પુરવાર કરી છે.

આ તરફ, જૂનાગઢના ધારાસભ્ય સંજય કોરડિયાએ મુખ્યમંત્રીને પત્ર લખીને નરસિંહ મહેતા તળાવની કામગીરી ગોકળગાય ગતિએ ચાલી રહી છે તેવો આક્ષેપ કર્યો છે. સાથે સાથે તળાવના બ્યુટિફિકેશનને લઈને સવાલો ઉભા કર્યા છે. આ ઉપરાંત સંજય કોરડિયાએ મ્યુનિસિપલ કોર્પોરેશનના અધિકારી અને કોન્ટ્રાકટરની બેદરકારીને લઈને પણ આક્ષેપ કર્યા છે. એ વાતનો પણ ઉલ્લેખ કર્યો છેકે, અધિકારીઓ તો પોતાને બધાની ઉપર સમજે છે. મહુધાના ધારાસભ્ય સંજય મહિડાએ પણ પત્ર લખીને તાલુકા વિકાસ અધિકારી મનસ્વીપણે ખરીદી કરી રહ્યા છે. પ્રાથમિક શાળામાં વોટરકુલર-આરઓ પ્લાન્ટ હલકી ગુણવત્તાના ફાળવાયા છે.

## ધોળીધજા ડેમ નર્મદાના પાણીથી ભરાયો

**(એજન્સી)સુરેન્દ્રનગર,**
સુરેન્દ્રનગરનું ધોળીધજા ડેમ નર્મદાના પાણીથી આખો ભરાયેલો છે. ડેમમાંથી પાણી ઓવરફ્લો થઈને ભોગાવો નદીમાં વહી રહ્યુ છે. ડેમ નજીક રસ્તા પરથી પસાર ન થવા તંત્રએ ચેતાવણી આપી છે.

સુરેન્દ્રનગરનું ધોળીધજા ડેમ નર્મદાના પાણીથી આખો ભરાયેલો છે. ડેમમાંથી પાણી ઓવરફ્લો થઈને ભોગાવો નદીમાં વહી રહ્યુ છે. ડેમ નજીક રસ્તા પરથી પસાર ન થવા તંત્રએ ચેતાવણી આપી છે. પરંતુ ચેતવણીને અવગણીને લોકો જીવના જોખમે ધોળીધજા ડેમ પરથી પસાર થઈ રહ્યા છે. ધોળીધજા ડેમ નજીક પાણી ભરેલા રસ્તા પર બાઈકચાલક જોખમી રીતે પસાર થઈ રહ્યા છે.પોતાના જીવની પરવા કર્યા વગર જોખમી રીતે બાઈક હંકારીને લોકો શોર્ટકટ લઈ રહ્યા છે.

# અમરેલી : શિકારની પાછળ દોડતાં સિંહનું કૂવામાં ખાબકતા મોત

**(એજન્સી)અમરેલી,**
એશિયાટિક સિંહ ગુજરાત અને ગીરની શાન છે. અવાર નવાર તેઓ ગીર સહિતના આસપાસના વિસ્તારોમાં જોવા મળતા હોય છે. અમરેલી જિલ્લામાં પણ સિંહો મોટી સંખ્યામાં વસવાટ કરે છે. અમરેલી જિલ્લામાં ૨૪ કલાકમાં વધુ એક સિંહના મોતની ઘટના સામે આવી છે. બગસરાના રફાળા અને મુંજીયાસરની સીમ વિસ્તારમાં સિંહ શિકાર કરવા દોડતા કુવામાં ખાબકતા મોત થયું હતું.

વનવિભાગ દ્વારા મૃતક સિંહને કુવામાંથી બહાર કાઢવામાં આવ્યો હતો. વનવિભાગ દ્વારા સિંહના મૃતદેહ કબ્જે લઈ પીએમ માટે ખસેડાયો હતો. ગઈકાલે પીપાવાવ પોર્ટમાંથી ૧ સિંહનો મૃતદેહ મળ્યો હતો. આજે વધુ એક ઘટના ૨૪ કલાકમાં બે સિંહોના મોત થયા હતા.

સામાન્ય રીતે પાંચ, છ સિંહ એક સાથે આવ્યાની ઘટના અનેક વખત સામે આવી છે. પરંતુ બે દિવસ પહેલા ધારી તાલુકાનાં છતડિય રોડ પર એક સાથે ૧૪ સિંહ જોવા મળ્યાં હતાં. એક સાથે આટલી સંખ્યામાં સિંહ સાથે જોવા મળ્યાં હોય તેવી આ વિરલ ઘટના કહી શકાય તેમ છે. અમરેલી, જૂનાગઢ અને ગીર સોમનાથ જિલ્લાનાં ગામડામાં સુધી સિંહ પહોંચી ગયા છે. સિંહનો વીડિયો સોશિયલ મીડિયા ઉપર વાયરલ થતા હોય છે. ત્યારે વધુ એક સિંહનો વીડિયો સામે આવ્યો છે. અમરેલી જિલ્લાના ધારી પાસેના છતડિયા રોડ પર એક સાથે ૧૪ સિંહ જોવા મળ્યાં હતાં.

## ખાણ માફિયાઓ હવે સરકારી અધિકારીઓની રેકી કરવા લાગ્યા

**(એજન્સી)ભાવનગર,**
ભાવનગરમાં ખાણમાફિયાઓ એટલા બેફામ બન્યા છે કે હવે તે સરકારી અધિકારીઓની રેકી કરવા સુધી ઉતરી આવ્યા છે. તેઓ સરકારી અધિકારીઓની રેકી કરીને તેના અંગેની સંવેદનશીલ માહિતી મેળવવા લાગ્યા છે. સરકારી અધિકારીઓનું લોકેશન વાહનોના નંબર, વાહનો ક્યાં, કયા રસ્તે, કયા સ્તળે જાય છે તેની વિગતો ભૂમાફિયાઓ સાથે શેર કરે છે. આમ તેઓએ ટેકનોલોજીના સથવારે તેમનું અનોખું ખબરી નેટવર્ક વિકસાવ્યું છે.

ભાવનગર કલેક્ટર કચેરીના કમ્પાઉન્ડમાં સિક્યોરિટી ગાર્ડ સાથે ત્રણ શખ્સોને શકમંદ સ્થિતિમાં જોઈ ઈન્ચાર્જ ભૂસ્તરશાસ્ત્રી બી.એમ. જાલોંધરા જમવા નીચે ઉતર્યા હતા. તેમણે આ ત્રણેયને બોલાવીને તેમના નામ સરનામા પૂછતા તે ભાગવા લાગ્યા હતા. યુવરાજસિંહ ગુલાબસિંહ વાઢેર નામનો એક શખ્સ હાથમાં આવી જતાં તેની પાસેથી આઈફોન મળી આવ્યો હતો. તેને પકડીને પૂછપરછ કરતાં કરતાં આખા કૌભાંડનો પર્દાફાશ થયો હતો. જ્યારે ભાગી ગયેલા બે જણા તેનો ભાઈ ક્રિપાલસિંહ વાઢેર અને બીજો નાનુ મલિક ઉર્ફે બાપા સીતારામ હોવાનું જાણવા મળ્યું હતું. આ શખ્સો પાસેથી જપ્ત કરાયેલા ફોનના નોટિફિકેશન જોતાં ધ ગ્રુપ ઓફ મામા સરકાર, કિસ્મત, જય માં ખોડિયાર, આરટીઓ લોકેશન, જય મોગલ માના નામના આ ગ્રુપોમાં સરકારી અધિકારીઓની માહિતીની આપલે થતી હોવાનું જણાયું હતું. તેના પછી ખાનગી રાહે તપાસ કરવામાં આવતા ભોજપરા ગામે રહેતો કુલદીપસિંહ મહાવીરસિંહ ગોહિલ નામનો શખ્સ વોટ્સએપમાં અલગ-અલગ ગ્રુપ બનાવી તેના સાળા યુવરાજસિંહ વાઢેર, ક્રિપાલસિંહ વાઢેર નાનુ માલિક ઉર્ફે બાપા સીતારામ નાનુ સરકારી અધિકારીઓ પર બાજનજર રાખતા હતા.

## કચ્છમાં મીઠાની જમીન મામલે ગોળીબાર થયો

**(એજન્સી)ભૂજ,**
કચ્છના રણમાં મીઠું પકવવાની જમીન કબજે લેવા બાબતે થયેલા ગોળીબાર તથા હિંસક હુમલામાં એકનું મોત નિપજ્યું છે જ્યારે ત્રણ વ્યક્તિ લોહીલુહાણ થઈ હતી. પાંચ ગાડીઓ ભરીને આવેલા એક જૂથે બીજા જૂથ પર ધડાધડ ફાયરિંગ કર્યુ હતું. જેમાં એક વ્યક્તિને માથામાં ગોળી વાગતા ઘટનાસ્થળે જ ઢળી પડ્યો. ગોળી માર્યા બાદ હોસ્પિટલમાં લઈ જવાતા ઈજાગ્રસ્તને ગાડીથી કચડવાનો પણ પ્રયાસ કરાયો હતો. પોલીસે ૧૭ જેટલા આરોપી સામે હત્યા સહિતના ગુનાની ફરિયાદ નોંધી તમામને પકડી લેવા કવાયત હાથ ધરી છે. શિકારપુર નજીક રણમાં જ્યાં ઘુડખર અભ્યારણ વિસ્તારમાં આવેલા છે, તે વિસ્તારમાં મીઠાના જૂના કારખાના પર કબજો જમાવવા બાબતે હિંસક ધીંગાણામાં ત્રણ લોકો પર આરોપીઓએ બોલેરો ગાડી ચડાવી હત્યા નિપજાવવાનો પ્રયાસ કર્યો હતો.

# અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં ભૂ-માફીયોનો દબદબો

**(પ્રતિનિધિ) અમદાવાદ,**
અમદાવાદ શહેરમાં ગેરકાયદેસર ભૂ માફિયાઓનું વર્ચસ્વ વધી રહ્યું છે તે બાબત ઈમપેક્ટ કાયદા અંતર્ગત ઈનવર્ડ થયેલ અરજીઓની સંખ્યા પરથી સાબિત થઈ રહી છે. ૨૦૧૨ થી ૨૦૧૮ દરમ્યાન એટલે કે ૬ વર્ષ સુધી ઈમપેક્ટ કાયદાનો અમલ થયો હતો તેમ છતાં માત્ર ૪૩ હજાર અરજીઓ જ ઈનવર્ડ થઈ હતી. જયારે ૨૦૨૨માં ત્રીજી વખત જાહેર કરવામાં ઈમપેક્ટ કાયદામાં માત્ર દોઢ વર્ષમાં જ ૫૩ હજાર અરજી તંત્રને મળી છે ઉલ્લેખનીય બાબત એ છે કે આ પૈકી મોટા ભાગની અરજીઓ લગભગ છેલ્લા ૬ મહિના માં જ ઈનવર્ડ થઈ છે જેના કારણે ભૂ માફિયા અને એસ્ટેટ અધિકારીઓ વચ્ચે કઈંક રંધાતુ હોવાની શંકા પ્રબળ બની છે.

| ગુડા-૨૦૨૨ અંતર્ગત (અ.મ્યુ.કો.) | | |
|---|---|---|
| ઝોન | આવેલ કેસોની સંખ્યા | નિકાલ થયેલ કેસોની સંખ્યા |
| NWZ | 6557 | 5352 |
| SWZ | 8745 | 5519 |
| WZ | 9312 | 5169 |
| CZ | 3902 | 1062 |
| NZ | 5744 | 4717 |
| EZ | 8805 | 5356 |
| SZ | 10110 | 4701 |
| **Total** | **53175** | **31876** |
| ઉપરોક્ત મુજબ ઈમ્પેક્ટ ફી અન્વયે અ.મ્યુ.કો. ને રૂ|. 120.29 Cr. આવક થયેલ છે. | | |

રાજય સરકાર દ્વારા ગેરકાયદેસર બાંધકામોને કાયદેસર કરવા માટે ગુડા એકટ અંતર્ગત ઈમ્પેક્ટ ફી નો અમલ કરવામાં આવી રહ્યો છે. સદર કાયદામાં છેલ્લા દોઢ વર્ષ દરમ્યાન શહેરમાં ગેરકાયદેસર બાંધકામોને કાયદેસર કરાવવા માટે ૫૩૧૭૫ જેટલી અરજીઓ આવી છે, જેમાંથી ૩૧૮૭૬ અરજીઓ મંજૂર કરવામાં આવી છે. ઝોન મુજબ જોવામાં આવે તો દક્ષિણ ઝોનમાં સૌથી વધુ૧૦૧૧૦ અરજી મળી છે. આ ઝોન ગેરકાયદેસર બાંધકામ નું હબ બની ગયું છે. જયારે અનઅધિકૃત બાંધકામ નું એ.પી.સેન્ટર માનવામાં આવતા મધ્યઝોન માં ૫૭૪૪ અરજી આવી છે. જેના જમાલપુર, ખાડિયા, શાહપુર દરિયાપુર વિસ્તારમાંથી ૩૯૦૨ મળી છે. મધ્યઝોમાં ૪૭૧૭ અરજી મંજુર પણ થઈ ગઈ છે જે બાબત પણ ચર્ચાનો વિષય બની છે.

**ઇમ્પેક્ટ કાયદા અંતર્ગત દોઢ વર્ષમાં ૫૩ હજાર અરજી આવી : ભૂતકાળમાં ૬ વર્ષમાં ૪૩ હજાર અરજી મળી હતી**

# મુખ્યમંત્રીની મુલાકાતે મુંબઈ સ્થિત જર્મન કોન્સ્યુલ જનરલ અચિમ ફેબિગ

**(એજન્સી)ગાંધીનગર,**
મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલની સૌજન્ય મુલાકાત જર્મનીના મુંબઈ સ્થિત કોન્સ્યુલ જનરલ શ્રીયુત અચિમ ફેબિગે ગાંધીનગરમાં લીધી હતી. મુખ્યમંત્રી સાથેની આ મુલાકાત દરમિયાન તેમણે વાઈબ્રન્ટ ગ્લોબલ સમિટ-૨૦૨૪માં જર્મની પાર્ટનર કન્ટ્રી રહ્યું હતું, તેનો ઉલ્લેખ કરી સમિટની સફળતા માટે અભિનંદન પાઠવ્યા હતા. એટલું જ નહીં, આ સમિટમાં સસ્ટેઈનેબલ ગ્લોબલ સપ્લાય ચેઈન-ઈન્ડો જર્મન પરસ્પેક્ટિવ અંગે કન્ટ્રી સેમિનારનું આયોજન કરવામાં આવેલું તેની પણ યાદ તાજી કરી હતી.

જર્મન કોન્સ્યુલ જનરલ સાથેની વાતચીતમાં મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલે ગુજરાતમાં ઉદ્યોગો સ્થાપવા ઈચ્છુક જર્મન ઉદ્યોગકારોને રાજ્ય સરકારના સહયોગની નેમ દર્શાવી હતી. ગુજરાતમાં જર્મનીની પ્રતિષ્ઠિત કંપનીઝ કાર્યરત છે તે ઉપરાંત ગિફ્ટસિટીમાં ડોઈશ બેક્ક પણ શરૂ થઈ છે, તેમને ગુજરાતમાં કામ કરવાનું સાનુકૂળ વાતાવરણ મળ્યું છે, એમ પણ મુખ્યમંત્રીએ ઉમેર્યું હતું. ગિફ્ટ્સિટીમાં જર્મનીના હાયર એજ્યુકેશન ઈન્સ્ટીટ્યુટ્સ શરૂ થઈ શકે તે દિશામાં પણ મુખ્યમંત્રીશ્રીએ જર્મન કોન્સ્યુલ જનરલ સાથે ચર્ચા કરી હતી.

તેમણે ગુજરાતમાં ટેકનિકલ અને વોકેશનલ એજ્યુકેશન તથા ટ્રેનીંગ ઈન્સ્ટીટ્યુટમાં વૈશ્વિક સ્તરની તાલીમની ગુણવત્તા માટે રાજ્ય સરકારના લેબર એન્ડ એમ્પ્લોયમેન્ટ ડિપાર્ટ્મેન્ટ અને જર્મનીની કંપની વચ્ચે થયેલા એમ.ઓ.યુ. વિશે પણ વાતચીત કરી હતી અને તેના પરિણામે સ્કિલ્ડ વર્ક ફોર્સનો લાભ મળતો થયો છે તેમ પણ ઉમેર્યું હતું.

જર્મન કોન્સ્યુલ જનરલ શ્રીયુત અચિમ ફેબિગે ગુજરાત સાથે રિન્યુએબલ એનર્જી, એન્જિનિયરિંગ, ઓટોમોબાઈલ તેમ જ ટુરિઝમ, સ્કીલ ડેવલપમેન્ટ જેવા સેક્ટર્સમાં સહયોગ માટેની ઉત્સુકતા દર્શાવી હતી. આ સંદર્ભમાં તેમણે એમ પણ કહ્યું કે, જી-૨૦ સમિટમાં છેં, હેલ્થ અને ફાર્મા સેક્ટર અંગે પરિણામદાયી ચર્ચા-વિમર્શ થયા બાદ હવે તેઓ રિન્યુએબલ એનર્જી સહિતના ઊભરતા સેક્ટર્સમાં આગળ વધવા ઈચ્છુક છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગુજરાત સાથે જર્મનીના અગ્રણી રાજ્યોના સિસ્ટર સ્ટેટ એગ્રીમેન્ટની સંભાવનાઓ ચકાસવા અને તે દિશામાં વિચાર પરામર્શ માટે જર્મનીના ડેલિગેશનને ગુજરાત મોકલવા આમંત્રણ આપ્યું હતું. મુખ્યમંત્રીએ જર્મન કોન્સ્યુલ જનરલને કચ્છી હસ્તકલા કારીગરીની કૃતિ સ્મૃતિ રૂપે ભેટ આપી હતી. ઉદ્યોગ વિભાગના અધિક મુખ્ય સચિવ એસ.જે.હૈદર, મુખ્યમંત્રીનાં સચિવ શ્રીમતી અવંતિકા સિંઘ તથા ઈન્ડેક્સ-બીના એમ.ડી. ગૌરાંગ મકવાણા આ સૌજન્ય મુલાકાતમાં જોડાયા હતા.

## ગુજરાત ન્યુઝ અપડેટ્સ

## સુરતમાં મહિલા પોલીસકર્મી એક યુવતી માટે દેવદૂત બની

**(એજન્સી)સુરત,**
સુરતમાં મહિલા પોલીસકર્મી એક યુવતી માટે દેવદૂત બની હતી. સુરતના ચોકબજારમાં અચાનક બેભાન થઈ ગયેલી યુવતીને સીપીઆર આપી તેનો જીવ બચાવ્યો હતો. ઉલ્લેખનીય છે કે સમયસર સારવાર મળી જતા આ યુવતીનો જીવ બચાવવામાં સફળતા મળી હતી. મહિલા પોલીસે ૨૨ વર્ષીય યુવતીને નવજીવન આપ્યું હતું. બેભાન થઈ ગયેલી યુવતીને પોલીસકર્મીએ સીપીઆર આપ્યું હતું. ચોક બજાર વિસ્તારમાં યુવતી રોડ પર બેભાન થઈ હતી. ૨૨ વર્ષીય યુવતી થોડી હોશમાં આવતા પોલીસે હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી. મહિલાપોલીસકર્મીના પ્રયાસથી યુવતીનો જીવ બચાવવામાં સફળતા મળતા સ્થાનિક લોકોએ પોલીસકર્મીને બિરદાવી હતી. ઉલ્લેખનીય છે કે આ ઘટનામાં પોલીસ પ્રજાનો મિત્ર હોવાનુ સુત્ર સાર્થક થયું છે.

## રાજ્યમાં ફરી આરટીઓનું સર્વર ખોટકાતા વાહનચાલકોની સમસ્યામાં વધારો થયો

**(એજન્સી)અમદાવાદ,**
રાજયમાં ફરી એક વાર આરટીઓનું સર્વર ખોટકાતા વાહનચાલકોની સમસ્યામાં વધારો થયો છે. આરટીઓનું સારથિ સર્વર મેન્ટેનન્સના કારણે બંધ રાખવામાં આવ્યુ છે. જેના પગલે આગામી ૨-૩ દિવસ સુધી વાહનચાલકો ડ્રાઈવિંગ ટેસ્ટ આપી શકશે નહીં. સર્વરની કામગીરી ચાલુ થયા બાદ ડ્રાઈવિંગ ટેસ્ટ માટે ફરી બોલાવાશે.પ્રાપ્ત થતી વિગત અનુસાર ગુજરાતની સાથે દેશભરમાં સારથિનું સર્વર બંધ કરાયુ છે. જો કે માર્ચ મહિનામાં પણ સારથિ સર્વર બંધ રહ્યું હતુ. માર્ચ મહિનામાં ડ્રાઈવિંગ ટ્રેક આશરે ૨૦ દિવસ બંધ રહ્યો હતો. સારથિ સર્વર બંધ થતા ડ્રાઈવિંગનો ટેસ્ટ આપતા લોકોને તો હાલાકી પડશે. પરંતુ આ સાથે લાયસન્સ રિન્યુ કરનાર અને લર્નિંગ લાયસન્સ માટે આવનાર લોકોને પણ સમસ્યાનો સામનો કરવો પડશે.

## બેફામ કારચાલકે રસ્તો ક્રોસ કરતાં માતા-પુત્રને કચડ્યા

**(એજન્સી)રાજકોટ,**
રાજકોટમાં નબીરા બેફામ થઈ ગયા છે. આ જ રીતે બેફામ કાર ચલાવતા નબીરાની કારની રફતારે બેનો જીવ લીધો હતો. મેટોડા જીઆઈડીસી વિસ્તારમાં સતત હિટ એન્ડ રનની ઘટના બની હતી. બેફામ કાર ચલાવનારે રસ્તો ક્રોસ કરતાં ત્રણ લોકોને અડફેટે લીધા હતા. અકસ્માતમાં એક બાળકનું ઘટનાસ્થળે મૃત્યુ થયું હતું. જ્યારે માતાનું સારવાર દરમિયાન મોત થયું હતું. કારચાલક અકસ્માત કરી ફરાર થઈ ગયો હતો. મેટોડા પોલીસે ઘટનાસ્થળે પહોંચી તપાસ હાથ ધરી છે. પોલીસે કારના નંબરના આધારે કાર ચલાવનારની શોધખોળ આદરી છે. ક્રિમિનલ કાયદામાં ફેરફારને લઈને પ્રસ્તાવિત ઈન્ડિયન જસ્ટિસ કોડ ૨૦૨૩માં જો કોઈ વ્યક્તિની બેદરકારીને કારણે કોઈ વ્યક્તિનું મૃત્યુ થઈ જાય તો આરોપીને મુક્ત થવું આસાન નહીં હોય. આઈપીસીની કલમ ૧૦૪ હેઠળ બેદરકારીથી મૃત્યુનું કારણ બને છે અથવા ઉતાવળ અથવા બેદરકારીભર્યા કૃત્ય દ્વારા મૃત્યુનું કારણ બને છે તે ગુનામાં બે વર્ષ સુધીની મુદતની કેદની સજા અથવા દંડ અથવા બંને સાથે સજા થઈ શકે છે.